# સય્યિદુલ બશર

## નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જીવન વિશે ટૂંકી અને મહત્વની આધારભૂત જાણકારી




મુળ અરબી લેખક:

અલ્લામહ ઈમામ મુહિબ્બુદ્દીન અહમદ તબરી રહ.

ઉર્દૂ અનુવાદ:

ફકીહુલ ઉમ્મત હઝરત અકદસ મવલાના મુફતી મહમૂદ હસન ગંગોહી રહ.

ગુજરાતી અનુવાદ:

હઝરત અકદસ મવલાના


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.

# સય્યિદુલ બશર

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જીવન વિશે
ટુંકી અને મહત્વની આધારભૂત જાણકારી


મુળ અરબી લેખકઃ

અલ્લામહ ઈમામ મુહિબ્બુદ્દીન અહમદ તબરી રહ.

ઉર્દૂ અનુવાદ :

ફકીહુલ ઉમ્મત હઝરત અકદસ
મવલાના મુફ્તી મહમૂદ હસન ગંગોહી રહ.

ગુજરાતી અનુવાદઃ
હઝરત અકદસ મવલાના
મુફ્તી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.



પ્રકાશક :

જામિઅહ ઉલૂમુલ કુરઆન, જંબુસર



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

• કિતાબનું નામ : સચ્ચિદુલ બશર
• મુળ અરબી લેખક : અલ્લામહ ઈમામ અબૂલ અબ્બાસ
મુહિબ્બુદીન અહમદ તબરી રહ.
• ઉર્દૂ અનુવાદ : ફકીહુલ ઉમ્મત હઝરત અકદસ
મવલાના મુફતી મહમૂદ હસન ગંગોહી રહ.
• ગુજરાતી અનુવાદ : હઝરત અકદસ મવલાના
મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.
• પ્રકાશન વર્ષ : મે. – ૨૦૧૫. બીજી આવૃતિ.
• પ્રત : ૧૦૦૦

પ્રકાશક :
મુફતી અહમદ દેવલ્વી.
મોહતમિમ જામિઅહ ઉલૂમુલ કુરઆન, જંબુસર
બાયપાસ રોડ. મુ.પો. જંબુસર.
તા. જંબુસર. જિ.ભરૂચ. ગુજરાત ૩૯૨૧૫૦.
ફોન : ૦૨૬૪૪ ૨૨૦૭૮૬
jamiahjambusar@gmail.com

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# અનુક્રમણિકા



| | | |
|---|---|---|
| ૧ | પ્રકાશકીય | ૯ |
| ૨ | પ્રસ્તાવના | ૧૪ |
| ૩ | પ્રકરણ - ૧ | |
| ૪ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની વંશવાળી. | ૧૫ |
| ૫ | હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનાં વાલિદહની વંશવાળી. | ૧૬ |
| ૬ | પ્રકરણ - ૨ | |
| ૭ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો જન્મ. | ૧૭ |
| ૮ | પ્રકરણ - 3 | |
| ૯ | આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિશે અમુક જાણકારી. | ૧૮ |
| ૧૦ | • હલીમા સઅદિયહનો કિસ્સો. | ૧૮ |
| ૧૧ | • છાતી ચીરવાની ઘટના. | ૧૯ |
| ૧૨ | • બીજા દૂધ'માં' . | ૨૦ |
| ૧૩ | • વાલિદ સાહેબની વફાત. | ૨૧ |
| ૧૪ | • વાલિહદ મોહતરમહ અને દાદાની વફાત | ૨૧ |
| ૧૫ | • શામનો પહેલો પ્રવાસ. | ૨૨ |
| ૧૬ | • વેપાર અર્થે શામનો બીજો પ્રવાસ. | ૨૨ |
| ૧૭ | • આ સફરની અમુક નોંધપાત્ર બરકતો. | ૨૩ |
| ૧૮ | • ખદીજા દ્વારા શાદીનું માંગુ (મંગણી). | ૨૩ |
| ૧૯ | • નિકાહનો ખુત્બો અને નિકાહ. | ૨૩ |





Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | | |
|---|---|---|
| ૨૦ | ● અબુ તાલિબે આ વેળા નીચે પ્રમાણે ખુત્બો આપ્યો. | ૨૪ |
| ૨૧ | ● નિકાહ સમયે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને હઝરત ખદીજા (રદી.)ની ઉમર. | ૨૪ |
| ૨૨ | ● હઝરત ખદીજા (રદી.)ના અમુક ગુણો અને અમુક ખુશખબરીઓ. | ૨૫ |
| ૨૩ | ● કાબા શરીફના નવનિર્માણમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો સહયોગ. | ૨૫ |
| ૨૪ | ● નુબુવ્વત અને પ્રથમ વહી. | ૨૬ |
| ૨૫ | ● વરકહથી વાચચીત. | ૨૭ |
| ૨૬ | ● વહીનું બંધ થવું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ચિંતા. | ૨૭ |
| ૨૭ | ● ઝાડ–પથ્થરોનું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સલામ કરવું. | ૨૮ |
| ૨૮ | ● સમાજ તરફથી બહિષ્કાર. | ૨૮ |
| ૨૯ | ● કાકા અબૂ તાલિબ અને હઝરત ખદીજા રદી.ની વફાત. | ૨૮ |
| ૩૦ | ● જિન્નાતોની હાજરી અને ઈસ્લામ. | ૨૯ |
| ૩૧ | ● મેઅરાજ. | ૨૯ |
| ૩૨ | ● હિજરતની તારીખ. | ૨૯ |
| ૩૩ | ● મક્કા મુકર્રમહમાં ઈસ્લામનું આહવાન, આમંત્રણ અને પ્રચાર–પ્રસાર. | ૨૯ |
| ૩૪ | ● બયતુલ મુકદ્દસ પ્રતિ નમાઝ . | ૩૦ |
| ૩૫ | ● હિજરતની સફરની અમુક વિગતો અને સહપ્રવાસીઓ. | ૩૦ |




Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | | |
|---|---|---|
| ૩૬ | ● સુરાકહ બિન માલિકના ઘોડાનું જમીનમાં ધસી જવું | ૩૧ |
| ૩૭ | ● ઉમ્મે મઅબદના તંબુમાં રોકાણ અને ત્યારની બરકતો. | ૩૨ |
| ૩૮ | ● અદશ્ય પોકારનારના શે'ર. | ૩૩ |
| ૩૯ | ● ષોર ગુફામાં ખુદાના સંગાથનો મોઅઝિજહ – ચમત્કાર. | ૩૪ |
| ૪૦ | ● મદીનામાં પધરામણી. | ૩૪ |
| ૪૧ | પ્રકરણ - ૪ | |
| ૪૨ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની લડાઈઓ. | ૩૫ |
| ૪૩ | પ્રકરણ - ૫ | |
| ૪૪ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હજ અને ઉમરહનું વર્ણન. | ૩૮ |
| ૪૫ | આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કેટલા હજ કર્યા ? | ૩૮ |
| ૪૬ | હજનું ફર્જ થવું અને નાયબ અમીરે હજ. | ૩૮ |
| ૪૭ | હજ્જતુલ વદાઅ – વિદાયની હજ. | ૩૮ |
| ૪૮ | હજ્જતુલ વદાઅ (વિદાયની હજ) બાબત હઝરત જાબિર (રદી.) ની રિવાયત : | ૩૯ |
| ૪૯ | આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉમરહ. | ૪૨ |
| ૫૦ | પ્રકરણ - ૬ | |
| ૫૧ | આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મુબારક નામો. | ૪૪ |
| ૫૨ | પ્રકરણ - ૭ | |
| ૫૩ | આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ગુણો વગેરે. | ૪૬ |




Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | | |
|---|---|---|
| ૫૪ | **પ્રકરણ - ૮** | |
| ૫૫ | આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ગુણો અને સંસ્કારો | ૫૦ |
| ૫૬ | અમીન આસિમીની કાવ્યપંકિતઓનો અનુવાદ. | ૭૦ |
| ૫૭ | **પ્રકરણ - ૯** | |
| ૫૮ | આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મોઅજિઝાઓ. | ૭૨ |
| ૫૯ | **પ્રકરણ - ૧૦** | |
| ૬૦ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પવિત્ર બીવીઓનું વર્ણન. | ૮૯ |
| ૬૧ | ૧, હઝરત ખદીજા રદિ. | ૮૯ |
| ૬૨ | ૨, હઝરત સવદહ રદિ. | ૯૦ |
| ૬૩ | ૩, હઝરત આઈશહ રદિ. | ૯૧ |
| ૬૪ | ૪, હઝરત હફસહ રદિ. | ૯૧ |
| ૬૫ | ૫, હઝરત ઉમ્મે હબીબહ રદિ. | ૯૨ |
| ૬૬ | ૬, હઝરત ઉમ્મે સલ્મહ રદિ. | ૯૩ |
| ૬૭ | ૭, હઝરત ઝયનબ બિન્તે જહશ રદિ. | ૯૪ |
| ૬૮ | ૮. હઝરત જુવયરિયહ રદિ. | ૯૪ |
| ૬૯ | ૯, હઝરત સફિય્યહ. | ૯૫ |
| ૭૦ | ૧૦. હઝરત મયમૂનહ રદિ. | ૯૬ |
| ૭૧ | ૧૧. હઝરત ઝયનબ બિન્તે ખુઝયમહ રદિ. | ૯૬ |
| ૭૨ | ૧૨. ફાતિમહ બિન્તે ઝહાક રદિ. | ૯૭ |
| ૭૩ | આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અમુક બીજા નિકાહ. | ૯૭ |
| ૭૪ | નબવી મહેર. | ૯૯ |
| ૭૫ | **પ્રકરણ - ૧૧** | |




Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | | |
|---|---|---|
| ૭૬ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની અવલાદ. | ૧૦૦ |
| ૭૭ | પ્રકરણ - ૧૨ | |
| ૭૮ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બેટીઓના નિકાહનું વર્ણન. | ૧૦૨ |
| ૭૯ | ૧. હઝરત ઝયનબ રદિ. | ૧૦૨ |
| ૮૦ | ૨. હઝરત ફાતિમહ રદિ. | ૧૦૩ |
| ૮૧ | ૩. હઝરત રુકય્યા રદિ. | ૧૦૩ |
| ૮૨ | ૪. હઝરત ઉમ્મે કુલ્સૂમ રદિ. | ૧૦૬ |
| ૮૩ | પ્રકરણ - ૧૩ | |
| ૮૪ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાકા અને ફોઈઓ. | ૧૦૮ |
| ૮૫ | પ્રકરણ - ૧૪ | |
| ૮૬ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આઝાદ કરેલા ગુલામો અને બાંદીઓ. | ૧૧૨ |
| ૮૭ | પ્રકરણ - ૧૫ | |
| ૮૮ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખાદિમો. | ૧૧૬ |
| ૮૯ | પ્રકરણ - ૧૬ | |
| ૯૦ | લડાઈઓમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પેહરેદારો અને રક્ષકો. | ૧૧૭ |
| ૯૧ | પ્રકરણ - ૧૭ | |
| ૯૨ | આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સફીરો – એલચીઓ. | ૧૧૮ |
| ૯૩ | ૧. હઝરત અમ્ર બિન ઉમય્યહ ઝમ્રી. | ૧૧૮ |




Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | | |
|---|---|---|
| ૯૪ | ૨. હઝરત દિહયા બિન ખલીફા કલ્બી રદિ. | ૧૧૮ |
| ૯૫ | ૩. હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફર સહમી. રદિ. | ૧૧૮ |
| ૯૬ | ૪. હઝરત હાતિબ ઈબ્ને અબી બલ્તઅહ લખ્મી રદિ. | ૧૧૯ |
| ૯૭ | ૫. હઝરત અમ્ર બિન આસ રદિ. | ૧૧૯ |
| ૯૮ | ૬. હઝરત સલીત બિન અમ્ર આમિરી રદિ. | ૧૧૯ |
| ૯૯ | ૭. હઝરત શુજાઅ બિન વહબ અસદી રદિ. | ૧૨૦ |
| ૧૦૦ | ૮. હઝ. મુહાજિર બિન અબી ઉમય્યહ મખ્ઝૂમી રદિ. | ૧૨૦ |
| ૧૦૧ | ૯. હઝરત અલાઅ બિન હઝરમી રદિ. | ૧૨૦ |
| ૧૦૨ | ૧૦. હઝરત અબૂ મૂસા અશ્અરી રદિ. | ૧૨૦ |
| ૧૦૩ | ૧૧. મુઆઝ રદિ. | ૧૨૦ |
| ૧૦૪ | પ્રકરણ - ૧૮ | |
| ૧૦૫ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના લહિયાઓ | ૧૨૧ |
| ૧૦૬ | પ્રકરણ - ૧૯ | |
| ૧૦૭ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના રફીકો અને વિષેશ સંબંધીઓ. | ૧૨૧ |
| ૧૦૮ | પ્રકરણ - ૨૦ | |
| ૧૦૯ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઘોડાઓ. | ૧૨૨ |
| ૧૧૦ | પ્રકરણ - ૨૧ | |
| ૧૧૧ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જાનવરો. | ૧૨૫ |
| ૧૧૨ | ● ઊંટણીઓ. | ૧૨૫ |
| ૧૧૩ | ● બકરીઓ. | ૧૨૬ |
| ૧૧૪ | ● મરઘો. | ૧૨૬ |
| ૧૧૫ | પ્રકરણ - ૨૨ | |
| ૧૧૬ | આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હથિયારો. | ૧૨૭ |




Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | | |
|---|---|---|
| ૧૧૭ | ● લાકડી, લાઠી, અને છડી. | ૧૨૭ |
| ૧૧૮ | ● કમાન, તરકશ (ભાથું) અને ઢાલ. | ૧૨૭ |
| ૧૧૯ | ● તલવારો. | ૧૨૮ |
| ૧૨૦ | ● બખ્તર. | ૧૨૯ |
| ૧૨૧ | ● ટોપ (માથાનું બખ્તર) અને પટ્ટો. | ૧૨૯ |
| ૧૨૨ | ● ઝંડો. | ૧૨૯ |
| ૧૨૩ | **પ્રકરણ - ૨૩** | |
| ૧૨૪ | નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનાં કપડાંઓ અને ઘરેલુ સામાન. | ૧૩૦ |
| ૧૨૫ | ● લિબાસ અને કપડાં. | ૧૩૦ |
| ૧૨૬ | ● ભાથું, થેલો, બિસ્તર વગેરે. | ૧૩૦ |
| ૧૨૭ | ● પ્યાલાઓ. | ૧૩૦ |
| ૧૨૮ | ● અંગૂઠી. | ૧૩૧ |
| ૧૨૯ | ● મોજા. | ૧૩૧ |
| ૧૩૦ | ● ચાદર. | ૧૩૧ |
| ૧૩૧ | ● અમામહ – પાઘડી. | ૧૩૨ |
| ૧૩૨ | ● જુમ્અહનો વિશેષ લિબાસ. | ૧૩૨ |
| ૧૩૩ | ● રૂમાલ. | ૧૩૨ |
| ૧૩૪ | **પ્રકરણ - ૨૪** | |
| ૧૩૫ | હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત | ૧૩૩ |
| ૧૩૬ | હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉમર. | ૧૩૩ |
| ૧૩૭ | ● વફાતનો સમય . | ૧૩૩ |
| ૧૩૮ | ● દફનની રાત. | ૧૩૩ |




Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | | |
|---|---|---|
| ૧૩૯ | ● મૃત્યુની બીમારી. | ૧૩૩ |
| ૧૪૦ | ● છેલ્લો ખુત્બો. | ૧૩૪ |
| ૧૪૧ | ● જીવનની છેલ્લી ક્ષણો . | ૧૩૪ |
| ૧૪૨ | ● વફાત. | ૧૩૫ |
| ૧૪૩ | ● અત્યંત ગમગીની. | ૧૩૫ |
| ૧૪૪ | ● ગુસ્લ. | ૧૩૫ |
| ૧૪૫ | ● ગુસલ કેવી રીતે આપવામાં આવ્યું ? | ૧૩૬ |
| ૧૪૬ | ● ગુસલ આપનાર સહાબાએ કિરામ રદિ. | ૧૩૬ |
| ૧૪૭ | ● તકફીન (કફન પહેરાવવું). | ૧૩૬ |
| ૧૪૮ | ● જનાઝહની નમાઝ. | ૧૩૭ |
| ૧૪૯ | ● તદફીન (દફન ક્રિયા). | ૧૩૭ |
| ૧૫૦ | ● કબર શરીફ. | ૧૩૮ |
| ૧૫૧ | ● સાહિબૈન રદિ.નો સંગાથ. | ૧૩૮ |
| | | |



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકાશકીય

અલ્લાહ તઆલાએ એના સઘળા સર્જનોમાં માનવીને શ્રેષ્ઠતમ હોવાનું બહુમાન આપ્યું છે. શ્રેષ્ઠતાનું આ બહુમાન એટલા માટે છે કે ખુદા તઆલાએ એના સર્જન, માર્ગદર્શન અને જીવન માટે અન્ય દરેક મખ્લૂક કરતાં વધારે શ્રેષ્ઠ માધ્યમો અપનાવ્યા છે. પહેલાં જન્નતમાં એને વસાવવું, સ્વંય ખુદા તઆલા દ્વારા એની કેળવણી અને તાલીમ, ફરિશ્તાઓને એની સામે સજદો કરાવવો, વગેરે બાબતો એનો પુરાવો છે. દુનિયામાં ઉતાર્યા પછી દુન્યવી જીવનના માર્ગદર્શન માટે પણ શ્રેષ્ઠ પદ્ધતિ અપનાવી. સમયાંતરે અનેક નબીઓ મોકલીને નેકી, સદાચાર અને ઈબાદતની ઝિમ્મેદારી યાદ અપાવવા ઉપરાંત એ માટે રહનૂમાઈ ફરમાવી. માર્ગદર્શન અને કેળવણીના આ પવિત્ર ખુદાઈ સિલસિલાની અંતિમ કડી આપણા સૌના સરદાર, પ્યારા અને પવિત્ર નબી, રસૂલે ખુદા, હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ છે.

માનવજીવનના આદર્શ અને ઉદાહરણ માટે શ્રેષ્ઠ વ્યકિતત્વ ધરાવતા નબીના માર્ગદર્શન અને કેળવણીના પરિપૂર્ણ હોવા માટે આવશ્યક હતું કે આ માર્ગદર્શન અને નમૂનો માનવીની વંશીય પરંપરાના અંત સુધી સદાકાળી અને દાએમી હોય. માટે અલ્લાહ તઆલા તરફથી એની શ્રેષ્ઠ રીત અપનાવીને એના અમુક બંદાઓ મારફત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આદેશો, કાર્યો, કથનો, માર્ગદર્શનો, અર્થાત સંપૂર્ણ જીવનચરિત્રને મૌખિક અને લેખિત સ્વરૂપે પાછળથી આવતા માનવીઓ માટે રક્ષિત કરી દેવામાં આવ્યું. ત્યાં સુધી કે 'સીરત' એક સંપૂર્ણ ઈસ્લામી વિદ્યા (SUBJECT) બની ગયો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતથી લઈ આજ સુધી પરંપરા ચાલી રહી છે કે આપના આદર્શ જીવનમાંથી માર્ગદર્શન અને


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉકેલ મેળવીને મુસલમાનો દરેક કાળમાં એમના જીવનનો માર્ગ નકકી કરે છે. સીરત (નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પવિત્ર જીવન)નું આલેખન અને વિવરણ આ જ કારણે ઘણું મુબારક હોવા ઉપરાંત અત્યંત મહત્વનું અને તકેદારીનું કાર્ય ગણવામાં આવે છે.

આ વિષય અને વિદ્યા પર, ગદ્ય – પદ્ય બન્ને શૈલીમાં, હઝારો પૃષ્ઠો અને અનેક ભાગો પર ફેલાયેલ હઝારો કિતાબો સંપાદન કરવામાં આવી છે તો ઉપયોગી અને મહત્વની જાણકારી આધારિત નાની કિતાબો પણ લાખોની સંખ્યામાં લખાય ચૂકી છે.

નાની પણ અતિ મહત્વની જાણકારી ધરાવતી આવી એક સમૃદ્ધ અને રસપ્રદ કિતાબ અલ્લામહ મુહિબુદ્દીન અહમદ હુસૈની તબરી મક્કી શાફેઈ આલેખિત 'ખુલાસતુ સિયરિ સય્યિદિલ બશર' છે.

કિતાબના લેખક મકકાના મશ્હૂર તબરી હુસૈની ખાનદાનના નબીરા છે. આ ખાનદાન મૂળ હઝરત હુસૈન (રદિ.)ના વંશજોનું છે. હઝરત હુસૈન (રદિ.)ની અવલાદમાંથી કોઈ બુઝુર્ગ ઈરાનના તબરિસ્તાન શહેરમાં જઈ વસ્યા, ત્યાં એમનો વંશવેલો ચાલ્યો. અને ફરી પાછા એમાંથી સન હિ. ૫૭૦માં શેખ રઝિયુદ્દીન અબૂબક્ર નામી વડીલ મકકા આવીને વસ્યા. શેખ રઝિયુદ્દીન સાહેબના સાત પુત્રો હતા. સાતેવ આલિમ, ફાઝિલ. આ સાતેવ પુત્રોથી ચાલેલ હુસૈની તબરી વંશના સપૂતોએ લગભગ છ સદીઓ સુધી મક્કાના ઈલ્મી – દીની જીવન અને માહોલની સરપરસ્તી ફરમાવી. અનેક મુહદ્દિષો, ફુકહા, મુફતીઓ, કાજીઓ, અને ખતીબો આ ખાનદાનમાં પેદા થયા. આ ખાનદાનની સ્ત્રીઓ પણ ઈલ્મ, અમલ, તકવા, પરહેઝગારી અને સખાવતમાં વિશેષ નામના ધરાવતી હતી. આ ખાનદાનની ઈલ્મી – દીની સેવાઓની નોંધ લેતા અનેક આગવા પુસ્તકો પણ ઈતિહાસકારોએ સંપાદન કર્યા છે.

### *'ખુલાસતુ સિયરિ સય્યિદિ બશર'ના લેખક અલ્લામહ મુહિબુદ્દીન (રહ.).*

અલ્લામહ મુહિબુદ્દીન (રહ.), શેખ રઝિયુદ્દીનના પહેલા પુત્ર


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુહંમદના પોત્ર છે. મકકામાં સન હિ. ૬૧૪ કે ૬૧૫માં પેદા થયા. મકકામાં રહીને સ્થાનિક ઉલમા અને બુઝુર્ગોથી ઈલ્મ પ્રાપ્ત કર્યું અને દરેક ઈસ્લામી વિદ્યાઓના વિદ્વાન બન્યા. મુહદ્દિષ, ફકીહ, કાઝી, ખતીબ અને મુફતી હતા. વિવિધ વિષયો પર લગભગ ૫૦ જેટલી કિતાબો લખી. દરેક કિતાબ એના વિષય પર સર્વગ્રાહી અને ભરોસાપાત્ર. ૧૨ જમા.આખર ૬૯૪માં એમની વફાત થઈ. અલ્લાહુમ્મગ્ફિરલહુ..આમીન.

***'ખુલાસતુ સિયરિ સચ્ચિદિલ બશર'***

આ અલ્લામહ મુહિબુદીન તબરી (રહ.)ની એક પ્રમાણમાં નાની પણ સર્વગ્રાહી અને આધારભૂત કિતાબ છે. લેખકની મહાનતા, વિષયની સર્વગ્રાહિતા, લેખનની કળા અને સુંદરતાને કારણે લોકોમાં આ કિતાબ ઘણી મકબૂલ થઈ. લેખકના જીવનકાળમાં જ આ કિતાબ મશ્હૂર થઈને લોકોમાં વંચાવી શરૂ થઈ ગઈ હતી. અને સમય વીત્યે એની મકબૂલિયતમાં વધારો જ થતો રહયો. અલ્લામહ મુહિબુદીનની હયાતીમાં અને ત્યાર બાદ લગભગ બસો વર્ષ સુધી આ કિતાબ મુહદ્દિષીન અને બુઝુગોની મજલિસમાં સીરતની આધારભુત જાણકારી મેળવવા, પ્યારા રસૂલનું જીવનવૃતાંત સાંભળી પાવન થવા અને બરકત પામવા માટે વંચાતી અને સંભળાતી રહી. ઘણા બુઝુર્ગોએ હદીસ શરીફની કિતાબોની જેમ એને સાંભળવા અને રિવાયત કરવાનો પણ પ્રબંધ ફરમાવ્યો. આ કિતાબના મહત્વ અને આધારભુત હોવાનો અંદાઝો આ વાતથી પણ લગાવી શકાય છે કે પાછળથી આવનારા અનેક સીરતકારોએ આ કિતાબથી લાભ ઉઠાવ્યો છે, કાં તો આ કિતાબને સામે રાખીને જ સીરતની કિતાબો લખી છે. સાતમી સદી હિજરીમાં લખાયેલ આ પુસ્તકની ખ્યાતિ અને ઉપયોગિતા ઉડીને ભારત આવી, જેનો પુરાવો એ છે કે ભારતના અનેક કુતુબખાનાઓમાં એની હસ્તપ્રતો (કલમી નુસ્ખાઓ) આજે ય મોજૂદ છે. સીરતવિદ્યાના વિદ્વાનો માટે આ કિતાબમાં ઘણી એવી ચોકકસ અને મહત્વની જાણકારી છે જે અન્ય કિતાબોમાં જોવા નથી મળતી. (કિતાબના ઉર્દૂ અનુવાદના આરંભે આ બધી બાબતો વિગતવાર


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દર્શાવવામાં આવી છે.)

## ઉર્દૂ અનુવાદ

'ખુલાસતુ સિયરિ સય્યિદિલ બશર' નો ઉર્દૂ અનુવાદ મુફતીએ આઝમ, ફકીહુલઉમ્મત, હઝરત અકદસ મવલાના મુફતી મહમૂદ હસન ગંગોહી (રહ.)ની મુબારક કલમે આલેખાયો છે. હઝરત અકદસ મુફતી સાહેબના દોસ્ત મવલાના ઈફતેખારૂલ હસન કાંધલવી (રહ.)એ કિતાબનું મહત્વ અને ઉર્દૂમાં એની આવશ્યકતા જાણીને હઝરત અકદસ (રહ.)થી દરખાસ્ત ફરમાવી કે એનો ઉર્દૂ તરજૂમો કરવામાં આવે. સહારનપૂરના રોકાણ દરમિયાન આ અનુવાદ કરવામાં આવ્યો, અલબત્ત એના છેલ્લા ચાર પ્રકરણોનો અનુવાદ હઝરત મવલાના ઈઝહારૂલ હસન કાંધલવી (રહ.)એ કરેલ છે. ઉર્દૂમાં આ કિતાબ દિલ્હીથી ૧૯૭૦ ઈ./૧૩૯૦ હિ.માં છપાયી હતી. પણ આ પ્રકાશન દ્વારા કિતાબ, લેખક અને અનુવાદકનો હક અદા થયો ન હતો. હઝરત અકદસ મુફતી સાહેબના ફૈઝથી ફૈઝવંત થનારા આજે તો દુનિયાભરમાં ફેલાયેલા છે અને શોધી શોધીને હઝરત અકદસની યાદગારોની કદર ફરમાવે છે. હઝરત અકદસની આ યાદગારને ફરી જીવંત કરવાનું બહુમાન અને સદનસીબ સુરતી ભાઈઓના ફાળે જાય છે. વિષેશ કરી જનાબ શેખ તલ્હા મનીયાર સાહેબે આ કિતાબના પ્રકાશનમાં ઘણી મહેનત ફરમાવી છે. અલ્લાહ તઆલા એમની મહેનતને કબૂલ ફરમાવે.

## ગુજરાતી અનુવાદ

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નૂરાની વાતો, ઉપરાંત અરબી લેખક અને ઉર્દૂ અનુવાદકના ઈલ્મ, અમલ અને તકવાનું નૂર. એટલે કે નૂરાનિયતના સંગમ સમી આ કિતાબ, ગુજરાતીમાં પણ અનુવાદિત થઈ જાય તો ગુજરાતી ભાષા અને મુસલમાનોને ઈલ્મી અને રૂહાની રીતે ઘણો જ ફાયદો થાય એ સ્પષ્ટ છે.

જામિઅહ ડાભેલના સદર મુફતી અને શયખુલ હદીસ, ઉર્દૂ અનુવાદક હઝરત અકદસ ફકીહુલઉમ્મત (રહ.)ના શાગિર્દ અને ખલીફા,


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જામિઅહના રુકને શૂરા અને મુહસિન, હઝરત મવલાના મુફતી અહમદ ખાનપૂરી સાહેબે એક વાર જયારે એના ગુજરાતી અનુવાદની ઈચ્છા વ્યકત કરી તો મેં સહર્ષ એને વધાવી લીધી. સાથે જ જામિઅહ તરફથી એને પુસ્તક સ્વરૂપે, અને જામિઅહથી પ્રગટ થતા 'અલ – બલાગ' માસિકમાં ક્રમશઃ એને પ્રગટ કરવાની તૈયારી બતાવી.

અલ્હમ્દુલિલ્લાહ, અલબલાગમાં ક્રમશ પ્રગટ થતાં થતાં કિતાબ પૂરી થઈ અને હવે એને પુસ્તક સ્વરૂપે જામિઅહના પ્રકાશન વિભાગ તરફથી પ્રકાશિત કરવામાં આવી રહી છે. અલ્લાહ તઆલાથી દુઆ છે કે કિતાબના અનુવાદ અને પ્રકાશનને કુબૂલ ફરમાવે. એમાં પોતાનો ફાળો આપનાર દરેકની મહેનતને કુબૂલ ફરમાવીને દારૈનમાં બેહતરીન બદલો આપે. આમીન.

*લી. અહમદ દેવલ્વી..*

*જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર*



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રસ્તાવના

بسم الله الرحمن الرحيم

الحمد لله على نواله و له الشكر على واسع أفضاله و أفضل الصلاة على النبى محمد و آله

આ એક નાનકડી કિતાબ છે, જેમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સંબંધસ નીચે મુજબની બાબતોનું વર્ણન છે.

વંશવાળી, જન્મ, અમુક લડાઈઓનું વર્ણન, હજ, ઉમરહ, નામો, ગુણો, અમુક અખ્લાક અને સંસ્કારોનો ઉલ્લેખ, મુઅજિઝાઓ, બીવીઓ, બેટા – બેટીઓ, કાકા – ફોઈઓ, આઝાદ કરેલા ગુલામો, ખાદિમો, પહેરેદારો, એલચીઓ, લહિયાઓ, સાથીઓ, ઘોડાઓ, જાનવરો, હથિયારો, સામાન અને વફાત..

ઘણી જ ઉતાવળે અને ટૂંક સમયમાં આ કિતાબનું સંપાદન કરવામાં આવ્યું છે. કુલ ૧૨ કિતાબોમાંથી આ બધી માહિતી ભેગી કરવામાં આવી છે. અમુક મોટી અને અમુક નાની.

આ કિતાબનું નામ خلاصة سيرة النبى سيد البشر ﷺ રાખ્યું છે.

એમાં કુલ ૨૪ પ્રકરણો છે.



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૧

## નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની વંશવાળી.

અબૂલ કાસિમ મુહંમદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ બિન અબ્દે મનાફ બિન કુસય્ય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લૂઅય બિન ગાલિબ બિન ફિહ્‌ર બિન માલિક બિન નઝર બિન કિનાનહ બિન ખુઝય્મહ બિન મુદરિકહ બિન ઈલ્યાસ બિન મુઝર બિન નિઝાર બિન મઅદ બિન અદનાન.

બિન ઉદ બિન ઉદદ બિન મુકવ્વિમ બિન નાહૂર બિન તય્રહ બિન યશ્જૂબ બિન નાબિત બિન ઈસ્માઈલ (અલૈ.) બિન ઈબ્રાહીમ (અલૈ.) બિન તારહ (આઝર) બિન નાહૂર બિન શારૂખ બિન રાઉ બિન ફાલખ બિન આબર બિન શાલખ બિન અરફખ્શદ બિન સામ બિન નૂહ બિન લામક બિન મત્તુશલખ બિન અખ્નૂખ ઈદરીસ (અલૈ.) *(આદમ (અલૈ.)ની અવલાદમાં સૌ પ્રથમ વ્યકિત જેમને નુબુવ્વત ઉપરાંત લેખનકળા અર્પણ કરવામાં આવી.)* બિન યર્દ બિન મહ્‌લયિલ બિન કય્નન બિન યાનશ બિન શીષ બિન આદમ (અલૈ).

અદનાન સુધીની વંશવાળીમાં તો બધા જ વર્ણનકર્તાઓ સહમત છે, પણ ત્યાંથી આગળના અમુક નામોમાં વિવાદ છે, છતાં આ વાતે બધા સહમત છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો વંશવેલો હઝરત ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ (અલૈ.)ને જઈ મળે છે.

ફિહ્‌ર બિન માલિકને 'કુરૈશ'નું ઉપનામ આપવામાં આવ્યું હતું, માટે એમની અવલાદને કુરૈશ કહેવામાં આવે છે, અન્ય ઈતિહાસકારો કહે છે કે,


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

'નઝર'ની અવલાદ કુરૈશ કહેવાય છે. અન્યોના બીજા મંતવ્યો પણ છે, પણ બીજું મંતવ્ય વધુ યોગ્ય અને પ્રચલિત છે.

***હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનાં વાલિદહની વંશવાળી .***

આમિનહ બિન્તે વહબ બિન અબ્દે મનાફ બિન ઝુહ્રહ બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઅય.

અમુક રિવાયતોમાં છે કે એમની વફાત પછી એક વાર જયારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમની કબ્ર પર ગયા તો અલ્લાહ તઆલાએ એમને જીવંત કર્યાં, તેઓએ ઈસ્લામનો એકરાર કર્યો અને પછી અલ્લાહ તઆલાએ એમને પાછા બોલાવી લીધાં. અલબત્ત ઈલ્મે હદીસના વિદ્વાનોના મતે આ હદીસ ઝઈફ છે.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૨

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો જન્મ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ 'હાથી વર્ષ'માં મકકા શરીફમાં પેદા થયા, (હાથી વર્ષ એટલે જે વરસે હાથીઓના લશ્કરે મકકા શરીફ ઉપર ચડાઈ કરી હતી). અમુકના મતે હાથીવર્ષના ૩૦ વરસ પછી અને અમુકના મતે ૪૦ વરસ પછી પેદા થયા, પહેલું કથન સાચું છે.

સોમવારનો દિવસ હતો.

રબીઉલઅવ્વલના બે દિવસ વીતી ગયા હતા.

એક કથન અનુસાર આઠ દિવસ વીતી ગયા હતા,

બીજું એક કથન છે કે, ૧૨ દિવસ વીતી ગયા હતા,

ઈબ્ને ઈસ્હાકે ફકત આ ત્રીજું કથન જ વર્ણવ્યું છે,

એક કથન આ પણ છે કે પહેલા બેમાંથી કોઈ એક કથન સાચું છે,

અમુકના કહેવા પ્રમાણે રમઝાનના ૧૨ દિવસ વિત્યે આપનો જન્મ થયો.

અબૂતાલિબની તળેટીમાં, શયતાનની નિશાની રૂપ બીજા થાંભલા (જમ્રએ વુસ્તા) પાસે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની વાલિદહએ ગર્ભ ધારણ કર્યો. જન્મની આગલી રાત્રીએ અનેક ચમત્કારો થયા, જેમ કે કિસ્રા (ઈરાનના અગ્નિ પૂજકોની મહાસત્તા અને તેના બાદશાહ)નો મહેલ ધ્રુજી ઉઠયો, એનાથી મહેલના ૧૨ ઝરૂખા તૂટી ગયા, એક હઝાર વર્ષથી સળગતી રાખેલી અગિયારીનો 'અગ્નિ' હોલવાય ગયો, અને 'સાવહ' સરોવરનું પાણી અચાનક જ સુકાય ગયું, ઈરાનનો રાજા આ બધાથી ઘણો જ ભયભીત થઈ ગયો.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - 3

# આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિશે અમુક જાણકારી.

*આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના 'દૂધમાં' (ધાવમાતા– રઝાઈ વાલિદહ) હલીમા સઅદિયહનો કિસ્સો.*

જન્મ પછી આપને દાદા અબ્દુલ મુત્તલિબની દેખરેખમાં રાખવામાં આવ્યા, અમણે બનૂસઅદ બિન બરકહની સ્ત્રી મારફતે આપને દૂધ પીવડાવવાની વ્યવસ્થા કરી, આ ખાતૂનનું નામ હલીમહ બિન્તે અબૂ ઝુઅય્બ સઅદિયહ હતું.

તેણી વર્ણવે છે કે જયારે મેં આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ખોળામાં લીધા તો મારી બન્નેવ છાતીઓ દૂધથી ભરાયને ઝૂકી પડી અને આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ધરાયને દૂધ પીધું, આપના દૂધભાઈએ પણ ધરાયને દૂધ પીધું અને બન્ને સૂઈ ગયા, આ દૂધભાઈ પહેલાં કદી આમ સૂતો ન હતો, મારી છાતીમાં પણ એટલું દૂધ આવતું ન હતું કે તે ધરાયને પી શકે, અમારી પાસે એક ઊંટણી હતી, તેને પણ એટલું દૂધ આવતું ન હતું, જે એના આહાર માટે પૂરતું થઈ શકે, આજે મારા શોહરે આવીને જોયું તો એના બાવલાં દૂધથી છલોછલ હતાં, એમણે એ દૂધ દોહયું, જે અમે બન્ને પતિ–પત્નિએ પેટ ભરીને પીધું અને પૂરા આરામથી રાત પસાર કરી, અંતે જયારે અમે અમારા રહેઠાણે જવાનો ઈરાદો કર્યો, અને હું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને લઈ મારી ગધેડી પર બેઠી તો ખુદાની કસમ ! તે એટલી ઝડપે ચાલવા લાગી કે, બધા જ સાથીદારોના ગધેડાઓ પાછળ રહી ગયા.

મારી સહકર્મી સ્ત્રીઓ મને કહેવા લાગી કે,

હે અબૂ ઝુઅય્બની પુત્રી ! અમને થોડો સાથ આપ, શું આ તારી


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગધેડી તે જ નથી જેના પર તું ગામડેથી આવી હતી ?

મેં કહયું કે ખુદાની કસમ ! આ તે જ ગધેડી છે,

તેણીઓ કહેવા લાગી કે ખુદાની કસમ ! ઘણી નવાઈની વાત છે.

આ પૂર્વે તો બધા જ કાફલાવાળાઓ એની અશકિત અને નિર્બળતાના કારણે ત્રાસી ગયા હતા, કારણ કે એ સાથે ચાલી શકતી ન હતી, અને પાછળ પડી જતી હતી.

હલીમા કહે છે,

અમે અમારા મુકામે પહોંચ્યા, જયાં સુધી મને ખબર છે અમારી જમીન ખુદાની સઘળી જમીનો કરતાં વધારે સૂકી અને દુકાળગ્રસ્ત હતી, હવે જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને લઈને પહોંચ્યા તો મારી બકરીઓ સાંજે ધરાયને ઘરે આવવા માંડી, અમે એમનું દૂધ દોહીને પીવા લાગ્યા, બીજા લોકોની બકરીઓમાં એક ટીપું પણ દૂધ આવતું હતું નહિં, એટલે સુધી કે લોકોએ એમના ચરવૈયાઓને તાકીદ કરી કે જયાં હલીમાની બકરીઓ ચરે છે, ત્યાં બકરીઓ ચરાવો.

### છાતી ચીરવાની ઘટના.

હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ બે વર્ષના હતા, ત્યારની ઘટના છે, એક વાર આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અમારી બકરીઓ પાસે હતા, અચાનક આપનો દૂધભાઈ દોડતો – હાંફતો, ગભરાયને આવ્યો અને મને તેમજ આપના દૂધપિતાથી કહેવા લાગ્યો કે મારા પેલા કુરેશીભાઈને બે સફેદ કપડાંવાળા માણસોએ પકડી લીધો છે અને સુવડાવીને એનું પેટ ફાડી નાખ્યું છે, અને હવે તેઓ એને હલાવી રહયા છે.

હલીમા કહે છે કે,

આ સાંભળી અમે તે દિશાએ ગયા, જોયું તો આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ઉભેલા છે, પણ નૂરાની ચહેરાનો રંગ ફિકકો પડી ગયો છે, અમે એમનાથી વિંટળાઈને પૂછયું : શું થયું હતું ?

તેમણે ફરમાવ્યું કે, મારી પાસે બે સફેદ કપડાંવાળાઓ આવ્યા, મને


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સુવડાવ્યો અને મારૂં પેટ ફાડીને કંઈક કાઢી લીધું, ખબર નથી એ શું હતું ?

હલીમા કહે છે કે, અમે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને લઈ તંબુમાં આવ્યા, આપના દૂધપિતા કહેવા લાગ્યા કે હલીમા ! મને લાગે છે કે આ બાળક કોઈ મુસીબતમાં સપડાઈ ગયું છે, એ મુસીબત સામે આવી જાય એ પહેલાં જ એને એના ઘરે પહોંચાડી દેવો યોગ્ય છે.

હલીમા કહે છે,અમે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને લઈ એમની વાલિદહ પાસે આવ્યા, તેઓ કહેવા લાગ્યા કે એને અત્યારનો શા માટે લઈ આવી ? તું તો એને ઘણા શોખ અને ઉત્સાહથી લઈ ગઈ હતી.

તેઓએ વારંવાર પૂછયું તો હલીમાએ સઘળી બીના કહી સંભળાવી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની વાલિદહએ કહયું કે કદાપિ નહી, ખુદાની કસમ ! એના પર શયતાન કાબૂ નહી મેળવી શકે, એનો હાલ તો ઘણો જ અજબ છે, શું તને હું એના અજબ ગજબ અહેવાલ બતાવું ?

મેં કહયું : કે જરૂર દર્શાવો !

તો એમણે બતાવ્યું કે જયારે હું ગર્ભવતી થઈ તો મેં સપનું જોયું કે મારામાંથી એક નૂર – પ્રકાશ નીકળ્યું, જેનાથી શામ દેશ અને બુસ્રા શહેરના મહેલો ઝગમગી ગયા, ગર્ભના પૂરા સમયગાળામાં મેં ઘણી જ રાહત અને સરળતા અનુભવી, કોઈ કષ્ટ કે બોજનો એહસાસ સુદ્ધાં થયો નહી, જન્મ સમયે એવી રીતે પેદા થયો કે બન્નેવ હાથ જમીન પર રાખીને માથું આસમાન તરફ ઊંચુ હતું.

ખેર ! હવે એને મુકી દે, અને તું જા !

### બીજા દૂધ મા .

અબૂલહબની કનીઝ (ગુલામડી) ષુવયબહે પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને દૂધ પીવડાવ્યું છે, આપની સાથે હમ્ઝહ બિન અબ્દુલ મુત્તલિબ (આપના કાકા) અને અબૂ સલ્મહ અબ્દુલ્લાહ બિન અબ્દુલ અસદ મખ્ઝૂમીને પણ પોતાના પુત્ર મસ્રૂહના ભાગનું દૂધ ષુવયબહે પીવડાવ્યું હતું.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નાનપણમાં આપની દેખરેખ હબશી કનીઝ ઉમ્મે અયમને ફરમાવી, આ કનીઝને મોટા થયા પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આઝાદ કરી દીધી હતી અને ઝેદ બિન હારિષહથી એમના નિકાહ કરાવી દીધા, એમનાથી જ હઝરત ઉસામા (રદી.)નો જન્મ થયો. આ કનીઝ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પોતાના વાલિદ સાહેબના વારસામાં મળી હતી.

## વાલિદ સાહેબની વફાત

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના વાલિદ સાહેબની વફાત યષરિબ (મદીના)માં થઈ હતી, આપના વાલિદ અબ્દુલ્લાહના નિકાહ વાલિદહ આમિનહથી થયા બાદ જયારે આપની વાલિદહને ગર્ભ રહયો, તે દિવસોમાં આપના વાલિદ અબ્દુલ્લાહને દાદા અબ્દુલ મુત્તલિબે ખજૂરો લેવા માટે મદીના મોકલ્યા હતા, તે વેળા એમનું ત્યાં અવસાન થયું. અમુકનું કહેવું છે કે, 'અબવા' સ્થળે અવસાન પામ્યા. (આ મકકા અને મદીના વચ્ચે એક સ્થળ છે.) અમુકનું કહેવું છે કે, વાલિદ સાહેબની વફાત વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉમર ૨૮ મહીનાની થઈ ગઈ હતી, અમુક લોકો કહે છે કે, સાત મહીનાની ઉમર હતી, બીજા અમુક લોકો કહે છે કે બે મહિનાની ઉમર હતી.

## વાલિહદ સાહિબહ અને દાદાની વફાત

જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ છ (૬) વર્ષના થયા (અમુકના કથન પ્રમાણે ચાર વર્ષના થયા) તો આપનાં વાલિદહ સાહિબહની પણ વફાત થઈ ગઈ, અને આપ યતીમ થઈ દાદા પાસે રહેવા લાગ્યા, જયારે આઠ વર્ષ, બે મહિના, દસ દિવસના થયા તો દાદા અબ્દુલ મુત્તલિબ પણ અવસાન પામ્યા, હવે કાકા અબૂ તાલિબ આપના વાલી બન્યા. અબૂતાલિબ આપના વાલિદ અબ્દુલ્લાહના સગા ભાઈ હતા.

અલ્લાહ તઆલાએ આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને દરેક પ્રકારની ખૂબીઓથી નવાઝયા હતા, લોકોમાં – સમાજમાં આપ 'અમીન' અમાનતદારથી ઓળખાતા હતા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

### શામનો પહેલો પ્રવાસ.

બાર વરસ, બે મહિના, દસ દિવસની ઉમરે કાકા અબૂ તાલિબ સાથે શામ દેશની સફરે રવાના થયા, સફર દરમિયાન જયારે 'બુસ્રા' મુકામે પહોંચ્યા તો 'બુહયરહ' નામી પાદરીએ આપને જોઈ લીધા અને આપમાં દેખાતાં ગુણો, ખુબીઓ અને ચિહ્નો દ્વારા આપને ઓળખી લીધા, પાસે આવીને આપનો હાથ પકડી કહેવા લાગ્યો :

هذا رسول الله إلى العالمين يبعثه الله رحمةً للعالمين

*'આ અલ્લાહ તઆલાના રસૂલ છે, સઘળા વિશ્વ માટે એમને અલ્લાહ તઆલા રહમત બનાવી, નબી બનાવશે.'*

એનાથી પૂછવામાં આવ્યું કે, તને આ વાતની કેવી રીતે ખબર પડી ?

એણે કહયું : જયારે તમે ખીણ તરફથી આવ્યા તો દરેક ઝાડ અને પથ્થર સજદામાં નમી પડયા, આ ઝાડો અને પથ્થર નબી સિવાય કોઈ અન્ય સમક્ષ સજદો નથી કરતા, અમારી કિતાબોમાં આ બાબતોનું વર્ણન પણ છે.

બુહયરાએ અબૂ તાલિબથી આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સગાઈ પણ પૂછી, અબૂ તાલિબે કહયું : મારા ભાઈનો છોકરો છે.

– શું તમને એનાથી હમદર્દી છે ?

– હા, છે.

– જો તમે એમને શામ લઈ ગયા, તો યહૂદીઓ એમને મારી નાંખશે.

– કાકા આ ખતરાને પામી ગયા, અને આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પાછા લઈ આવ્યા.

### વેપાર અર્થે શામનો બીજો પ્રવાસ.

બીજી વાર ખદીજાના ગુલામ મયસરહ સાથે વેપાર અર્થે આપ શામ દેશના પ્રવાસે ગયા, આ ઘટના હઝરત ખદીજાથી નિકાહ પૂર્વેની છે, શામ પહોંચ્યા તો, એક પાદરીના ચબૂતરા પાસે, એક ઝાડના છાંયડામાં પડાવ નાંખ્યો. પાદરીએ મયસરહ તરફ ડોકિયું કરીને પૂછયું :

પાદરી : આ માણસ કોણ છે?


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મયસરહ : એ કુરેશનો વ્યકિત છે, હરમ શરીફનો રહેવાસી છે.

પાદરી : આ ઝાડ નીચે નબી સિવાય અન્ય કોઈ પણ માણસે આવીને પડાવ કર્યો નથી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે વેપારનો સામાન વેચ્યો, જે કંઈ ખરીદવાનું હતું તે ખરીદયું અને મકકા પરત ફર્યા.

### આ સફરની અમુક નોંધપાત્ર બરકતો :

મયસરહનું વર્ણન છે કે બપોરે કડક તાપ પડતો ત્યારે બે ફરિશ્તાઓ આવીને આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ઉપર છાંયડો કરતા, અને આપ એના તળે ઊંટ ઉપર ચાલતા રહેતા.

મકકા પહોંચ્યા તો શામથી આપે ખરીદેલ વેપારનો સામાન મકકામાં ખદીજાએ બમણા કે એની આસપાસના ભાવે નફાથી વેચ્યો.

### ખદીજા દ્વારા શાદીનું માંગું (મંગણી)

મકકામાં આવીને ખદીજાના ગુલામ મયસરહે પાદરીની વાત અને ફરિશ્તાઓ દ્વારા છાંયડો કરવાની ઘટના ખદીજાને સંભળાવી, ખદીજાએ આ વાતોથી પ્રભાવિત થઈને આપની સેવામાં નિકાહનું કહેણ મોકલ્યું, ખદીજાએ આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ખાનદાનિયત, શરાફત, શ્રેષ્ઠતા, અમાનત, અખ્લાક અને સચ્ચાઈ જેવા ગુણોને વર્ણન કરીને આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી નિકાહની ઈચ્છા વ્યકત કરી, ખદીજા પોતે પણ ઘણાં જ હોશિયાર સ્ત્રી હતાં, કુરૈશમાં ખાનદાન, શરાફત, માલ અને અન્ય દરેક રીતે ઉચ્ચ અને અને શ્રેષ્ઠ ગણાતાં હતાં, સ્વયં એમના ખાનદાનના લોકો એમનાથી નિકાહ માટે ઘણા જ ઉત્સુક હતા.

### નિકાહનો ખુત્બો અને નિકાહ .

ખદીજાનો પયગામ આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સેવામાં પહોંચ્યો તો આપે કાકાઓ સમક્ષ એનો ઉલ્લેખ કર્યો, કાકાઓમાંથી હઝરત હમઝહ બિન અબ્દુલમુત્તલિબ આપની સાથે આવ્યા, અબુતાલિબ અને મુઝર વંશના અમુક વડીલો પણ આવ્યા, બધા ખુવય્લિદ બિન અસદ પાસે નિકાહ માટે પહોંચ્યા.



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*અબુ તાલિબે આ વેળા નીચે પ્રમાણે ખુત્બો આપ્યો :*

સઘળા વખાણ અલ્લાહના માટે છે, તેણે આપણ સૌને ઈબ્રાહીમ (અલૈ.)ના વંશમાં, ઈસ્માઈલ (અલૈ.)ની ખેતીમાં, મઅદના મૂળ અને મુઝરની ડાળખીઓમાં પેદા કર્યા, તેના ઘરના રક્ષક અને મુતવલ્લી બનાવ્યા, કાબા શરીફને આપણા માટે હજનું સ્થાન, હરમ શરીફને અમનની જગ્યા, અને આપણને લોકોના સરદાર બનાવ્યા.

હવે વાત આ છે કે, મારા ભાઈ અબ્દુલ્લાહનો પુત્ર અન્ય દરેકના મુકાબલામાં પ્રાથમિકતા અને વઝન ધરાવે છે, તેની પાસે માલ સંપત્તિ નથી, તો શું થયું ? માલ તો હરતી ફરતી છાંવ અને આવતી જતી વસ્તુ છે.

મુહમ્મદની સગાઈથી તમે વાકેફ છો, એમણે ખુવય્લિદની પુત્રી ખદીજાથી મંગણી કરી છે અને એ માટે આટલી તેટલી મહેર રોકડી અને ઉધાર મારા માલમાંથી આપી રહયા છે.

ભવિષ્યમાં એમના વિશે નવાઈના સમાચાર અને મહાન મરતબો તમારી સામે આવવાનો છે.

આમ ખદીજાથી આપના નિકાહ કરી દેવામાં આવ્યા.

*નિકાહ સમયે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને હઝરત ખદીજા (રદી.)ની ઉમર.*

આપના નિકાહ પચ્ચીસ (૨૫) વર્ષ, બે મહીના, દસ દિવસની ઉમરે થયા, હઝરત ખદીજા (રદી.)ની ઉમર એ વખતે અઠ્ઠાવીસ (૨૮) વર્ષની હતી, (મશ્હૂર કથન પ્રમાણે ચાલીસ (૪૦) વર્ષની.)

રિવાયત છે કે હઝરત ખદીજાને ૧૨ ઓકિયા સોનું મહેર આપી, ( ૧, ઓકિયા ૧૧૧ ગ્રામ, ૪૭૨ મી. ગ્રામ).

વહી પહેલાં ૧૫ વરસ અને વહી પછી હિજરતના પૂર્વે ત્રણ વર્ષ સુધી તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે રહયા, એમની વફાત થઈ ત્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉમર ૪૯ વરસ, આઠ મહીનાની હતી, તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના નિખાલસ સલાહકાર અને મદદગાર હતાં.



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

**હઝરરત ખદીજા (રદી.)ના અમુક ગુણો અને અમુક ખુશખબરીઓ :**

રિવાયત છે કે હઝરત આદમ (અલૈ.) એ ફરમાવ્યું કે,

'હું કયામતના દિવસે એક સિવાય સઘળા માનવીઓનો સરદાર હોઈશ, તે માણસ મારી અવલાદમાંથી હોવા છતાં બે વાતોમાં મારા કરતાં વધુ શ્રેષ્ઠ છે. એક તો એની બીવી એના માટે સહાયક છે, જયારે કે મારી બીવીએ મારું અહિત કર્યું. બીજી એ કે, અલ્લાહ તઆલાએ શયતાનના મુકાબલામાં એની મદદ કરી છે, જેથી એનો શયતાન પણ મુસલમાન બની ગયો, જયારે કે મારો શયતાન કાફિર જ રહયો.'

રિવાયત છે કે સ્ત્રીઓમાં સૌ પ્રથમ ઈસ્લામ સ્વીકારનું બહુમાન પણ હઝરત ખદીજા (રદી.)ને પ્રાપ્ત છે, પુરૂષોમાં હઝરત અબુબક્ર (રદી.) અને બાળકોમાં હઝરત અલી (રદી.)એ સૌપ્રથમ ઈસ્લામ સ્વીકાર કર્યો.

હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે,

'મને હુકમ કરવામાં આવ્યો છે કે, હું ખદીજાને જન્નતમાં એક હીરાજડિત મહેલની ખુશખબરી સંભળાવું, આ મહેલમાં ઘોંઘાટ પણ નહીં હશે, અને એમાં રહેનાર આળસ – થાક પણ નહીં અનુભવે.'

એક વાર હઝરત જિબ્રઈલ (અલૈ.) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવ્યા અને કહયું કે ખદીજાને એમના રબ તરફથી સલામ કહો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ખદીજા (રદી.)ને સંબોધીને કહયું કે 'આ જિબ્રઈલ (અલૈ.) તમને તમારા રબના સલામ કહી રહયા છે.'

હઝરત ખદીજા (રદી.)એ જવાબ આપ્યો કે,

અલ્લાહ તઆલા પોતે જ સલામ છે, એમનાથી જ દરેકની સલામતી છે, અને જિબ્રઈલને પણ સલામ !

**કાબા શરીફના નવનિર્માણમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો સહયોગ**

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉમર પાંત્રીસ વરસની હતી,


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ત્યારે કુરેશ સાથે આપ કાબા શરીફના નવચણતરમાં જોડાયા, એમાં જ હઝરે અસ્વદ બાબત આપના ફેસલા ઉપર કુરેશના લોકો સહમત થયા.

## નુબુવ્વત અને પ્રથમ વહી

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉંમર ચાલીસ વરસ, એક દિવસની થઈ ત્યારે અલ્લાહ તઆલાએ આપને બશીર – નઝીર (ખુદા તરફથી જન્નતની ખુશખબરી આપનાર અને જહન્નમથી ડરાવનાર નબી) બનાવ્યા. જિબ્રઈલ (અલૈ.) હિરા ગુફામાં આપની પાસે પધાર્યા, (હિરા મકકાના પહાડોમાં એક ગુફા છે.) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ લગાતાર કેટલીયે રાત્રી ત્યાં રોકાતા અને પરવરદિગારની ઈબાદતમાં તલ્લીન રહેતા હતા.

જિબ્રઈલ (અલૈ.)એ આવીને કહયું : પઢો,

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ : હું પઢી નહી શકું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે મારો જવાબ સાંભળીને હઝરત જિબ્રઈલ (અલૈ.)એ મને છાતીએ લગાવીને એટલા જોરથી ભીંસ ભરી કે અસહય થઈ પડયું, પછી છોડીને ફરી પાછું મને કહયું કે પઢો, મેં ફરી જવાબ આપ્યો કે હું પઢી નહીં શકું,

હવે જિબ્રઈલ (અલૈ.)એ ફરમાવ્યું કે,

اقْرَأْ بِاسْمِ رَبِّكَ الَّذِىْ خَلَقَ ۰ خَلَقَ الْإِنسَانَ مِنْ عَلَقٍ ۰ إِقْرَأْ وَ رَبُّكَ الاَكْرَمُ ۰

الَّذِىْ عَلَّمَ بِالْقَلَمِ ۰ عَلَّمَ الإِنْسَانَ مَا لَمْ يَعْلَمْ

અહિંયાથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ધ્રુજતા, થરથરતા પાછા વળ્યા, ઘરે આવીને હઝરત ખદીજા (રદી.)થી ફરમાવ્યું, મને ચાદર ઓઢાડી દો, એટલે ખદીજાએ ચાદર ઓઢાડી દીધી, થોડી વારે આપને રાહત થઈ, એટલે ખદીજાને સઘળી વિગત કહી સંભળાવી અને ફરમાવ્યું કે મારો પ્રાણ ખતરામાં છે. હઝરત ખદીજા (રદી.)એ ફરમાવ્યું કે,

એમાં ખતરો કઈ વાતનો ? આ તો તમારા માટે શુભ સમાચાર છે, ખુદાની કસમ ! અલ્લાહ કદી તમને નિરાધાર – નિસહાય નહીં છોડે, તમે



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તો સદાચારી છો, સાચાબોલા છો, બચરવાળની સહાય, ગરીબની મદદ, મહેમાનની ચાકરી, ન્યાયની પડખે ઉભું રહેવું તમારા રોજના કામો છે.

પછી ખદીજા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને 'વરકહ બિન નવફલ' પાસે લઈ ગયાં, તે હઝરત ખદીજાના પિતરાઈ ભાઈ હતા, પહેલાંથી જ ઈસાઈ બની ગયા હતા, ઘણી મોટી ઉમરના હતા, દષ્ટિ પણ ખતમ થઈ ગઈ હતી, ખદીજા (રદી.) એ જઈને કહયું :

આ તમારા ભત્રીજાની વાત સાંભળો !

### વરકહથી વાચચીત :

વરકહે પુછયું : ભત્રીજા શું જુઓ છો ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જે કંઈ જોયું, અનુભવ્યું હતું તે દર્શાવ્યું.

વરકહે કહયું કે, આ તો નામૂસ (ફરિશ્તો) તમારી પાસે આવે છે, હઝરત મૂસા (અલૈ.) પાસે એ જ આવતો હતો. કાશ ! હું તમારી નુબુવ્વતના સમયે યુવાન હોત અને ત્યાં સુધી જીવતો રહું, જયારે તમારી કોમ તમને કાઢી મુકશે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું : શું મારી કોમ મને કાઢી મુકશે ?

વરકહે કહયું : હા, જે કોઈ પણ તમારા જેવી વસ્તુ લઈને આવ્યો છે, એનો વિરોધ અને પ્રતિકાર કરવામાં આવ્યો છે, જો હું આ દિવસે હોઈશ તો તમને સહાય કરીશ.

### વહીનું રોકાય જવું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ચિંતા

આના થોડાક જ દિવસોમાં વરકહની વફાત થઈ ગઈ અને વહી પણ અટકી ગઈ, આમ થવાથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઘણો રંજ અને આઘાત લાગ્યો. ત્યાં સુધી કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અનેક વાર ઘરેથી એવું વિચારીને નીકળ્યા કે, મક્કાના કોઈ ઊંચા પહાડથી નીચે ઝંપલાવી દે, પરંતુ જયારે પણ આપ પહાડની ટોચે પહોંચતા તો જિબ્રઈલ પ્રગટ થઈ જતા અને કહેતા કે હે મુહંમદ ! તમે


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સાચે જ અલ્લાહના રસૂલ છો.

આનાથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના દિલને શાંતિ મળતી અને તબિયતની બેચેની દૂર થઈ જતી, વહી અટકવાનો ગાળો જેટલો લાંબો થતો ગયો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આમ પહાડ પર ચાલ્યા જતા અને જિબ્રઈલ આ જ પ્રમાણે પ્રગટ થઈને ઉપરના શબ્દો દ્વારા શાંત્વના આપતા.

***ઝાડ – પથ્થરોનું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સલામ કરવું.***

જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને નબી બનાવી દેવામાં આવ્યા તો પછી જે કોઈ ઝાડ કે પથ્થર પાસેથી પસાર થતા, તે કહેતા કે,

سلام علیك یا رسول الله

'હે અલ્લાહના રસૂલ તમને સલામ'

હઝરત જાબિર બિન સમુરહ (રદી.) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હદીસ વર્ણવે છે કે મક્કામાં હજુ તે પથ્થર છે જે મને નુબુવ્વત મળવાની રાતોમાં સલામ કરતો હતો, હું હજુયે એ પથ્થરને ઓળખું છું.

***સમાજ તરફથી બહિષ્કાર.***

૮, રબીઉલ અવ્વલ, સોમવારના દિવસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને નુબુવ્વત મળી, આપે અલ્લાહના આદેશોનો પ્રચાર – પ્રસાર શરૂ ફરમાવ્યો, રિસાલતનો સંદેશ લોકો સુધી પહોંચાડયો અને ઉમ્મતની ખેરખ્વાહી, ભલાઈની વાતો કહેવા લાગ્યા, આપની કોમ આ બધાથી આપની વિરોધી થઈ ગઈ અને સમગ્ર ઘરવાળાઓ સહિત આપનો બહિષ્કાર કર્યો.

***કાકા અબૂ તાલિબ અને હઝરત ખદીજા (રદી)ની વફાત.***

આ બહિષ્કાર ત્રણ વર્ષ ચાલ્યો, જયારે પૂરો થયો, ત્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉમર ૪૯ વર્ષની હતી, તેના આઠ મહીના, ૨૧ દિવસ પછી આપના કાકા અબૂ તાલિબ અવસાન પામ્યા અને એના ત્રણ દિવસ પછી હઝરત ખદીજા (રદી)નું અવસાન થયું.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

### જિન્નાતોની હાજરી અને ઈસ્લામ.

પચાસ વર્ષ, ત્રણ માસ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉમર થઈ ત્યારે 'નસીબીન' શહેરના રહેવાસી જિન્નાતો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં હાજર થયા અને મુસલમાન થયા.

### મેઅરાજ

એકાવન વર્ષ, નવ મહીનાની વયે રાત્રે આપને 'ઝમઝમ' અને 'મકામે ઈબ્રાહીમ'ની વચ્ચેથી સફર કરાવીને બયતુલ મુકદ્દસ પહોંચાડવામાં આવ્યા, પ્રથમ છાતી ચીરીને 'દિલ મુબારક' કાઢવામાં આવ્યું, અને ફરી પાછું ત્યાં જ મૂકીને ઈમાન – હિકમત એમાં ભરી દેવામાં આવ્યાં.

પછી બુરાક લાવવામાં આવ્યું, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એના ઉપર સવાર થયા અને આસમાન ઉપર લઈ જવામાં આવ્યા, હદીસમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું પોતાનું વર્ણન છે કે,

પહેલા આસમાન પર હઝરત આદમ (અલૈ.)થી,બીજા આસમાન પર ઈસા (અલૈ.) અને એમના માસી ભાઈ હઝરત યહયા (અલૈ.)થી, ત્રીજા ઉપર હઝરત યૂસુફ (અલૈ.)થી, ચોથા ઉપર હઝરત ઈદરીસ (અલૈ.)થી, પાંચમાં ઉપર હઝરત હારૂન (અલૈ.)થી, છટ્ઠા ઉપર હઝરત મૂસા (અલૈ.)થી, અને સાતમા આસમાન ઉપર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)થી મુલાકાત થઈ. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) બયતુલ મઅમૂરથી ટેક લગાવીને બેસેલા હતા. આ જ ટાણે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને આપની ઉમ્મત ઉપર પાંચ નામાઝો ફર્જ કરવામાં આવી.

### હિજરતની તારીખ

૫૩ વર્ષની ઉમર થઈ ત્યારે મક્કા મુકર્રમહથી મદીના શરીફ પ્રતિ હિજરત ફરમાવી. હિજરતની આ સફરનો આરંભ સોમવાર, ૮/ રબીઉલ અવ્વલના દિવસે થયો, અને સોમવારના દિવસે જ મદીના શરીફમાં પ્રવેશ ફરમાવ્યો.

### મક્કા ઇસ્લામનું આહવાન, આમંત્રણ અને પ્રચાર-પ્રસાર

નુબુવ્વત મળ્યા પછી ૧૩ વર્ષ મક્કા મુકર્રમહમાં આપનો વસવાટ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહયો, આ દરમિયાન આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ લોકોના ઘરોમાં તંબુઓમાં, ઉપરાંત ઉકાજ અને મજન્નહના મેળામાં, તેમજ હજના દિવસોમાં આવતા સમુહોમાં લોકો પાસે જતા, અને ફરમાવતા કે, કોઈ મને આશ્રય આપનાર છે ? કોઈ મારી સહાય કરનાર છે ? જેથી હું મારા પરવરદિગારનો સંદેશ પહોંચાડું, એને ફેલાવું, અને તેના બદલામાં તેને જન્નત મળે.

લોકો આ બધું જોઈ આંગળી ચીંધી હસતા રહેતા, અંતે અલ્લાહ તઆલાએ મદીનાના અન્સારી લોકોને મોકલ્યા, તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર ઈમાન લાવ્યા.

પરિસ્થિતિ એવી હતી કે, લોકો ઈસ્લામ અંગીકાર કરી ઘરે પાછા જતા તો એમના સઘળાં ઘરવાળાઓ પણ ઈસ્લામ સ્વીકારી લેતા, હવે અન્સારીઓના ઘરોમાં મુસલમાનોના એટલા સમુહો અસ્તિત્વમાં આવી ગયા કે તેઓ ખુલ્લે આમ ઈસ્લામ અને તેમના મુસલમાન હોવાને પ્રગટ કરી શકતા હતા.

## બયતુલ મુકદ્દસ પ્રતિ નમાઝ

મકકાના વસવાટ દરમિયાન હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બયતુલ મુકદસ પ્રતિ મોઢું કરીને નમાઝ પઢતા હતા અને તે એવી રીતે કે કાબા શરીફ પ્રતિ પણ પીઠ ન કરતા, બલકે એને પણ સામે રાખતા, મદીના આવ્યા પછી પણ સોળ કે સત્તર માસ સુધી બયતુલ મુકદસ તરફ મોઢું કરીને નમાઝ અદા ફરમાવી.

## હિજરતની સફરની અમુક વિગતો અને સહપ્રવાસીઓ.

હિજરતમાં હઝરત અબૂબક્ર (રદી.) અને એમના ગુલામ આમિર બિન ફુહયરહ (રદી.) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સંગાથે હતા, અબ્દુલ્લાહ બિન ઉરયકીત લયષી પથદર્શક અને રાહબર હતો, જે તે સમયે કાફિર હતો, પછી એ મુસલમાન બન્યો હોય એ પૂરવાર નથી.

હઝરત અબૂબક્ર સિદીક (રદી.) ફરમાવે છે કે, અમે રાત – દિવસ લગાતાર ચાલતા રહયા, બરાબર બપોરે જયારે રસ્તા પર આવન –



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જાવન બંધ પડી ગઈ તો એક મોટા પથ્થર પાસે છાયડાંમાં મેં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે જગ્યા સાફ – સમાંતર કરી અને મારી પાસે મોજૂદ ચામડાના બિસ્તરને પાથરી દીધું, અને પછી અરજ કરી કે, હવે આપ થોડો આરામ કરી લ્યો, હું આસપાસની સંભાળ રાખું છું.

ત્યાંથી હું ઉભો થયો, એટલામાં જ સામેથી એક ચરવૈયો આવતો દેખાયો, તે પણ આ પથ્થર તરફ જ આરામ માટે આવતો હતો, અને અહીયાં આરામ કરવો એનો ક્રમ પણ હતો.

મેં એને પૂછયું તું કોની બકરીઓ ચરાવે છે ?

એણે કહયું કે, આ જ શહેરના એક માણસની.

મેં પૂછયું તારી બકરીઓમાં દૂધ છે ? એણે કહયું હા છે,

તે એક બકરી મારી પાસે લઈ આવ્યો મેં બાવલાઓ પરથી ધૂળ ખંખેરીને થોડું દૂધ દોહયું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ખાતર જે પાણી સાથે લીધું હતું તે થોડું દૂધ ઉપર છાંટયું, જેથી દૂધ થોડું ટાઢું થઈ જાય.

પણ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જગાડવા યોગ્ય ન લાગતા હું થોભી ગયો, જયારે હુઝૂર સ્વયં જાગ્યા તો મેં દૂધ સામે ધર્યું, આપે દૂધ પીધું, આનાથી મને ઘણી જ ખુશી થઈ.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું, શું આગળ ચાલવાનો સમય થયો નથી ? મેં અરજ કરી કે હા સમય થઈ ગયો છે.

## સુરાકહ બિન માલિકના ઘોડાનું જમીનમાં ધસી જવું .

હઝરત અબૂબક્ર (રદિ.) ફરમાવે છે કે, અમે તુરંત ચાલી નીકળ્યા, આગળ અમે એક કઠણ જમીન વાળા વિસ્તારમાં પહોંચ્યા તો સુરાકાહ બિન માલિક બિન જુઅશુમ પાછળ આવી પહોંચ્યો, હઝરત અબૂબક્ર (રદી.)એ એને જોઈને રડી પડયા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અરજ કરી કે હે અલ્લાહના રસૂલ આપણે પકડાય ગયા.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હરગિજ નહી, અને પછી આપે અમુક દુઆઓ પઢી એટલે તુરંત એનો ઘોડો પેટ સુધી


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જમીનમાં ઉતરી ગયો. એણે કહયું કે હું સમજી ગયો કે તમે બન્નેએ બદુઆ આપી છે, હવે તમે મારા માટે દુઆએ ખૈર કરો, હું ખાતરી આપુ છું કે, લોકોને તમારાથી પાછા વાળી દઈશ અને તમને કોઈ તકલીફ નહીં આપું. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દુઆ ફરમાવી, એટલે તે બહાર નીકળી પાછો વળી ગયો, તેણે વાયદો પૂરો કર્યો અને આપને શોધવા આવતા લોકોને પાછા વાળી દીધા.

એક રિવાયત આ પણ છે કે તેણે તેના ભાથામાંથી એક તીર આપવા ઈચ્છયું, કે આ રાખી લો, રસ્તામાં ફલાણી જગ્યાએ મારા ઊંટો અને ગુલામો પાસેથી તમે પસાર થાઓ ત્યારે જરૂરત મુજબ તેમાંથી લઈ લેજો, પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : 'મને જરૂરત નથી.'

## ઉમ્મે મઅબદના તંબુ પર રોકાણ અને તે વેળાની બરકતો.

ચાલતાં – ચાલતાં ઉમ્મે મઅબદ ખુઝાઈય્યહના તંબુ પાસેથી પસાર થયા, તેણી એક હોશિયાર અને ચરિત્રવાન સ્ત્રી હતી, તેની ટેવ હતી કે તંબુની સામે બેસી રહેતી અને મુસાફિરો માટે ખાવા – પીવાની તકેદારી રાખતી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એની પાસેથી ખજૂર અને ગોશ્ત ખરીદવાની ઈચ્છા દર્શાવી, પણ તેની પાસે આ બન્ને વસ્તુઓ હતી નહીં, ઉલટાનું તેઓ પોતે આ દિવસોમાં ભુખ્યા અને દુકાળગ્રસ્ત હતા, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તંબુના ખુણામાં એક બકરી જોઈ પૂછયું, આ બકરી કેવી છે ?

ઉમ્મે મઅબદે કહયું કે આ બકરી અશકિતના લીધે ચાલી શકતી નથી, માટે બીજી બકરીઓ સાથે ચરવા પણ નથી જતી, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે શું એમાં દૂધ છે ?

– એ તો ઘણી જ અશકત છે, એમાં વળી દૂધ કયાંથી હોય ?

– તારી રજા હોય તો હું એનું દૂધ દોહી જોઉં .

– મારા મા – બાપ આપ પર કુરબાન ! જો તમને એમાં દૂધ દેખાતું હોય તો જરૂર દોહી લો.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બકરીને બોલાવીને એના


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બાવલાંઓ પર હાથ મુબારક ફેરવ્યો, બિસ્મિલ્લાહ પઢી અને ઉમ્મે મઅબદ અને તેની બકરી માટે દુઆ ફરમાવી, એટલામાં તો એના બાવલાં દૂધથી ભરાય ગયા, વાસણ મંગાવી દૂધ દોહયું અને સૌ પ્રથમ ઉમ્મે મઅબદને પીવાડયું, પછી એના ઘરના સભ્યોને. જયારે તેઓ ખૂબ ધરાય ગયા, તો પછી પોતાના સાથીઓને પીવાડયું, તેઓ પણ ધરાય ગયા, તો છેલ્લે પોતે પીધું, પછી ફરી વાર વાસણ ભરીને દૂધ દોહયું અને ઉમ્મે મઅબદને આપી દીધું, છેલ્લે ઉમ્મે મઅબદને 'બયઅત' ફરમાવ્યાં, અને ત્યાંથી મદીના સિધાવી ગયા.

### અદશ્ય પોકારનારના શે'ર.

સવારે મક્કામાં ઊંચા સાદે અમુક શે'ર સાંભળવામાં આવ્યા, પણ એ પોકારનાર કોણ છે, એની કોઈને ખબર નહી પડી, શે'ર આ પ્રમાણે છે :

جزى اللهُ ربُّ الناس خيرَ جزائه رفيقين قَالَا خَيْمتَي أمِّ معبدٍ

અલ્લાહ તઆલા એ બે સાથીઓને 'જઝાએ ખૈર' (શ્રેષ્ઠ બદલો) આપે, જેમણે બપોરે ઉમ્મે મઅબદના તંબૂમાં આરામ કર્યો હતો.

هُما نَزلا بالهُدى وَاهْتَدتْ بِهِ فقَدْ فازَ منْ أَمْسىٰ رفيقَ محمدٍ

તે બન્ને હિદાયત લઈને ત્યાં પહોંચ્યા અને એમનાથી ઉમ્મે મઅબદે હિદાયત મેળવી, મુહમ્મદનો દોસ્ત બનનાર નિઃશંક સફળ છે.

فيا لَقُصَيٍّ مازوَى اللهُ عنكم به من فِعَالٍ لاتُجازَىٰ وَسؤدَدِ

હે કુસય્ય કબીલાવાળાઓ, અલ્લાહ તમારાથી તમારા અનમોલ કાર્યો અને સરદારી છીનવી ના લે, હઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બરકતથી.

لِيَهْنِ بَنِى كَعْبٍ مَكَانُ فَتَاتِهِمْ وَمَقْعَدُهَا لِلمُؤمِنِيْنَ بِمَرْصَد

બની કઅબ કબીલાને પેલી ખાતૂનના કારણે મુબારકબાદ, અને એ ખાતૂનનું ઠેકાણું મુસલમાનો માટે પડાવ સ્થળ છે.

سَلُوا أُخْتَكُمْ عَنْ شَاتِها وإِنَائِهَا فَإِنكم إِنْ تَسْأَلُوا الشَّاةَ تَشْهَدِ

તમારી બહેનથી બકરી અને વાસણ વિશે પૂછી લ્યો, તમે પોતે


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બકરીથી પૂછશો તો તે પણ બતાવી દેશે.

دَعَاهَا بِشَاةٍ حَائِلٍ فَتَحَلَّبَتْ          لَهُ بِصَرِيْحٍ ضَرَّةُ الشَّاةُ مُزْبِدُ

દૂધ વિનાની ખાલી બકરી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મંગાવી, તો તે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બરકતથી દૂધાળી બની ગઈ એના આંચળ માખણવાળા ચોખ્ખા દૂધથી ભરાય ગયા.

فَغَادَرهَا رَهْناً لَدَيْهَا لِحَالِبٍ          يُرَدّدُهَا فِى مَصْدَرٍ ثُمَّ مَوْرِدِ

પછી તે બકરી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ત્યાં જ છોડી દીધી, એ દરેક આવતા – જતા માટે દૂધ આપતી હતી.

***ષોર ગુફામાં ખુદાના સંગાથનો મોઅઝિજહ (ચમત્કાર)***

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને હઝરત અબુબક્ર (રદી.) હિજરત અર્થે મક્કાથી નીકળ્યા તો મક્કા બહાર આવીને એક પહાડની ગુફામાં સાવચેતી ખાતર સંતાય ગયા, હઝરત અબુબક્ર (રદી.) ફરમાવે છે કે મેં શત્રુઓને જોયા કે તેઓ બિલ્કુલ અમારા માથા ઉપર આવી ગયા છે, મેં અરજ કરી કે, હે અલ્લાહના રસૂલ ! એમનામાંથી કોઈ એમના પગો તરફ નજર કરશે તો પગોની નીચે જ આપણને પણ જોઈ શકે છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે 'હે અબૂબક્ર જે બે માણસો સાથે ત્રીજો અલ્લાહ હોય, એમના વિશે શું વિચારો છો ?

***મદીનામાં પધરામણી .***

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જયારે મદીના પહોંચ્યા તો અન્સારી લોકો વિવાદ કરવા લાગ્યા કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કોના મહેમાન બને ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, ' હું અબ્દુલ મુત્તલિબના મામાઓ : બનૂ નજ્જાર પાસે મુકામ કરીશ, એનાથી એમનું સન્માન જળવાશે.

આ વેળા આપની પધરામણીથી ખુશ થઈને સ્ત્રી પુરૂષો ઘરોના છાપરે ચઢીને અને બાળકો – ગુલામો રસ્તાઓ પર પુકારવા માંડયા કે,

'હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પધાર્યા છે.'


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ : ૪

## નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની લડાઈઓ.

૨૨ લડાઈઓ મશ્હૂર છે.

(૧) વુદ્દાન : આમાં અબવા સુધી જવાનું થયું હતું, હિજરત પછી એક વરસ, બે મહીના દસ દિવસ વિત્યેની આ ઘટના છે.

(૨) બુવાત : કુરૈશના એક કાફલા સાથેની લડાઈ છે, એમાં ઉમય્યહ બિન ખલફ પણ હતો, પહેલી લડાઈના ૧ માસ ૩ દિવસ પછીની આ ઘટના છે.

(૩) બદરે ઊલા : (બદરની પહેલી લડાઈ) મદીનાની સરકારી ગોચરમાં ચરતા ઊંટોને લૂટી જનાર કુર્ઝ બિન જાબિરને પકડવા માટેની આ લડાઈ હતી, બીજી લડાઈના ૨૦ દિવસ પછીની આ ઘટના છે.

(૪) બદરે કુબરા : (બદરની મોટી લડાઈ) હિજરત પછી એક વરસ, આઠ મહીના પછી રમઝાનની સત્તરમી તારીખે આ લડાઈ થઈ. સહાબા (રદી.)ની સંખ્યા ત્રણસોથી કંઈક અધિક હતી, શત્રુઓ ૯૦૦ – ૧૦૦૦ વચ્ચે હતા, આ ફર્ક સ્પષ્ટ થવાનો દિવસ હતો, અલ્લાહ તઆલાએ આજે હક – બાતિલ, સત્ય– અસત્ય વચ્ચે તફાવત અને ફર્ક સ્પષ્ટ કરી દીધો. આ લડાઈમાં અલ્લાહ તઆલાએ પાંચ હઝાર વિશેષ નિશાન ધરાવતા ફરિશ્તાઓ વડે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મદદ ફરમાવી.

(૫) બની કયનિકાઅની લડાઈ.

(૬) સવીકની લડાઈ : અબૂ સફયાન સખ્ર બિન હર્બની તપાસ – શોધ માટેની આ લડાઈ હતી.

(૭) બનૂ સુલૈમની લડાઈ : 'કુદ્ર' નામી સ્થળે આ લડાઈ થઈ.

(૮) ઝી અમ્રની લડાઈ. આને જ 'ગતફાનની લડાઈ' પણ કહે છે, અને


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

'અન્મારની લડાઈ' પણ આનું જ નામ છે, છેલ્લી ચારેવ ઘટનાઓ હિજરી સન – ૨ ના બાકીના દિવસોમાં ઘટી છે.
(૯) ગઝવએ ઉહદ : સન હિ.૩. આ લડાઈમાં હઝરત જિબ્રઈલ અને હઝરત મિકાઈલ (અલૈ.) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ડાબે – જમણે ઉભા રહીને સખત લડાઈ લડયા.
(૧૦) બની નઝીરની લડાઈ : ઉહદના સાત માસ, દસ દિવસ પછી.
(૧૧) ઝાતુર્રિકાઅની લડાઈ : બનૂ નઝીરની લડાઈના બે માસ, વીસ દિવસ પછીની ઘટના છે. આમાં જ સલાતુલ ખૌફ અદા ફરમાવી.
(૧૨) દૂમતુલ જન્દલની લડાઈ : ઝાતુર્રિકાઅના બે માસ, ચાર દિવસ પછી આ લડાઈ થઈ.
(૧૩) બનુલ્મુસ્તલકની લડાઈ : દૂમતુલ જન્દલના પાંચ મહીના, ત્રણ દિવસ પછીની આ ઘટના છે. એમાં જ જુઠાઓએ હઝરત આઈશહ (રદી.) ઉપર તહોમત મૂકી હતી.
(૧૪) ખન્દકની લડાઈ : હિજરતના ચાર વરસ, દસ મહિના, પાંચ દિવસ વીત્યેની આ ઘટના છે.
(૧૫) બનૂ કુરયઝહની લડાઈ : ખન્દકની લડાઈના ૧૬ દિવસ પછી.
( ૧૬) બનુ લહયાનની લડાઈ : બનૂ કુરયઝહના ત્રણ માસ પછી.
(૧૭) ગાબહની લડાઈ : સન. હિ. ૬ ની ઘટના, હુદયબિયહના ઉમરહવાળી ઘટના પણ આ વરસે જ ઘટી છે.
(૧૮) ખયબરની લડાઈ : હિજરતના સાત વરસ, ૧૧ દિવસ પછીની ઘટના છે. એના છ મહીના, દસ દિવસ પછી ઉમરહની નિય્યત ફરમાવી હતી.
(૧૯) ફત્હે મક્કા : હિજરતના સાત વરસ, આઠ મહીના ૧૧ દિવસ પછી.
(૨૦) હુનૈન : 'ફત્હે મક્કા' પછીની લડાઈ છે, અલ્લાહ તઆલાએ એમાં નબીએ કરીમ સલ્લલ્લાહ અલયહિ વ સલ્લમની મદદ માટે ફરિશ્તાઓ ઉતાર્યા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૨૧) તાઈફ : સન. હિ. ૮ ની જ ઘટના છે. આ જ વરસે અત્તાબ બિન અસીદ (રદી.)એ લોકો સાથે હજ અદા ફરમાવી.
(૨૨) તબૂક : હિજરતના આઠ વરસ, છ માસ, પાંચ દિવસ પછી આ લડાઈ થઈ. આ જ વરસે હઝરત અબૂબક્ર (રદી.)એ અન્ય સહાબા સાથે હજ અદા ફરમાવી.

હઝરત ઝૈદ બિન અરકમ (રદી.)થી રિવાયત છે, તેઓ ફરમાવે છે કે, મેં હુઝૂર સલ્લલ્લાહ અલયહિ વ સલ્લમ સંગાથે ૧૭ ગઝવહ કર્યા અને બે માં જોડાઈ શકયો નહીં.

ઈબ્ને ઈસ્હાક, અબૂ મઅશર અને મૂસા બિન ઉકબા વગેરેનું કથન છે કે, હુઝૂર સલ્લલ્લાહ અલયહિ વ સલ્લમે પોતે ૨૫ ગઝવહ કર્યા, એક કથન ૨૭ ગઝવહનું છે, એ ઉપરાંત આપ સલ્લલ્લાહ અલયહિ વ સલ્લમ દ્વારા સહાબાના નેતૃત્વમાં મોકલવામાં આવેલ નાની ટુકડીઓની સંખ્યા લગભગ ૫૦ છે.

આ બધામાં નબીએ કરીમ સલ્લલ્લાહ અલયહિ વ સલ્લમે પોતે ૭ ગઝવહમાં જ લડાઈ લડયા છે, બદર, ઉહદ, ખન્દક, બનુકુરયઝહ, મુસ્તલક, ખૈબર અને તાઈફ. અમુક સીરતકારોના મત મુજબ વાદીયુલકુરા, ગાબહ અને બનૂ નઝીરમાં પણ આપ લડાઈ લડયા છે.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૫

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હજ અને ઉમરહનું વર્ણન

## આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કેટલા હજ કર્યા ?

હિજરત પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફકત એક હજ કર્યો છે, અને એમાં લોકોને વિદાયી (છેલ્લું) સંબોધન કરતાં ફરમાવ્યું હતું કે, 'કદાચ આ વરસ પછી તમે મને જોઈ શકશો નહી,'

આ જ કારણે તેને 'હજજતુલ વદાઅ' (વિદાયની હજ) કહે છે. હિજરત પહેલાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બે હજ કર્યા છે.

## હજનું ફર્જ થવું અને નાયબ અમીરે હજ

હિજરી સન ૬ માં હજ ફર્જ ઠેરવવામાં આવી, પછી સન હિજરી ૮ માં મક્કા જીતાયું. આ વરસે અત્તાબ બિન અસીદ (રદી.)ને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાના નાયબ રૂપે 'અમીરે હજ' નિયુકત ફરમાવ્યા.

હિજરી સન ૯ માં હઝરત અબૂબક્ર (રદી.)એ (નાયબ) અમીરે હજ બનીને લોકોને હજ કરાવ્યો, પાછળથી હઝરત અલી (રદી.)ને પણ મોકલ્યા, કે તેઓ 'સૂરએ બરાઅત'ની જાહેરાત કરી દે. હઝરત અલી (રદી.)એ 'સૂરએ બરાઅત' નાઝિલ થવાની જાણ ફરમાવીને એલાન કર્યું કે, હવે પછી કોઈ પણ મુશ્રિક હજ કરે નહીં અને કોઈ પણ માણસ નગ્ન અવસ્થામાં કાબા શરીફનો તવાફ ન કરે.

## હજજતુલ વદાઅ - વિદાયની હજ

સન હિજરી ૧૦ માં એલાન કરવામાં આવ્યું કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સ્વયં હજ માટે જઈ રહયા છે, આ જાણી અનેક લોકો મદીના શરીફ પહોંચ્યા, બધાની જ ઈચ્છા હતી કે, હુઝૂર સલ્લલ્લાહુ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલયહિ વ સલ્લમનું અનુસરણ કરે, અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની જેમ હજ અદા કરવાનો અવસર પ્રાપ્ત થાય.

હૂઝુર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેલ, ખુશ્બૂ, કાંસકી, વાપરીને પૂરી તૈયારી ફરમાવીને દિવસે સફરનો આરંભ ફરમાવ્યો. 'ઝુલ હુલયફહ'માં રાતવાસો ફરમાવ્યો અને ફરમાવ્યું કે, આજે રાત્રે મારા પરવરદિગારના દૂત – ફરિશ્તાઓએ આવીને કહયું કે, આ તળેટીમાં બે રકાત અદા ફરમાવો, અને કહો : 'હજ સાથે ઉમરહ'.

હૂઝુર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે 'ઝુલ હુલયફહ'માં બે રકાત પઢીને ઉમરહ અને હજનો એહરામ બાંધ્યો અને ત્યાં જ બન્ને માટે તલબિયહ પઢયો, (નિય્યત ફરમાવી). અનેક લોકોએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી આ સાંભળ્યું, સાંભળનારાઓમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદી.) પણ છે.

પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સવાર થયા અને ઊંટણી આપને લઈને બરાબર સીધી ઉભી થઈ ગઈ તો ફરી તલબિયહ પઢયો. પછી જયારે 'બયદાઅ'ની ઊંચાઈએ પહોંચ્યા તો ફરી તલબિયહ પઢયો. આ જ કારણે કોઈએ ઊંટણીના ઉભા થવા ટાણે અને કોઈએ બયદઅની ટોચે તલબિયહ પઢવાનું વર્ણન કર્યું છે. કદી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હજ અને ઉમરહ બન્ને માટે તલબિયહ પઢતા અને કદી હજ માટે. આ જ કારણે ઘણા લોકોનું કહેવું છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ 'મુફરિદ' હતા. (એટલે કે ફકત હજનો એહરામ બાંધ્યો હતો.)

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઊંટણી ઉપર એક જૂની કાઠી (જીન–પલાણ) ઉપર ઊનની એક જૂની ચાદર પાથરીને સવાર હતા, અને દુઆ કરતા હતા કે, હે અલ્લાહ ! 'આ હજને એવો બનાવી દે કે એ દેખાવ અને પ્રસિદ્ધિ માટે ન હોય'.

### *હજ્જતુલ વદાઅ (વિદાયની હજ) બાબત હઝરત જાબિર (રદી.)ની રિવાયત :*

હઝરત જાબિર (રદી.) ફરમાવે છે કે, 'જયાં સુધી મારી દ્રષ્ટિ હતી


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપની ચારે તરફ પગપાળા અને સવાર લોકોની મેદની હતી, આપ અમારી  વચ્ચોવચ હતા, આપ ઉપર કુર્આને કરીમ નાઝિલ થઈ રહયું હતું, જેના અર્થ – ભાવાર્થ અને આશયોને આપ સમજતા હતા, અને અમે બધા દરેક કાર્યોમાં આપનું અનુસરણ કરતા હતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે 'બત્હાઅ ષનિય્યહ ઉલયા'ની દિશાએથી રવિવારે સવારે મક્કામાં પ્રવેશ ફરમાવ્યો અને ઈજતેબાઅ (એહરામમાં જમણો ખભો ખુલ્લો) કરીને તવાફે કુદૂમ અદા કર્યો, ત્રણ ચક્કર 'રમલ' (છાતી કાઢીને ચાલવામાં થોડી ઝડપ) કરીને કર્યા અને બીજા ચક્કરો રમલ વગર અદા કર્યા, પછી (સઈ માટે) સફા પહાડ ઉપર પહોંચ્યા, થોડી સઈ પગપાળા ફરમાવી પછી ભીડ વધી ગઈ તો બાકીની સઈ સવાર થઈને પૂર્ણ ફરમાવી અને પછી 'હજૂન'ની ઉપલી તરફ આપે પડાવ ફરમાવ્યો.

૮ / ઝીલ્હજ, 'યવમુત્તરવિયહ'ના દિવસે આપ સલ્લાહુ અલયહિ વ સલ્લમ મિના સિધાવ્યા, ત્યાં ઝોહર, અસર, મગરિબ, ઈશાની નમાઝો પઢી, રાત્રિ પણ ત્યાં જ રોકાયા, પછી સવારની નમાઝ પણ ત્યાં અદા ફરમાવી. અને સુર્યોદય પછી અરફાત જવા નીકળ્યા, અરફાતના મેદાનમાં નમિરહ નામી પહાડની તળેટીમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે તંબુ ઉભો કરવામાં આવ્યો, આપે એમાં રોકાણ કર્યું અને ઝવાલ (સૂરજ ઢળ્યા) પછી સંબોધન ફરમાવ્યું. આજે ઝોહર – અસરની નમાઝ એક સાથે પઢાવી, અઝાન એક વાર અને ઈકામત બે વાર કહેવામાં આવી. પછી 'મવકફ' (જબલે રહમતની નીચે) તશ્રીફ લાવ્યા, અને પોતાની કુસ્વા નામી ઊંટણી ઉપર જ સવાર રહીને દુઆ, તકબીર અને કલિમહમાં પ્રવૃત્ત રહયા.

સુર્યાસ્ત પછી મુઝદલિફહ પ્રતિ રવાના થયા, રાત ત્યાં પસાર કરી, સવારની નમાઝ અદા ફરમાવી અને મુઝદલિફહના કુઝહ નામી પહાડ ઉપર રોકાણ ફરમાવ્યું, અહિંયા પણ દુઆ તકબીર અને કલિમહમાં પ્રવૃત્ત રહયા, જયારે બરાબર અજવાળું થઈ ગયું તો સુર્યોદય પહેલાં જ રવાના


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

થઈ ગયા, વાદિયે મુહસ્સિર પાસેથી પસાર થયા તો ઊંટણીની ઝડપ વધારી દીધી, અને પછી મિના પહોંચીને જમરએ અકબહ ઉપર સાત કાંકરીઓ મારીને રમી અદા ફરમાવી.

ત્યાંથી 'મન્હર' (કુરબાનીના સ્થળ) પ્રતિ રવાના થયા, સાથે હઝરત બિલાલ (રદી.) અને હઝરત ઉસામહ (રદી.) હતા, એકના હાથમાં ઊંટણીની લગામ અને બીજાના હાથમાં એક કપડું હતું, જેના વડે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તડકાથી બચાવવા છાંયડો કરતા હતા, ધક્કા – મુક્કી કે હટો – બચોનો કોઈ ઘોંઘાટ ત્યાં ન હતો.

કુરબાનીના સ્થળે પહોંચીને ૧૦૦ ઊંટોની કુરબાની ફરમાવી, ૬૩ પોતે અને બાકીની હજરત અલી (રદી.) દ્વારા કરાવીને એમને પોતાની કુરબાનીમાં ભાગીદાર બનાવ્યા.

ત્યાંથી બયતુલ્લાહ શરીફ પધાર્યા અને સાત ફેરા ફરીને તવાફ કર્યો, પછી ઝમઝમ શરીફ ઉપર આવીને પાણી પીધું અને પાછા મિના ચાલ્યા આવ્યા, દસમી ઝીલ્હજનો બાકી દિવસ અને પછીના 'તશ્રીક'ના ત્રણ દિવસો ત્યાં રોકાણ ફરમાવ્યું. આ રોકાણ દરમિયાન દરરોજ સાત કાંકરીઓથી ત્રણેવ જમરાતની રમી પગપાળા ચાલીને કરતા રહયા, 'ખૈફ'થી નિકટવાળા જમરહની રમી પહેલાં, પછી વચ્ચેના અને અંતે છેલ્લા જમરહ પર રમી કરતા. આમાં પહેલા અને બીજા જમરહની રમી પછી લાંબી દુઆ પણ ફરમાવતા હતા.

દસમી ઝીલ્હજ (યવમુન્નહર)ના ત્રણ દિવસ પછી મિનાથી કૂચ કરી 'મુહસ્સબ' માં આવીને ઉતર્યા, ત્યાં ઝોહર, અસર, મગરિબ, ઈશા અદા ફરમાવી. થોડી રાત્રિ આરામ પણ ફરમાવ્યો, આ જ રાતે હઝરત આઈશા (રદી.)ને 'તન્ઈમ'થી થી ઉમરહ કરાવ્યો, જયારે તેઓ ઉમરહથી પરવારી ગયા તો આગળ ચાલવાનો હુકમ ફરમાવ્યો. મક્કા પહોંચીને તવાફે વદાઅ કર્યો અને મદીના જવા નીકળી પડયા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મક્કા રોકાણ અને હજના દિવસો, બધું મળીને દસ દિવસની મુદત છે. મેં (મૂળ લેખક મુહિબુદિન


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અહમદ બિન અબ્દુલ્લાહ તબરીએ) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હજ વિશે એક કિતાબ સંપાદિત કરી છે, જેમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મદીનાથી નીકળીને મદીના પરત આવવા સુધીની દરેક બાબતો, ઘટનાઓ અને આદેશો મારી જાણકારી પ્રમાણે વિગતવાર વર્ણન કર્યા છે. .

## આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉમરહ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કુલ ચાર ઉમરહ છે, અને ઝીકઅદહમાં જ થયા છે.

(૧) ઉમરએ હુદયબિયહ : (હિજરી સન : ૬)

પ્રથમ આ ઉમરહ કરવાથી મુશ્રિકોએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અટકાવ્યા હતા, અને પછી સુલેહમાં નક્કી કરવામાં આવ્યું કે, આવતા વરસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉમરહ માટે પધારે, મુશ્રિકો ત્રણ દિવસ – રાત્રિ મક્કા ખાલી કરીને પહાડો ઉપર ચાલ્યા જશે. આમ સુલેહ થતાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એહરામ ખોલી નાંખ્યો અને સાથે લાવેલ સિત્તેર ઊંટો ઝબહ કરી નાંખ્યા, આ ઊંટોમાં અબૂજહલનું ઊંટ પણ હતું, જેના નાકમાં ચાંદીની કડી પહેરાવેલી હતી, મુશ્રિકો એના ઝબહ કરવાથી રોષે પણ ભરાયા.

(૨) ઉમરતુલ કઝા.

ત્યાર પછીના વરસે હિજરી સન ૭ માં આ ઉમરહ થયો.

આ માટે ઝુલહુલયફહથી એહરામ બાંધ્યો અને મક્કા પહોંચીને ઉમરહ કરીને એ એહરામ ખોલ્યો, આ વખતે ત્રણ દિવસ મક્કામાં રોકાયા, હઝરત મયમૂનહ હિલાલિયહ (રદિ.)થી આ ઉમરહ પહેલાં જ નિકાહ ફરમાવ્યા. પણ હજુ એકાંતવાસ ભોગવ્યો ન હતો, ઉમરહથી પરવારીને હઝરત ઉસ્માન (રદિ.) મારફતે મુશ્રિકોને સંદેશો મોકલાવ્યો કે જો તમે રાજી હોય તો હું ત્રણ દિવસ વધુ રોકાયને તમને વલીમહ ખવડાવું અને મારી પત્ની જોડે એકાંતવાસ કરું, એમણે જવાબ મોકલાવ્યો કે અમને તમારો વલીમો નથી જોઈતો. તમે ત્યાંથી ચાલ્યા જાઓ.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ત્યાંથી નીકળીને 'સરિફ' સ્થળે આવ્યા, આ મક્કાથી દસ માઈલના અંતરે છે, અને ત્યાં પોતાની પત્ની સાથે રાતવાસો કર્યો.

(૩) ઉમરએ જિઈર્રાનહ :

આ સન હિ. ૮ માં થયો.

મક્કા મુકર્રમહ ફતેહ થયા પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તાઈફ તશરીફ લઈ ગયા, ત્યાં એક મહીનો રોકાયા, ત્યાંથી હટીને 'દહનાઅ' પ્રતિ આવ્યા, ત્યાંથી 'કરને મનાઝિલ', ત્યાંથી 'નખ્લહ', અને અંતે જિઈર્રાનહ પહોંચ્યા, અહીંયા 'હવાઝિન' કબીલાના લોકો મળવા આવ્યા અને ઈસ્લામ સ્વીકાર કર્યો.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અહીંયાથી જ ઉમરહનો એહરામ બાંધ્યો અને ઉમરહ કરવા મક્કા શરીફમાં પ્રવેશ કર્યો, ઝીલ્કઅદહ મહીનો પૂર્ણ થવાને ૧૨ દિવસની વાર હતી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉમરહથી પરવારીને રાત્રે જ જિઈર્રાનહ પરત આવી ગયા, જાણે રાત્રે પણ અહીંયા જ રોકાયા હોય, અને પછી મદીના પ્રતિ કૂચ કરી.

(૪) ચોથો ઉમરહ હજ સાથે અદા ફરમાવ્યો.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ : ૬

**<u>નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પવિત્ર નામો :</u>**

હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે,

હું મુહમ્મદ છું.

હું અહમદ છું.

હું માહી (مـاحی)(નષ્ટ કરનાર) છું. મારા વડે અલ્લાહ કુફ્ર નષ્ટ કરે છે.

હું હાશિર (حـاشر ભેગો કરનાર ) છું. એટલે કે લોકો મારા ચરણોમાં ભેગા થશે.

હું આકિબ ( عاقب અંતિમ) છું, મારા પછી કોઈ નબી નથી.

એક રિવાયતમાં છે કે, હું મુકફ્ફી છું. (مقفی : છેલ્લો)

હું નબીયુત્તવબહ છું (نبی التوبه : તોબાનો નબી)

હું નબીયુલ્મરહમહ છું (نبی المرحمه : રહમતનો નબી)

એક રિવાયતમાં છે કે,

હું નબીય્યુલ્મલ્હમહ છું. (نبی الملحمة : લડાઈનો નબી)

અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે બશીર, નઝીર, સિરાજ, મુનીર, રઉફ, રહીમ, રહમતુલ્લીલ્આલમીન, મુહમ્મદ, અહમદ, તાહા, યાસીન, મુઝ્ઝમ્મિલ અને મુદષ્ષિર નામોનો ઉલ્લેખ કર્યો છે. (વાપર્યા છે)

سبحـان الـذی اسـری بعبده માં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે 'عبد' (અબ્દ)

وانّما قام عبد الله يدعوه માં 'عبد الله ' (અબ્દુલ્લાહ)

قل إنی أنا النذير المبين માં 'نذير مبين' નઝીર – મુબીન.



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને إنما أنت مذكر માં મુઝક્કિર (مذکر)નામ વાપર્યું છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અન્ય ઘણા નામો આવે છે. અમુક નામો આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| મુતવક્કિલ | (متوکل) | ફાતિહ | (فاتح) |
| ખાતમ | (خاتم) | ઝહૂક | (ضحوك) |
| કત્તાલ | (قتّال) | અમીન | (امين) |
| મુસ્તફા | (مصطفى) | રસૂલ | (رسول) |
| નબી | (نبى) | ઉમ્મી | (امّى) |
| કુષમ | (قثم) | | |

આમાં વધુ પડતા નામો સિફાતી એટલે કે ગુણદર્શક છે.

માહી, હાશિર, આકિબ અને મુકફફીનો અર્થ તો ઉપર આવી ગયો.

મરહમહનો અર્થ છે : રહમત – કૃપા અને મલ્હમહનો અર્થ છે : યુદ્ધો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ગુણ 'ઝહૂક' તવરાતમાં વર્ણવવામાં આવ્યો છે, ઈબ્ને ફારિસના મત મુજબ પ્રફુલ્લ સ્વભાવ અને ખુશ મિઝાજ હોવાના કારણે આપનું નામ 'ઝહૂક' રાખવામાં આવ્યું.

'કુષમ'ના બે અર્થ છે,

(૧) વિપુલ પ્રમાણમાં દાન કરવું, હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વર્ષાઋતુની હવાઓથી પણ વધુ સખી અને દાનવીર હતા, માટે આપને કુષમ કહેવામાં આવ્યા.

(૨) ભલાઈ – ખેરને ભેગી કરનારને કુષમ કહેવામાં આવે છે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાના અંદર સૌથી વધારે ખેર ભેગી કરનાર હતા, એટલે આપને કુષમ કહેવામાં આવ્યા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ : ૭

## આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ગુણો વગેરે

હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મધ્યમ કદના હતા, ન વધારે લાંબા, ન એવા ટુંકા કદના કે કોઈની નજર આપના બદલે કોઈ બીજા પ્રતિ દોરાય જાય, એટલે કે આપ એક યોગ્ય કદ – બાંધો ધરાવતા હતા અને બન્ને ખભા વચ્ચેનો ભાગ વિશાળ હતો.

લાલાશ ભર્યા ગોરા રંગના હતા, અમુક કહે છે કે એ લાલાશ નહીં, સોનેરીપણું (સુવર્ણતા) હતી. ચૂના જેવા સફેદ નહીં અને એવા ઘઉવર્ણા પણ ન હતા જેમાં વધારે શ્યામલતા હોય.

પવિત્ર વાળ વાંકુડિયા (ઘુંગરાલા) હતા, લાંબા થતા હતા તો કાનની બુટ્ટી સુધી અને નાના હોય ત્યારે અડધા કાન સુધી.

દાઢી અને માથાના વાળોમાં  વીસ વાળ પણ સફેદ ન હતા.

ગળું મુબારક તો જાણે ચાંદી કે હાથીદાંતની સુંદર અને ચોખ્ખી ચણાક મુરત.

ચમકતું મુખ, ચૌદમીનાં ચંદ્રની જેમ પ્રકાશિત હતું.

સઘળા અવયવો સુડોળ અને યથાયોગ્ય હતા.

માથું યોગ્ય પ્રમાણમાં મોટું અને વાળ ગીચ હતા. વાળ ખર્યા ન હતા.

ચહેરો પણ દુબળો પડયો – કરમાયો ન હતો, પરંતુ સદા પુષ્ટ ખીલેલો અને ચળકતો જ રહયો.

આંખોની કાળાશ અત્યંત સુંદર અને ચમકદાર હતી. પાંપણો લાંબી હતી.

અવાજમાં દઢતા અને શકિત હતી.

ગળું રૂડું રૂપાળું લાંબુ,


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને દાઢી ભરાવદાર.

ચૂપ હોતા ત્યારે શાન – દબદબો છવાયેલાં રહેતા, બોલતા ત્યારે ઉજાસ – પ્રકાશ પથરાય જતો, દૂરથી જોવામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સહુથી સુંદર જાજરમાન અને નિકટથી જોવામાં સૌથી રૂપાળા રૂડા. વાણીમાં મીઠાશ અને પ્યાર, વાત પણ સરળ, સીધી, સ્પષ્ટ અને મધ્યમ; ન લાંબી, ન ટુંકી અને શબ્દો તો જાણે અણમોલ મોતીના પરોવેલા દાણા !

પવિત્ર કપાળ પહોળું, ભવાં પહોળા અને અણીદાર, બન્ને ભવાં જુદાં હતાં અને વચ્ચે એક નસ હતી જે ક્રોધ ટાણે ઉપસી આવતી હતી, નાક ઊંચી લાગતી હતી, ઉપર ચમકારો મારતું પ્રકાશ હતું, પ્રથમ નજરે જોનાર એમ સમજતો કે આપની નાક જ ઊંચી છે.

આંખોની કીકી કાળી ભમ્મર અને ગાલ આછા સમાન, મોઢું પહોળું અને દાંત ચમકદાર, સામેના દાંત થોડા પહોળા હતા.

છાતીથી દૂંટી સુધી તલવાર જેવી વાળોની એક પાતળી લીટી હતી. છાતી અને પેટ ઉપર બીજા કોઈ વાળ ન હતા, હા, ખભા ઉપર અને બાવડાંઓ ઉપર વાળ હતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હષ્ટ – પુષ્ટ હતા, શરીર ઘાટીલું હતું, છાતી અને પેટ સમતોલ હતા, સાંધાના હાડકાં મજબૂત અને મોટા હતાં, શરીરનો ખુલ્લો રહેતો ભાગ ઉજળો હતો, છાતી પહોળી, કલાઈ લાંબી, હથેળી વિશાળ અને હાથ–પગ ભરાવદાર અને માંસલ હતા, આંગળીઓ લાંબી અને સુંદર હતી, શરીર અને કદ સંપૂર્ણ સીધું હતું, પગના તળિયાં ઊંડા તેમજ પંજા સુવાળા અને સાફ હતા, પાણીનું ટીપું પણ પંજા ઉપર ચોટતું ન હતું.

ચાલતી વેળા દઢતાથી કદમ ઉઠાવતા અને કંઈક આગળ નમીને સહજતાપૂર્વક થોડું ઝડપી ચાલતા, એમ લાગતું કે જાણે આપ ઊંચાઈએથી ઉતરી રહયા હોય, કોઈની તરફ ધ્યાન આપતા તો પુરૂં ધ્યાન આપતા.

આપના બન્ને ખભા વચ્ચે 'મુહરે નુબુવ્વત' હતી, કબૂતરીના ઈંડા જેવડી, શરીર જેવો જ એનો રંગ હતો, અને ઉપર તલ હતા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પરસેવો મોતીના દાણા જેવો ચમકતો હતો અને સુગંધીદાર મુશ્કથી વધારે સુગંધી હતો.

આપના ગુણ વર્ણવનારે કહયું છે કે મેં આપના પૂર્વે અને પછી પણ આપના જેવો કોઈ માણસ નથી જોયો. *સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ*

હઝરત બરાઅ બિન આઝિબ (રદિ.) ફરમાવે છે કે, મેં રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને લાલ કપડાંની જોડ પહેરેલા જોયા, તો મને લાગ્યું કે આપનાથી સુંદર કોઈ વસ્તુ મેં નથી જોઈ.

હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હથેળી કરતાં વધુ નરમ તો રેશમ પણ મેં નથી જોયું અને આપની ખુશ્બૂ કરતાં વધુ સુંદર ખુશ્બૂ પણ નથી જોઈ.

હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે હઝરત અબૂબક્ર (રદિ.) જયારે આપને જોતા તો ફરમાવતા હતા કે,

امین مصطفی بالخیر یدعو کضوء البدر زایله الظلام

આપ અમાનતદાર છો, પ્રિતીપાત્ર છો, ભલાઈનું આહવાન કરો છો, જેમ ચૌદમી રાતના ચાંદના ઉજાસથી અંધારા દૂર થઈ જાય છે.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, હઝરત ઉમર (રદિ.) ઘણીવાર ઝુહૈર બિન અબૂ સલ્મહ દ્વારા હરિમ બિન સિનાનના વખાણ માટે કહેલ શે'ર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે ઉચ્ચારતા રહેતા હતા,

لو کنت من شئ سوی بشر کنت المضئ للیة البدر

જો તમે માણસ સિવાય કોઈ બીજી વસ્તુ હોત તો ચૌદમી રાતને રોશન કરનાર જ હોત.

પછી હઝરત ઉમર (રદિ.) અને એમના સાથીઓ કહેતા કે આ શાન અને સુંદરતા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની છે, કોઈ બીજાની નથી.

આપની શાન – સ્તૃતિમાં કાકા અબૂ તાલિબ આ શે'ર ઉચ્ચારતા હતા,

وأبیض یستسقی الغمام بوجهه –ثمال الیتامی عصمة للأرامل


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

يـطيف بـه الهـلاك من ال هاشم- -فهـم عـنـده فـى نـعمة و فضائل
وميـزان حـق لا يـخيـس شعيرة- -ووزان عــدل وزنـــه غيـر عـائـل

**આપ ઉજળા, સુંદર, સફેદ રંગવાળા છે, આપની બરકતથી પાણી ભરેલા વાદળો માંગવામાં આવે છે, આપ યતીમો ઉપર રહેમ કરનાર અને બેવાઓની રક્ષા કરનાર છે.**

**હાશિમ વંશમાંથી નિસહાય લોકો આપની પાસે આવે છે અને તેઓ આપની પાસે આવીને ઈનામ અને ઉચ્ચતા મેળવે છે.**

**આપ સત્યનું ત્રાજવું છે, એક દાણા જેટલું પણ ઓછું નથી કરતા , ન્યાય સાથે વજન કરે છે, અને આપના તોલમાપમાં ઓછું – વધતું નથી હોય શકતું.**

*....... સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ......*



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ : ૮

## આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ગુણો અને સંસ્કારો

આ પ્રકરણમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો સહાબા સાથે સંસ્કારભર્યા વર્તાવ, રહેણી – કરણી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બેસવા – સૂવા, વાતચીત કરવા, હસવા, ખાવા, પીવા, ઈબાદત કરવા અને ખુશ્બૂ, સુરમો લગાડવા, કપડાં પહેરવા, વાળ ઓઢવા, મિસ્વાક કરવા, અને રમૂજ કરવા વગેરે બાબતોનું વર્ણન છે.

હઝરત આઈશહ (રદિ.)થી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સંસ્કારો, અખ્લાક વિશે પૂછવામાં આવ્યું તો હઝરત આઈશહ (રદિ.)એ ફરમાવ્યું કે આપના અખ્લાક કુર્આન (ઉપર અમલ) છે, જેનાથી કુર્આન નારાજ એનાથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ નારાજ અને જેનાથી કુર્આન રાજી એનાથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ રાજી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું કોઈના પર ક્રોધિત થવું અથવા બદલો લેવું – સજા આપવું વ્યકિતગત સ્વાર્થ ખાતર ન હોતું, બલકે અલ્લાહની મનાઈ – હરામ ફરમાવેલ બાબતોને કોઈ તોડતું તો આપ એને સજા આપતા, અને નારાજ થતા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જયારે ક્રોધિત થતા તો પછી કોઈ પણ સામે આવી શકતું નહીં.

આપની છાતી સૌથી વધુ બહાદુરી અને હિમ્મતથી ભરેલી હતી. હઝરત અલી (રદિ.) ફરમાવે છે કે અત્યંત ઘમસાણ અને ભીષણ લડાઈ વેળા અમે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પનાહમાં બચાવ શોધતા હતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સૌથી મોટા સખી અને દાનવીર હતા, કદી કોઈના સવાલ – માંગણીના જવાબમાં 'ના' ન કહેતા. સખાવત


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને દાન રમઝાનમાં ઓર વધી જતાં, દીનાર–દિરહમ રાત્રે આપના ઘરમાં રોકાય શકતા ન હતા. કદી કંઈ બચી ગયું, કોઈ લેનાર ન મળ્યું અને રાત પડી ગઈ તો રાત વિતાવવા આપ ઘરે આવતા નહીં, તે બચેલ માલ કોઈ જરૂરતમંદને આપીને નચિંત થઈને જ આવતા.

અલ્લાહ તઆલા આપને જે કંઈ આપતા એમાંથી વર્ષભરના ખર્ચ માટે એટલું જ રાખતા, જે અત્યંત જરૂરતના સમયે આપને પૂરતું થઈ રહે, અને તે પણ અત્યંત સામાન્ય વસ્તુઓ રાખતા, જેમ કે ખજૂર, જવ. બાકી બધું અલ્લાહની રાહમાં ખર્ચ કરી દેતા અને પોતાના માટે કંઈ પણ સંગ્રહ કરતા નહી, ઘરવાળાઓ માટેની આ રોઝીમાંયે ઘણી વાર અન્યોને પ્રાથમિકતા આપી દેતા, પરિણામે વર્ષ પુરૂં થતાં પહેલાં જ એ બધું ખતમ થઈ જતું અને જરૂરત સામે આવી જતી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પૂર્ણ સાચા, સૌથી વધુ વફાદાર, વાયદાના પાકા અને સૌથી વધુ નરમ સ્વભાવના હતા, આપનો કબીલો સૌથી વધુ સન્માનીય હતો, ખાદિમો – સેવકો આપની ખિદમત – સેવા માટે સદા હાજર અને લોકો આપના આજ્ઞાપાલન માટે હરપળ તત્પર રહેતા.

આપ કડક અને ચીડ સ્વભાવના ન હતા, મોટા ગજાના અને મહાન હતા, સૌથી વધુ સહનશીલ હતા, પરદામાં રહેનારી કુંવાળી બાળા કરતાં પણ વધુ શર્મ – લજજા રાખતા હતા. કોઈને પણ આંખો ભરીને જોતા ન હતા, નજરો નીચી, વધુ પડતી જમીન તરફ રાખતા હતા, આસમાન તરફ ઓછું જોતા હતા, વધુ પડતા આંખોના ખુણાથી જલ્દીથી જોઈ લેતા હતા.

સૌથી વધુ વિનમ્ર અને આદરભાવ વાળા હતા, માલદાર, ગરીબ, સજજન અને હલકા, આઝાદ અને ગુલામ જે કોઈ આપને દાવત આપતો, આપ સ્વીકારી લેતા હતા. મક્કાની ફતેહ વેળા હઝરત અબૂ બક્ર રદિ. એમના વાલિદ સાહેબને ઈસ્લામ સ્વીકાર માટે આપની સેવામાં લઈને આવ્યા તો ફરમાવ્યું કે, આવા વૃદ્ધજનને શા માટે કષ્ટમાં નાખ્યા ? એમને ત્યાં જ રહેવા દેત, હું પોતે એમની પાસે ઘરે આવી જાત, હઝરત અબૂ બક્ર


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(રદિ.) એ જવાબમાં કહયું કે મારા મા– બાપ તમારા ઉપર કુરબાન, અલ્લાહના રસૂલની સેવામાં હાજર થવાની સઆદત – ભાગ્ય મેળવવાનો વધુ હક એમનો છે.

આપ સહુથી વધુ રહમ કરનાર દયાળુ હતા, બિલાડી સામે આવતી તો પાણીનું વાસણ હેત – દયાથી એની સામે નમાવી દેતા અને ધરાયને પીતાં સુધી હટાવતા ન હતા. નમાઝની વચ્ચે કોઈ બાળકના રડવાનો અવાજ સાંભળતા અને એની મા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાછળ નમાઝમાં હોતી તો, દયા – હેતથી નમાઝ ટુંકાવી દેતા.

આપ સહુથી વધુ પવિત્ર – ચરિત્રવાન હતા, પત્નીઓ, મહરમ (નજીકની રિશ્તેદાર) સ્ત્રીઓ અને પોતાની ગુલામડી સિવાય કોઈને આપના પવિત્ર હાથો સ્પર્શયા નથી.

સહાબાનું માન – મોભો જાળવવામાં આપ સહુથી આગળ હતા, કદી કોઈ મજલિસમાં આપ કોઈના તરફ પગ ફેલાવીને બેસતા ન હતા, સહાબા માટે મજલિસમાં જગ્યાની સંકડામણ હોતી તો પોતે સંકેલાયને એમના માટે જગ્યા કરતા, આપના ગુંઠણ કદી પણ સાથે બેસનાર કરતાં આગળ દેખાતા ન હતા.

જે કોઈ અચાનક આપને જોતો, તે આપના અત્યંત પ્રભાવથી છક થઈ જતો અને જે કોઈ હળી – મળીને આપથી સંબંધ જોડતો તે આપની આંતરિક – બાહ્ય ખૂબીઓના કારણે આપ ઉપર મોહી પડતો.

આપના સહાબા મજલિસમાં સદા આપની પાસે જ રહેતા. જયારે આપ બોલતા તો સૌ એક ચિત્તે સાંભળતા, કોઈ આજ્ઞા – હુકમ ફરમાવતા તો સૌ અમલ કરવા તત્પર રહેતા. ચાલતી વેળા સહાબાને આગળ કરીને પોતે પાછળ ચાલતા હતા અને રસ્તામાં જે કોઈ મળતું, પ્રથમ આપ એને સલામ કરતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવતા હતા કે, મારા વખાણ કરવામાં અતિશયોકિત ન કરો, જેમ કે ઈસા (અલૈ.)ના વખાણ – સ્તૃતિમાં ઈસાઈઓએ અતિશયોકિત કરી, હું ફકત એક બંદો છું, માટે મને


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્લાહનો બંદો અને રસૂલ જ કહો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘરવાળાઓ માટે જેટલો શણગાર કરતા, સાથીઓ માટે એથી વધારે સજ–ધજ અપનાવતા અને ફરમાવતા કે 'માણસ એના ભાઈઓ સાથે સુંદર અવસ્થામાં સુશોભિત રીતે મળે એ વાત અલ્લાહ તઆલાને પસંદ છે.'

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાના સહાબા વિષે પૂરી જાણકારી રાખતા, એમના ખબર અંતર પૂછતા રહેતા, બીમારની ઈયાદત (સુશુશ્રા) કરતા, મુસાફર માટે દુઆ કરતા, મરનાર માટે ઈન્નાલિલ્લાહિ... પઢીને દુઆ ફરમાવતા, જો કોઈને કદી એવું પ્રતિત થતું કે અલ્લાહના રસૂલ એનાથી કંઈક નાખુશ છે, તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે જ ફરમાવતા કે, "લાગે છે ફલાણા ભાઈ કોઈ કારણે આપણાથી સંતુષ્ઠ નથી, અથવા તો એમણે આપણો કોઈ વાંક જોયો હશે, ચાલો એની પાસે જઈ આવીએ." આમ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે જ એમના ઘરે પહોંચી જતા.

કદી કદી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સહાબાના બાગોમાં પણ તશરીફ લઈ જતા અને ત્યાં કોઈ આપની પરોણાગતિ ફરમાવતું તો આપ કંઈક ખાય પણ લેતા.

સજ્જનોથી સુમેળભર્યો સંબંધ રાખતા, જ્ઞાનીઓ–વિદ્વાનોનું સન્માન કરતા, કોઈનાથી નાખુશ થઈને કપાળે કરચલી ન પડવા દેતા, કડક કે આકરા થઈને કોઈથી ન વર્તતા. કંઈક લીધા–દીધા વગર કોઈના વખાણથી ખુશ ન થતા. (એના વખાણ સ્વીકારતા નહી). ક્ષમા માંગનારને ક્ષમા આપતા. સત્ય સંબંધે આપ સમક્ષ શકત–અશકત, દૂરના કે નિકટના, બધા જ સરખા હતા.

પાછળ કોઈને ચાલવા દેતા નહિ, બલકે ફરમાવતા કે આ જગ્યા ફરિશ્તાઓ માટે છોડી દયો. સવારી ઉપર હોય ત્યારે કોઈને સાથે પગપાળા ચલાવતા નહિ, બલકે એને પણ સાથે બેસાડી લેતા. જો તે ન બેસતો તો ફરમાવતા કે જયાં જવું હોય મારાથી આગળ નીકળી જાઓ.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કુબા જતી વેળા ગધેડાની પીઠ ઉપર એમ જ સવાર થઈ ગયા, હઝરત અબૂ હુરયરહ રદિ. સાથે હતા, એમને ફરમાવ્યું કે, આવો તમે પણ સવાર થઈ જાઓ, તેઓનું શરીર ભારે હતું, કુદયા પણ બેસી શકયા નહિ, પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને વીંટળાય ગયા, જેથી બન્ને પડી ગયા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરીવાર સવાર થયા, અને પૂછયું કે અબૂ હુરયરહ ! તમને પણ બેસાડી લઉં ? એમણે અરજ કરી કે જેવી આપની ઈચ્છા. એટલે ફરમાવ્યું કે, સારું, બેસી જાઓ. ફરીવાર પણ તેઓ બેસી શકયા નહિ, અને આપ સલલ્લાહુ અલયહિ વ સલ્લમને લઈને નીચે પડયા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ત્રીજીવાર બેસવા માટે પૂછયું, તો અબૂ હુરયરહ રદિ.એ અરજ કરી કે તે ઝાતની કસમ, જેણે સત્ય ધર્મ આપીને આપને નબી બનાવ્યા છે, હું ત્રીજીવાર તમને પાડીશ નહિ, માટે હવે બેસવું નથી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે ગુલામો અને ગુલામડીઓ પણ હતાં, પણ ખાન–પાન અને પહેરવેશમાં એમનાથી ઉંચા થઈને ન રહેતા, અને જે કોઈ આપની સેવા કરતું આપ પણ એમની સેવા કરતા.

હઝરત અનસ રદિ. ફરમાવે છે કે,

મેં લગભગ દસ વરસ આપની સેવા કરી છે, ખુદાના સમ ! મુકામે કે સફરમાં, જયાં પણ, જેટલી પણ, મેં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવા કરી એનાથી વધારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મારો ખ્યાલ રાખ્યો. કોઈ વાતે કદી ઓહ, ઊંહ, સુદ્ધાં નથી બોલ્યા. મેં કોઈ કાર્ય પૂર્ણ કરી લીધું હોય તો પછી કદી એમ નથી પૂછયું કે આવું શા માટે કર્યુ ? અને કોઈ કાર્ય કરવાનું રહી ગયું હોય તો કદી પૃચ્છા નથી કરી કે ફલાણું કાર્ય કેમ ન કર્યુ ?

સફરમાં એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ બકરી પકાવવાનું આયોજન થયું. એકે કહયું કે હું બકરી ઝબહ કરીશ, બીજાએ કહયું કે, ખાલ ઉતારવી મારું કામ, ત્રીજાએ કહયું કે પકાવવું મારા ઝિમ્મે. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, લાકડીઓ (બળતણ) હું


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભેગી કરીશ.

સહાબાએ અરજ કરી કે હુઝૂર, આ કામ પણ અમે જ તમારા વતી કરી લઈશું.

તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

મને ખબર છે કે તમે મારા વતી કરી લેશો, પણ હું ઉચિત નથી સમજતો કે હું મારા સાથીઓ દરમિયાન નોખો તરી આવું. અને અલ્લાહ તઆલાને પણ પસંદ નથી કે માણસ એના સાથીઓ દરમિયાન વિશેષ સ્થાન ભોગવે. પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બળતણ વીણી લાવ્યા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કોઈ સફરમાં નમાઝ માટે સવારી ઉપરથી ઉતર્યા અને નમાઝની જગ્યા તરફ જવા માંડયા, પણ અચાનક પાછા વળ્યા, તો સહાબાએ અરજ કરી કે કયાં સિધાવી રહયા છો ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે મારી ઊંટણીને બાંધવા પાછો વળ્યો છું. સહાબાએ અરજ કરી કે આટલા કામ હેતુ હુઝૂરે શીદને તકલીફ ઉઠાવી ? અમે સેવકો જ બાંધી દેત ! તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું,

'તમારામાંથી કોઈ પણ વ્યકિત બીજી વ્યકિત પાસે મદદ ન માંગે, ચાહે દાંતણ તોડવાનું હોય.'

એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સહાબા સાથે બેસીને ખજૂરો ખાય રહયા હતા. એવામાં હઝરત સુહૈબ રદિ. દુખતી આંખને એક હાથથી ઢાંકતા આવી પહોંચ્યા. સલામ કરી અને ખજૂરો તરફ નમ્યા. હઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

આંખ દુખે છે અને મીઠી વસ્તુ ખાઓ છો !

એમણે અરજ કરી કે યા રસૂલલ્લાહ !

હું તો મારી સ્વસ્થ આંખ માટે ખાય રહયો છું.

આ જવાબથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મુસ્કુરાય ઉઠયા.

એક દિવસ તાજી ખજૂરો ખાય રહયા હતા, એટલામાં હઝરત અલી


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રદિ. આવી પૂગ્યા.  એમની પણ આંખ દુખતી હતી છતાં ખજૂરો પાસે પહોંચી ગયા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, આંખો દુખે છે, છતાં મીઠી વસ્તુ ખાશો ?

તેઓ પાછા હટી ગયા અને એક તરફ બેસી ગયા.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમની તરફ જોયું તો તેઓ પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તરફ જોઈ રહયા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એક ખજૂર એમના તરફ ઉછાળી દીધી, પછી બીજી, ત્રીજી, આમ સાત ખજૂરો એમને અર્પણ ફરમાવી અને પછી ફરમાવ્યું કે, તમને પૂરતી છે, અને ખજૂરો એકી સંખ્યામાં ખાવામાં આવે તો હાનિકારક નથી.

એક વાર હઝ. ઉમ્મે સલ્મહ રદિ.એ 'ષરીદ' ખાણાનો પ્યાલો ભરીને આપની સેવામાં મોકલ્યો. આ હઝ. આઈશહ રદિ.નો દિવસ હતો. હઝ. આઈશહ રદિ.એ પ્યાલો તોડીને ફેંકી દીધો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પ્યાલામાં બધું ભેગું કરવા માંડયા, અને હાજરજનોને સંબોધીને કહેવા લાગ્યા કે,

તમારી માંને ખોટું લાગી આવ્યું, તમારી માંને ખોટું લાગી આવ્યું.

એક વાર રાત્રે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાની બીવીઓને એક કિસ્સો સંભળાવ્યો. કિસ્સો સાંભળીને એક બીવી બોલ્યાં, આ તો ખુરાફહ જેવી વાત છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને પૂછયું, ખુરાફહ કોણ હતો, એ પણ  જાણો છો કે નહિ ? ખુરાફહ ઉઝરહ કબીલાનો એક વ્યકિત હતો, જહાલત કાળમાં એને જિન્નાતોએ કેદ કરી લીધો હતો. લાંબો સમય પોતાની પાસે રાખીને પછી માણસોમાં છોડી ગયા. આ પછી ખુરાફહ તેણે જોયેલી જિન્નાતોની અજબ – ગજબની જે વાતો માણસોને સંભળાવતો હતો. એટલે એવી 'વાતોને ખુરાફહની વાત' કહેવામાં આવે છે.

જયારે ઘરે પધારતા તો ઘરનો સમય ત્રણ પ્રકારના કામોમાં ફાળવી દેતા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એક ભાગ ખુદાની બંદગી માટે, એક ભાગ પોતાના માટે, એક ભાગ ઘરવાળાઓ માટે. એમાંયે પોતાના સમયને લોકો અને પોતાની વચ્ચે વહેંચી દેતા, અને અમુક નક્કી માણસો દ્વારા સામાન્ય માણસોને એમની જરૂરતો પૂરી પાડતા.

ઉમ્મત માટે ફાળવેલ સમયમાં આપની ગોઠવણ આ પ્રમાણે હતી કે,

આપને મળવા આવનારાઓમાં વડીલો–મોટેરાઓને પ્રાથમિકતા આપતા, અને માણસ દીની રીતે જેટલો મોટો હોતો, એ જ પ્રમાણે એને સમય પણ વધારે આપતા. કોઈને એક જરૂરત, કોઈની બે કોઈને વધારે, આપ દરેક માટે એની વ્યવસ્થા ફરમાવતા, અન્ય સહાબાને પણ એમાં પ્રવૃત અને ભાગીદાર કરીને જરૂરતો પૂરી કરવા બાબત આદેશ કે માર્ગદર્શન આપતા, એ માટે યોગ્ય રીત – યુકિતઓ વર્ણવતા, સાથે જ ફરમાવતા કે જે લોકો હાજર છે, તે ગેર હાજર સુધી પહોંચાડી દે અને જે લોકો એમની જરૂરતો મારા સુધી નથી પહોંચાડી શકતા, એનાથી મને વાકેફ કરો. જે માણસ સુલતાન પાસે એવા માણસની જરૂરત – હાજત પહોંચાડે જે પોતે પહોંચાડી શકતો ન હોય, તો અલ્લાહ તઆલા કયામતના દિવસે એને દઢ્તા આપશે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના દરબારમાં તો આવી જ બાબતોનું વર્ણન કરવામાં આવતું, અન્ય વાતો માટે ત્યાં કોઈ ગુંજાશ ન હોતી.

લોકો ઈલ્મ – જ્ઞાન મેળવવા હેતુ ખિદમતમાં હાજર થતા અને પોતે એક અજીબ આનંદ મેળવીને નીકળતા, ઉપરાંત અન્યો માટે ભલાઈના માર્ગદર્શક અને ઉપદેશક બની જતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સહાબા વચ્ચે મુહબ્બત અને ભાઈચારો બંધાય એવા પ્રયત્નો કરતા. નફરત – ધૃણા દૂર ફરમાવતા. દરેક સમાજના સજ્જનો – સખીઓનું સન્માન કરતા અને એને જ કોમનો વડો અને વડીલ નિયુકત કરી દેતા. સમાજના શ્રેષ્ઠ લોકો સાથે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો નિકટનો સંબંધ રહેતો. દરેક પ્રકારની


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભલાઈ – હિતની પ્રવૃત્તિઓ કરનાર આપની નજરે શ્રેષ્ઠ ગણાતો અને જે કોઈ ગરીબોનો મદદગાર અને દુખીયાઓનો દુખહર્તા હોય એને ઉચ્ચ સ્થાન મળતું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું બેસવું – ઉઠવું અલ્લાહ તઆલાના ઝિક્ર વગર ન રહેતું. કોઈ મજલિસમાં પધારતા તો છેવાડે જ બેસી જતા, ઉચ્ચ સ્થાને પહોંચવાનો પ્રયત્ન ન ફરમાવતા. અન્યોને પણ આવી જ શિખામણ આપતા. મજલિસના દરેક સાથીને એનો ભાગ આપતા, અર્થાત મજલિસના વિષયમાં એને ભાગીદાર બનાવતા. આપના સદવર્તન અને સન્માનથી મજલિસનો દરેક વ્યકિત એમ સમજતો કે મારું જ વધારે સન્માન કરવામાં આવ્યું છે.

જયારે કોઈ માણસ ખિદમતમાં આવી બેસતો તો તેનાથી પહેલાં ન ઉઠતા. કોઈ કાર્યની ઉતાવળ હોય તો પહેલાં એની પરવાનગી લઈ લેતા. ખોટું લાગે એવું વર્તન કોઈની સાથે પણ ન ફરમાવતા.

કદી કોઈ ચાકરને કે સ્ત્રી સુદ્ધાંને મારી નથી. બલકે જિહાદ સિવાય કોઈને માર્યો જ નથી.

સિલારહમી (સગાઓ સાથે સદવર્તન) કરતા, પણ એમાં શ્રેષ્ઠ–લાયક ઉપર બીજાને પ્રાથમિકતા ન આપતા. બુરાઈનો બદલો બુરાઈથી નહી, બલકે માફી અને ક્ષમાથી આપતા હતા.

બીમારોની ઈયાદત (સુષુશ્રા) ફરમાવતા. ગરીબોથી પ્રેમ અને ગોષ્ઠી કરતા. એમના જનાઝહમાં અવશ્ય શરીક – હાજર રહેતા. કોઈને ગરીબીના કારણે તુચ્છ ન સમજતા. કોઈ બાદશાહથી એના હોદ્દાના કારણે પ્રભાવિત ન થતા હતા.

ખુદાઈ નેઅમતનું સન્માન જાળવતા, ચાહે અલ્પમાત્રામાં હોય. એની ટીકાને જરા પણ યોગ્ય ન સમજતા.

પાડોશીના હકો જાળવતા. મહેમાનોને યોગ્ય આવકાર આપતા અને એમના આદર હેતુ પોતાની ચાદર પણ પાથરી દેતા.

એકવાર આપને બાળપણમાં દૂધ પીવડાવનાર સ્ત્રી (ધાવ – દૂધ મા)


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવી પહોંચ્યા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમના માટે ચાદર પાથરી દીધી અને مرحبا કહીને એમને આવકાર આપ્યો.

મુખ ઉપર સદા મુસ્કાન રહેતી, અને સૌથી વધુ હસમુખા, ખીલેલા રહેતા. બીજી તરફ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉમ્મત માટે સદાયે ચિંતિત અને ગમગીન રહેતા હોવાનું પણ આવે છે.

આપનો સઘળો સમય અલ્લાહ તઆલાના કામમાં કે પોતાની જરૂરતો પૂરી કરવામાં કે પછી ઘરવાળાઓની જરૂરત પૂરી કરવામાં પસાર થતો.

જયારે પણ આપ સમક્ષ કોઈ બે બાબતોમાં એકને પસંદ કરવાનો મોકો આવ્યો તો ઉમ્મતની સરળતા વિચારી આસાન અને સહેલી વાતને પસંદ ફરમાવી. અલબત્ત સંબંધ તોડવાને કોઈ પણ સ્થિતિમાં પસંદ ફરમાવતા ન હતા.

પોતાના જોડા જાતે જ સીવી લેતા હતા. કપડાંઓમાં ઠીગડા પણ પોતે લગાવી લેતા હતા. ઘરના નાના અને સામાન્ય કામો પણ કરી લેતા હતા, ગોશ્ત પણ બધા સાથે બેસીને જ કાપી નાખતા હતા.

ખચ્ચર અને ગધેડા ઉપર પણ સવારી ફરમાવતા, સાથે કોઈ ગુલામ કે અન્યને પણ બેસાડતા. જરૂરત ટાણે ઘોડાનું મોઢું પોતાની ચાદરથી પણ લૂછી લેતા હતા.

લાકડીએ ટેક લગાવતા હતા અને ફરમાવતા કે લાકડીએ ટેક લગાડવી અંબિયાના સંસ્કાર છે.

બકરીઓ પણ ચરાવતા અને ફરમાવતા કે બધા જ નબીઓએ બકરીઓ ચરાવી છે.

નુબુવ્વત મળ્યા પછી પોતાનો અકીકો ફરમાવ્યો, ઘરના પણ દરેક બાળકનો અકીકો ફરમાવ્યો. બાળક પેદા થવાના સાતમા દિવસે બાળકનું માથું મૂંડતા અને એના વાળોના વઝન જેટલી ચાંદીનો સદકો કરી દેતા.

શુભસંકેત (નેકફાલ)થી ખુશ થતા. અને અશુભ સંકેતો (બદફાલી)થી રોકતા અને ફરમાવતા કે દરેક માણસના મનમાં કંઈક અશુભ આવી જ જાય છે, પણ અલ્લાહ તઆલા તવક્કુલની બરકતથી એ ધોય નાખે છે.

જયારે કોઈ વસ્તુ સારી લાગતી તો ફરમાવતા કે,


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

અને મરજી વિરુદ્ધ કોઈ બાબત સામે આવતી તો ફરમાવતા કે,

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ

ખાધા પછી જયારે ખાણુ સામેથી ઉઠાવી લેવાતું તો ફરમાવતા,

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ أَطْعَمَنَا وَ سَقَانَا وَآوَانَا وَجَعَلَنَا مُسْلِمِيْنَ

આ દુઆ પણ હદીસ શરીફમાં આવી છે,

اَلْحَمْدُ لِلّٰهِ حَمْداً كَثِيْراً طَيِّباً مُبَارَكاً فِيْهِ ، غَيْرَ مَكْفِيٍّ وَ لَا مُوَدَّعٍ وَلَامُسْتَغْنًى عَنْهُ رَبَّنَا

જયારે છીંક આવતી તો અવાજ દબાવી દેતા અને હાથ કે કપડાથી મોઢું ઢાંકી લેતા અને اَلْحَمْدُ لِلّٰهِ પઢતા.

વધુ પડતા કિબ્લા તરફ મોઢું કરીને બેસતા, મજલિસમાં એવી રીતે બેસતા કે જાણે બન્ને હાથ ભેગા કરીને ઘૂંટણ અને જાંઘને બાંધી લીધા હોય.

વ્યર્થ વાતો ન કરતા બલકે ઝિક્ર કરતા રહેતા.

નમાઝ લાંબી અને ખુત્બો ટુંકો કરતા.

એક જ મજલિસમાં સો સો વાર ઈસ્તિગ્ફાર પઢતા.

રાત્રીના આરંભે સૂઈ જતા, અને વહેલા ઉઠીને તહજ્જુદ પઢતા, છેલ્લે વિત્ર પઢીને બિસ્તર ઉપર પાછા આવી જતા, પછી અઝાન સાંભળીને તુરંત ઉભા થઈ જતા. ગુસલ કરવાનું હોય તો ગુસલ ફરમાવતા, નહિતર વુઝૂ કરીને નમાઝ માટે પધારતા.

નફલ નમાઝ પણ ઉભા રહીને જ પઢતા, કદી કદી બેસીને પણ પઢતા હતા. હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે વફાત પહેલાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વધુ પડતી નમાઝો બેસીને જ પઢી છે. નમાઝ દરમિયાન આપના દિલમાંથી ઉકળતી હાંડીની જેમ રડવાની અવાઝ આવતી.

સોમવારે અને ગુરૂવારે રોઝો રાખતા, ઉપરાંત દર મહીનાના ત્રણ રોઝા બીજા રાખતા. આશૂરા(૧૦મી મહોર્રમ)નો પણ રોઝો રાખતા,


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જુમ્આના દિવસે પણ વધુ પડતા રોઝાથી રહેતા. શાબાનમાં સૌથી વધારે રોઝા રાખતા.

સુવાના સમયે આંખો ઉંઘતી પણ દિલ મુબારક વહીના ઈન્તેઝારમાં જાગતું રહેતું. આમ સુવામાં શ્વાસોચ્છવાસનો અવાજ સંભળાતો પણ નસકોરાં બોલતાં ન હતા.

કોઈ અણગમતું સપનું આવતું તો هُوَ اللّٰهُ لَا شَرِيُكَ لَهٗ પઢતા હતા.

સુવા માટે આડા પડતા ત્યારે જમણી હથેળી ચહેરા નીચે મુકીને આ દુઆ પઢતા :

رَبِّ قِنِی عَذَابَكَ يَوُمَ تَبُعَثُ عَذَابَكَ

ઉપરાંત આ દુઆ પણ પઢતા :

اَللّٰهُمَّ بِاسُمِكَ أَمُوُتُ وَ أَحُيا

જાગતા ત્યારે આ દુઆ પઢતા :

اَلُحَمُدُ لِلّٰهِ الَّذی أَحُيَانَا بَعُدَ مَا أَمَاتَنَا وَ إِلَيُهِ النُّشُورُ

વાતચીત એટલી સ્પષ્ટ ફરમાવતા કે પાસે બેસનારને એ વાત યાદ થઈ જતી અને ત્રણવાર દોહરાવતા, જેથી સંપૂર્ણ રીતે સમજમાં આવી જાય. જરૂરત વગરની વાત કરવાથી ઝબાનને રક્ષિત રાખતા. મુદ્દાથી ઓછી કે વધતી ન હોય એવી અર્થસભર અને નિર્ણાયક વાત જ ઉચ્ચારતા.

કદી કદી દાખલા કે બોધના હેતુથી કોઈ શેર પણ પઢતા.

આ શેર પણ વિશેષ રૂપે ઉચ્ચારતા :

و يَأْتِيُكَ بِالْأَخُبَارِ مَنُ لَمُ تُزَوِّدِ

ભાવાર્થ : જો તને ખબર નથી તો ઝમાનો વહેલી તકે તારી સમક્ષ સ્પષ્ટતા કરી દેશે, અને તારી પાસે એક એવો માણસ સમાચારો લઈને આવશે જેને તેં ભાથું નથી આપ્યું.

ઉપરાંત અન્ય પંકિતઓ પણ ઉચ્ચારતા હતા.

હસવાનું સામાન્યપણે મુસ્કાન સુધી જ રહેતું, કોઈ ઘણી જ ખુશીની વાતના કારણે હસવું આવે તો દાંત મુબારક દેખાય આવે એવું બને પણ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખડખડાટ હસતા ન હતા.

કોઈ ખાણાની કદી કોઈ એબ ન વર્ણવતા. પસંદ હોય તો ખાય લેતા, નહી તો છોડી દેતા. ટેક લગાવીને કે ખ્વાન ઉપર ખાતા ન હતા. કોઈ જાઈઝ વસ્તુને વગર કારણે પાછી ન કરતા. હદીયા—ભેટ સ્વરૂપે આવેલ ખાણું પણ ખાય લેતા અને બદલામાં પોતે પણ કંઈ આપતા હતા.

સદકાની વસ્તુ ખાતા ન હતા.

ખાવા—પીવામાં કોઈ વિશેષ વસ્તુનો પ્રબંધ ન કરતા હતા. જે કંઈ મળી જતું એ ખાય લેતા હતા. રોટી કે ગોશ્ત જે હાજર હોતું જમી લેતા, દૂધ મળતું તો એ પણ કાફી રહેતું.

ચપાટી તો મોત સુધી કદી ખાધી નથી.

હઝરત અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે નબીએ અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દુનિયાથી સિધાવી ગયા ત્યાં સુધી કદી જવની રોટી પણ પેટ ભરીને ખાધી ન હતી. આપના ઘરવાળાઓ ઉપર એક મહીનો કે બે મહીના સુધી એવી પરિસ્થિતિ રહેતી કે ચૂલામાં આગ પણ સળગતી ન હતી અને ખજૂર—પાણી ઉપર જ ગુજરાન ચાલતું.

ભુખના કારણે પેટ ઉપર પથ્થર બાંધી લેતા હતા.

અલ્લાહ તઆલા તરફથી સમગ્ર ધરતીના ખઝાનાની ચાવીઓ આપને અર્પણ કરવામાં આવી હતી, પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એનો અસ્વીકાર કરી દીધો અને એના કરતાં આખિરતને પસંદ ફરમાવી.

આપ હઝરત આઈશહ રદિ. પાસે તશ્રીફ લાવતા તો પૂછતા કે કંઈ ખાવાનું છે ? તેઓ ઉત્તર આપતાં કે કંઈ નથી, તો આપ ફરમાવતા કે,

સારું, આજે મારો રોઝો છે.

એક દિવસ પધાર્યા તો હઝરત આઈશહ રદિ.એ અરજ કરી કે,

યા રસૂલલ્લાહ ! અમારી પાસે એક વસ્તુ ભેટ આવી છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે શું છે ?

તો જવાબ આપ્યો કે ખજૂર, સત્તુ અને ઘીનો હલ્વો છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે મેં તો રોઝાની


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નિય્યત કરી લીધી હતી.

હઝરત આઈશહ રદિ. ફરમાવે છે કે પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તે હલ્વો ખાધો.

રોટી સરકા સાથે પણ ખાય લેતા હતા અને ફરમાવતા કે સરકો શ્રેષ્ઠ સાલન (શાક) છે.

મરઘી અને તેતરનું શાક પણ ખાધું છે.

દૂધી શોખથી ખાતા હતા.

બકરીની જાંઘનો ગોશ્ત પણ આપને પ્રિય હતો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે કે કમરનો ગોશ્ત શ્રેષ્ઠ હોય છે.

આ પણ આપનું કથન છે કે ઝયતૂનનું તેલ ખાઓ અને માલિશ કરવામાં પણ એનો ઉપયોગ કરો, એ પવિત્ર ઝાડમાંથી નીકળે છે.

ખુરચન (તપેલીમાં નીચે ચોંટેલા ચોખા) પણ આપને ઘણા પસંદ હતા.

ત્રણ આંગળીઓથી ખાતા હતા અને પછી એ આંગળીઓ ચાટીને સાફ પણ કરી લેતા.

હઝ. અબૂ રાફેઅ (રદિ.)નાં પત્ની હઝરત સલ્મા (રદિ.) ફરમાવે છે કે એકવાર હઝરત હસન રદિ., ઈબ્ને અબ્બાસ રદિ. અને ઈબ્ને જઅફર રદિ. એમની પાસે આવ્યા, અને વિનંતી કરી કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જે ખાણું પસંદ હતું, અને જે શોખથી ખાતા હતા, એવું ખાણું અમારા માટે પણ બનાવો.

હઝ. સલ્મા રદિ.એ કહયું કે આજે આપણને એ ખાણું ભાવશે નહિ,

એમણે કહયું કે નહિ, તમે એ જરૂર બનાવો.

એટલે હઝ. સલ્મા રદિ.ખાણું તૈયાર કરવા ઉઠયાં અને જવ દળીને એક હાંડલીમાં નાખ્યા, ઉપરથી ઝૈતૂનનું થોડું તેલ નાખ્યું, અને છેલ્લે મરી અને લવિંગ વાટીને ઉપર નાખીને એમની સામે મૂકી દીધું. અને કહયું કે આ પકવાન આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઘણું જ પસંદ હતું



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને શોખથી એ ખાતા હતા.

જવની રોટી સૂકી ખજૂર સાથે ખાધી અને ફરમાવ્યું કે આ ખજૂર પણ શાક છે.

તડબૂચ તાજી ખજૂર સાથે,

કાકડી તાજી ખજૂર સાથે,

અને ખારેક માખણ સાથે પણ ખાધું છે.

મીઠી વસ્તુઓ અને મધ વિશેષ પસંદ હતું.

પાણી બેસીને પીતા હતા, કોઈક વાર ઉભા રહીને પણ પીધું છે. પીતા પીતા (વાસણ હટાવીને) શ્વાસ લેતા હતા અને વધેલું પાણી પાસેના કોઈ સહાબીને આપવા ઈચ્છતા તો પોતાની જમણી બાજુએ આપતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દૂધ પણ પીધું, અને ફરમાવ્યું કે અલ્લાહ તઆલા કોઈને કંઈ ખાવા અતા ફરમાવે તો આ પ્રમાણે દુઆ કરે,

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْهِ وَ أَطْعِمْنَا خَيْراً مِنْهُ

અને અલ્લાહ તઆલા જેને દૂધ અતા ફરમાવે તે આ પ્રમાણે દુઆ કરે,

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْهِ وَ زِدْنَا مِنْهُ

અને ફરમાવ્યું કે દૂધ સિવાય બીજી કોઈ વસ્તુ ખાવા–પીવા, બન્નેમાં કામ નથી આવતી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઉનનાં (ઘેટાંઓના વાળથી બનેલાં સાદા) કપડાં પણ પહેર્યાં છે. જૂતાને ઠીંગડું હોતું તો તે પણ પહેરી લેતા. પહેરવેશમાં કોઈ વિશેષતા કે શોખ ધરાવતા ન હતા, જે કપડું ઉપલબ્ધ હોતું તે પહેરી લેતા, કોઈવાર જૂની ચાદર, કદી યમની રંગીન ચાદર, અને કદીક ઉનનો ઝભ્ભો.

વાળ વગરના સિબ્તી જોડા પહેરતા હતા અને એમાં જ વુઝૂ પણ કરી લેતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જોડામાં બે પટ્ટીઓ (દોરીઓ) પણ હતી. જોડાની દોરીમાં સૌપ્રથમ ગાંઠ મારનાર હઝરત ઉસ્માન રદિ. છે.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સફેદ, લાલ પટ્ટી વાળી યમની ચાદર અને કુર્તો આપને વિશેષ પસંદ હતાં.

કોઈ નવું કપડું, પાઘડી, કુર્તો, ચાદર વગેરે પહેરતા ત્યારે એનું નામ લઈ આ પ્રમાણે દુઆ પઢતા,

أَللّٰهُمَّ لَكَ الْحَمْدُ كَمَا أَلْبَسْتَنِيْهِ أَسْئَلُكَ خَيْرَهُ و خَيْرَ مَا صُنِعَ لَهُ وَ أَعُوْذُبِكَ مِنْ شَرِّهِ و شَرِّ مَا صُنِعَ لَهُ

લીલી ધારી વાળું કપડું પણ આપને પસંદ હતું. કુર્તાની ઘુંડી (બટન) ખુલ્લું રહે એ પણ આપને સારું લાગતું હતું. કોઈક વાર ફકત ઉનનો ધાબળો ઓઢીને પણ નમાઝ પઢી છે, આ જ પ્રમાણે કદી ફકત લુંગી પહેરીને કોઈ બીજા કપડા વગર પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે નમાઝ પઢી છે. લુંગી એવી રીતે બાંધી હતી કે બન્ને છેડા ખભા વચ્ચે લાવીને બાંધી દીધા હતા.

પાઘડી નીચે ટોપી પણ પહેરતા હતા, કદી એકલી ટોપી પણ પહેરતા અને કદીક ટોપી વગર પાઘડી બાંધી લેતા. લડાઈ ટાણે કાનવાળી ટોપી પહેરતા, જેને કદી સામે મૂકીને નમાઝનો 'સુતરહ' પણ બનાવતા. કદી કદી ટોપી, પાઘડી કે ચાદર વગર (કોઈ વિશેષ પહેરવેશ પહેર્યા વગર) પણ મદીનાના છેવાડે સુધી કોઈ બીમારના ખબરઅંતર પૂછતા જતા હતા.

પાઘડી બાંધતા તો છેડો બન્ને ખભા વચ્ચે લટકતો છોડી દેતા હતા. હઝરત અલી રદિ. ફરમાવે છે કે એકવાર મને પાઘડી બાંધી આપી અને છેડો ખભા વચ્ચે લટકતો છોડી દીધો અને ફરમાવ્યું : 'આ છેડો મુસલમાનો અને કાફિરો વચ્ચે ફરક કરનાર છે.'

જુમ્અહના દિવસે વિશેષ રૂપે પાઘડી બાંધતા અને લાલ ધારી વાળી ચાદર ઓઢતા હતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ચાંદીની વીંટી પહેરતા હતા, જેનો નંગ પણ ચાંદીનો હતો. એના ઉપર مُحَمَّدٌ رَسُوْلُ اللّٰهِ કોતરેલું હતું. સામાન્ય રીતે જમણા હાથની નાની આંગળીમાં આ વીંટી પહેરતા હતા, કદી ડાબા હાથે પણ પહેરી લેતા હતા અને નંગ હથેળી તરફ રાખતા હતા.



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખુશ્બૂ – સુગંધ આપને પ્રિય હતી. બદબૂ – દુર્ગંધથી આપને નફરત હતી. ફરમાવતા કે, અલ્લાહ તઆલાએ મારી સઘળી મજા પત્નીઓ અને ખુશ્બૂઓમાં, અને મારી આંખોની ઠંડક નમાઝમાં મૂકી દીધી છે.

ગાલિયહ અને મુશ્કની ખુશ્બૂ વાપરતા હતા, માથામાં સેંઢા પાસે એનો રંગ પણ દેખાતો હતો. ઊદ પણ સળગાવતા હતા અને ઉપરથી કાફૂર પણ નાખતા હતા. અંધારી રાત્રે આપ ખુશ્બૂની મહેકથી પણ ઓળખાય જતા હતા.

'ઈષ્મિદ'નો સુરમો લગાવતા હતા, રાત્રે દરરોજ ત્રણ સળી બન્ને આંખોમાં નાખતા હતા. કદી જમણી આંખમાં ત્રણ સળી અને ડાબી આંખમાં બે સળી નાખતા હતા. રોઝા દરમિયાન પણ સુરમો લગાવતા હતા. ફરમાવતા કે, 'ઈષ્મિદ'નો સુરમો લગાવો, એનાથી આંખોનું તેજ વધે છે અને વાળ ઉગે છે.

માથા અને દાઢી મુબારકમાં પૂરતું તેલ નાખતા હતા, દર ત્રીજે દિવસે કાંસકી કરતા હતા, અને વાળ ઓઢવા, જોડા પહેરવા, પાકી હાંસલ કરવી, બલકે દરેક કાર્ય જમણી તરફથી જ આરંભ કરવાને પસંદ કરતા હતા.

આઈનામાં મોઢું પણ જોતા હતા, કદી હઝરત આઈશા (રદિ.)ની ઓરડીમાં પડેલા પાણીના પ્યાલામાં જોઈને પણ વાળ સીધા કરતા, સફરમાં તેલની શીશી, સુરમાદાની, આઈનો, કાંસકી, કાતર, મિસ્વાક અને સોય– દોરો સદા સાથે જ રાખતા હતા, ફાટેલાં કપડાં પણ પોતે જ સીવી લેતા અને જોડા પણ સાંધી લેતા હતા.

પીલુડીનું દાંતણ વાપરતા હતા, જયારે ઊંઘીને ઉઠતા તો મોઢું મિસ્વાકથી સાફ કરતા, રાત્રે ત્રણ વાર મિસ્વાક કરતા હતા, સુતાં પહેલાં, સુઈને ઉઠીને અને ફજરની નમાઝ પઢવા નીકળતી વેળા.

બંને ખભા વચ્ચે (અને ગળાની બંને બાજુ) બે નસોમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે(ﷺ) સિંગી લગાવી છે, એહરામની હાલતમાં પગના પાછળના ભાગે મલલ નામી મુકામે રોકાણ વેળા પણ પછના લગાવ્યું છે, ૧૭ / ૧૯ / ૨૧ તારીખે પછના લગાવતા હતા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રમૂજ પણ ફરમાવતા હતા, પણ એમાં સાચી વાત જ કહેતા હતા.

એક વાર હઝરત ઉમ્મે સુલૈમ (રદિ.) પાસે તશરીફ લઈ ગયા, એમને હઝરત અબૂ તલ્હાથી એક પુત્ર હતો, એણે પાળેલું એક નાનું પક્ષી 'નુગૈર' મરી ગયુ હતું, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમનાથી ફરમાવ્યું :

يا أبا عمير ما فعل النغير ؟

હે અબૂ ઉમૈર ! લાલ પક્ષી નુગૈરે શું કર્યું ?

એક ખાતૂન નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં હાજર થયાં અને અરજ કરી કે યા રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! મને સવારી માટે એક ઊંટ આપો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, તમને ઊંટણીનું બચ્ચું સવારી માટે આપવામાં આવશે.

ખાતૂને અરજ કરી કે બચ્ચું તો મને ઊંચકી પણ નહી શકે !

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, હું તો તમને બચ્ચું જ આપીશ.

ખાતૂને ફરી અરજ કરી કે તે મને ઊંચકી પણ નહી શકે !

છેલ્લે લોકોએ એમને સમજાવ્યું કે દરેક ઊંટ કોઈ ઊંટણીનું બચ્ચું જ હોય છે ને !

એક ખાતૂન આવ્યાં અને અરજ કરી કે હુઝૂર મારા ખાવિંદ બીમાર છે અને તમને મળવા બેચેન છે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, તમારા ખાવિંદ તો પેલા જેમની આંખોમાં સફેદી છે તે જ ને ?

ખાતૂન પરત આવ્યાં અને ખાવિંદની આંખો ખોલીને જોવા લાગ્યાં, ખાવિંદે પૂછયું કે શું જુઓ છો ? એમણે કહયું કે હઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મને જણાવ્યું કે તારા ખાવિંદની આંખોમાં સફેદી છે, આ સાંભળી ખાવિંદે કહયું કે, ભલી બાઈ ! સફેદી તો દરેકની આંખોમાં હોય જ છે ને !

એક ખાતૂન આવ્યાં, અને અરજ કરી કે, યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! દુઆ ફરમાવો કે અલ્લાહ તઆલા મને જન્નતમાં


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દાખલ કરે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે હે ફલાણાની મા ! જન્નત ઘરડી સ્ત્રીઓનું સ્થળ નથી, ત્યાં કોઈ ઘરડી સ્ત્રી જશે નહિં.

તે ખાતૂન રડતાં રડતાં પાછા વળવા માંડયાં, તો ફરમાવ્યું કે એમને જણાવી દો કે તેઓ વૃદ્ધાવસ્થાની સ્થિતિમાં જન્નતમાં નહિ જશે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે :

'અમે એમને ફરી પેદા કરીને કુંવારી, પ્રીતિપાત્ર, સમવયની બનાવી છે, અસ્હાબે યમીન – જન્નતીઓ માટે.'

હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે મેં એક વાર હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે દોડ લગાવી તો હું આગળ નીકળી ગઈ, પછી જયારે મારો ગોશ્ત વધી ગયો અને અમે દોડ લગાવી તો હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આગળ નીકળી ગયા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ત્યારે મારા ખભા ઉપર હાથ મારીને ફરમાવ્યું કે આ વેળા આગળનું સાટું વળી ગયું.

એક વાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બજારમાં ઝાહિર નામના માણસની પાછળથી એમની સમીપે આવ્યા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમનાથી મહોબ્બત કરતા હતા, પાસે આવીને બન્ને હાથ એમની આંખો ઉપર મૂકી દીધા, એમને ખબર પડી નહિ કે પાછળ આ કોણ આવ્યું છે.

પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, છે કોઈ આ ગુલામને ખરીદનાર ? આપનો અવાજ ઓળખીને તેઓ એમની પીઠ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે દબાવવા માંડયા અને બોલ્યા કે હુઝૂર એમાં તો હું બેકાર અને કોડી ભાવનો નીકળીશ, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે પરંતુ તમે અલ્લાહ તઆલા પાસે બેકાર – કોડી ભાવના નથી.

એક વાર હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત હુસૈન (રદિ.)ને બાળકો સાથે ગલીમાં રમતા જોયા, આપ સલ્લલ્લાહુ અલયહિ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વ સલ્લમ આગળ વધ્યા તો તેઓ આમ તેમ દોડવા લાગ્યા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમને હસાવતા રહયા અને અંતે પકડી લીધા. પછી એક હાથ એમની દાઢી નીચે અને બીજો હાથ એમના માથા ઉપર મૂકયો.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત આઈશા (રદિ.) પાસે જતા ત્યારે નાની છોકરીઓ એમની પાસે રમતી હોતી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જોઈ આમ તેમ ચાલી જતી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમને ભેગી કરતા અને હઝરત આઈશા (રદિ.) પાસે પાછી મોકલતા.

એક વાર હઝરત આઈશહ (રદિ.) ઢીંગલી વડે રમી રહયા હતા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે આઈશા આ શું છે ? એમણે ફરમાવ્યું કે આ હઝરત સુલૈમાન બિન દાવુદ (અલૈ.)નો ઘોડો છે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હસવું આવી ગયું, અને દરવાજા તરફ વળી ગયા, હઝરત આઈશા (રદિ.) દોડયા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને વીંટળાય પડયા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમમે પૂછયું, હુમયરા ! શું છે ? હઝરત આઈશા (રદિ.)એ અરજ કરી કે દુઆ ફરમાવો કે અલ્લાહ તઆલા મારા આગલા પાછળા બધા જ ગુનાહો માફ કરી દે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બન્ને હાથ એટલા ઊંચા કર્યા કે બગલની સફેદી દેખાવા માંડી, અને પછી દુઆ ફરમાવી કે

اللهم اغفر لعائشة بنت أبى بكر مغفرة ظاهرة و باطنة لا تغادر ذنبا ولا تكسب بعدها خطيئة ولا اثماً

પછી પૂછયું કે આઈશા રાજી થઈ ગયાં ? રાજી થઈ ગયાં ?

એમણે ફરમાવ્યું કે તમને સત્ય સાથે નબી બનાવીને મોકલનાર ખુદાના સમ ! જી, હા. (હું હવે ખુશ છું )

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, મને સત્ય સાથે મોકલનાર ખુદાના સમ, મારી ઉમ્મતમાંથી ફકત તમારા માટે જ આ દુઆ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નથી, બલકે આખી ઉમ્મત માટે મારી તો રાત – દિવસ આ જ દુઆ હોય છે, પાછલા લોકો માટે પણ, હમણાંના લોકો માટે પણ અને કયામત સુધી આવનારા લોકો માટે પણ.

હું એમના માટે દુઆ કરૂં છું, અને ફરિશ્તાઓ આમીન કહે છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અંતિમ નબી અને રસૂલોના સરદાર હતા, અલ્લાહ તઆલાએ આપને આગલા, પાછલા સઘળાઓનું ઈલ્મ – જ્ઞાન અતા ફરમાવ્યું હતું. વિશ્વમાં કોઈ પણ આપની શ્રેષ્ઠતાઓને પહોંચી શકે એમ નથી.

## અમીન આસિમીની કાવ્યપંક્તિઓનો અનુવાદ

હે નબીની સુન્નતોને પોતાની ઓળખ અને પહેરવેશ (આદત) બનાવનારાઓ !

નબીની હદીસો ઉપર અમલ કરનારાઓ અને એમની વાતોની જાણકારી રાખનારાઓ !

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે છોડેલી (કરેલી) વાતોને ધ્યાનથી જોઈને શરીઅતની સુન્નતોને દઢતાથી પકડી લ્યો,

અને તરીકતના રસ્તાઓ પર ચાલીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નૂરને પ્રાપ્ત કરી લ્યો.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તમારા માટે અનુકરણીય છે, માટે દીની – દુન્યવી વાતોમાં એમની જ ઓળખને અપનાવી રાખો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મહેમાનનવાઝી કરતા હતા, અને પાડોશીના હકો પણ પૂરા કરતા હતા.

ગરીબો સાથે બેસતા હતા, અને ગરીબોની નિકટતા અને પડોશને પ્રાથમિકતા આપતા હતા.

ગરીબી આપનો વેશ અને ભૂખ આપની ઓળખ હતી.

પ્રસન્નમુખે, આનંદિત થઈને મુલાકાતીઓને મળતા હતા.

સમાજના આગેવાન મુલાકાતી માટે તો પોતાની ચાદર પણ પાથરી દેતા હતા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અભિમાની અને ચાદર ઢસડનાર અક્કડ પણ ન હતા.

ગધેડાની સવારી વેળા પણ નમ્રતાપૂર્વક બીજાને પાછળ બેસાડી લેતા હતા.

રાત દિવસ મહેનતપૂર્વક કાર્ય કરતા રહેતાઅથવા નમાઝમાં પ્રવૃત રહેતા હતા.

તું કદી એમને બકરીનું દૂધ દોહતા તો કદી આગ ચેતાવતા જોઈશ.

આપ સદા પોતાના મુહાજિરોને આશ્રય આપનાર અને અન્સારીઓનું સન્માન કરનાર રહયા.

પોતાના ઉપર ઉપકાર કરનારાઓ સાથે સદવર્તન કરતા, અને દુરાચારીઓને માફ કરી દેતા હતા.

માંગનારને તો હાથમાં જે કંઈ હોતું તે બધું જ આપી દેતા હતા.

પરવરદિગારે અપવિત્ર દુનિયાથી આપનું સ્થાન ઉચ્ચ રાખ્યું હતું.

અલ્લાહ તઆલાએ સદા આપ ઉપર પોતાની રહમત વરસાવી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જે સંસ્કાર – અખ્લાક અપનાવ્યા હતા, તું એને અપનાવી લે.

જેથી તું 'સુન્ની' (સુન્નતો ઉપર અમલ કરનાર) ગણાય અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે તને (જન્નતમાં) સ્થાન મળે.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ : ૯

# આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મોઅજિઝાઓ

૧– આપનો એક મોઅજિઝહ કુર્આને કરીમ છે. આ સહુથી મોટો મોઅજિઝહ છે. મોટા સાહિત્યકારો અને ભાષાના રચનાકારો એના જેવી વાણી રજૂ કરવા અસમર્થ હતા.

કુર્આનમાં જ છે કે તેઓ એના જેવી વાણી રજૂ નથી કરી શકતા, ચાહે એકબીજાની મદદ પણ કરે. (સૂ. બની ઈસરાઈલ)

કાફિરોને જયારે ચેલેન્જ કરવામાં આવ્યું કે કુર્આન જેવી દસ સૂરતો કે એક સૂરત કે એક જ આયત બનાવી લાવો, ત્યારે એમને કુર્આનની સચ્ચાઈનું યકીન થઈ ગયું.

૨ – હઝરત સલમાન રદિ.ની હદીસ પણ આપનો એક મોઅજિઝહ છે. તેઓ ફરમાવે છે કે બયતુલ મુકદસમાં વરસમાં એક જ વાર એક જ્ઞાની પુરૂષ આવતા હતા, એમણે હઝરત સલમાન રદિ.થી કહયું કે મારી જાણ મુજબ મુજથી મોટો જ્ઞાની કોઈ નથી, ફકત એક યતીમ જે તિહામહમાં જન્મ્યો છે, માટે તમે એની પાસે જઈને એનું અનુસરણ કરો. એમનામાં ત્રણ નિશાનીઓ હશે. ૧– તેઓ હદિયા – ભેટની વસ્તુ સ્વીકારરે અને ખાશે. ૨ – સદકહની વસ્તુ નહિ ખાશે. ૩ – જમણા ખભાના ગોશ્ત નીચે ઈંડા જેવી, ચામડીના જ રંગની 'મુહરે નુબુવ્વત' હશે. હઝરત સલમાન રદિ. પછી ખિદમતમાં હાજર થયા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમમાં ત્રણેવ નિશાનીઓ મોજૂદ હતી.

૩ – 'શર્હે સદ્ર' એટલે કે છાતી ચીરવાની ઘટના પણ આપનો મોઅજિઝહ છે, મેઅરાજ વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની છાતી ચીરીને હઝરત જીબ્રઈલ (અલૈ.)એ દિલમાંથી શયતાનનો ભાગ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કાઢીને, ઝમઝમના પાણીથી પાક કરીને પાછું છાતીમાં મૂકી દીધું. પહેલાં આ બાબતનું વર્ણન આવી ગયું છે.

૪ – એક મોઅજિઝહ મક્કામાં રહીને બયતુલ મુકદસની અંદરની વસ્તુઓની જાણકારી આપવી પણ છે, લોકોએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મેઅરાજ બાબતે સંદેહ વ્યકત કરીને બયતુલ મુકદસ વિશેની જાણકારી અને નકશો પૂછયો તો અલ્લાહ તઆલાએ બયતુલ મુકદસ સુધીની સઘળી આડશો હટાવીને બયતુલ મુકદસ આપની સામે મૂકી દીધું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લોકોને એ વિશે જાણકારી આપી.

૫ – 'શક્કુલ કમર' ચંદ્રના બે ટુકડા કરવા આપનો એક મોઅજિઝહ છે. કુરેશે આપથી નબી હોવાની નિશાની માંગી ત્યારે આ કરી બતાવ્યું. કુર્આનમાં પણ આ ઘટનાનું વર્ણન છે.

૬ – એક મોઅજિઝહ આ છે કે કુરેશના સરદારોએ આપની હત્યા કરવાનો પ્લાન બનાવ્યો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘરમાં જ હતા, અને બહાર નીકળ્યા તો હત્યા માટે ઘરને ઘેરી વળેલા શત્રુઓની આંખો નીચી થઈ ગઈ, દાઢી છાતીઓ ઉપર ઝૂકી ગઈ, અને કોઈ આપ સુધી આવી શકયું નહિ, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘરની બહાર નીકળ્યા, એમના માથે ઉભા રહયા અને એક મુટ્ઠીમાં માટી ભરીને ' شَاهَتِ الوُجُوهُ ' પઢીને એમના ઉપર ફેંકી દીધી, જેના ઉપર પણ એ માટી પડી તે દરેક ગઝવએ બદરમાં માર્યો ગયો.

૭ – હુનૈનની લડાઈમાં એક એક મુટ્ઠી માટી શત્રુઓ પ્રતિ ફેંકી અને અલ્લાહ તઆલાએ શત્રુને પરાજિત કર્યો. અમુકનું કહેવું છે કે અમારા દરેકની આંખમાં માટી ભરાય ગઈ, કુર્આનમાં આ વિશે આ આયત નાઝિલ થઈ :

وَمَا رَمَيْتَ إِذْ رَمَيْتَ وَ لٰكِنَّ اللّٰهَ رَمىٰ ( انفال)

૮ – ગુફાની ઘટના પણ આપનો મોઅજિઝહ છે. લોકો આપને શોધતા ગુફા પાસે આવ્યા તો સામે જ હોવા છતાં આપનું અસ્તિત્વ એમનાથી



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અદશ્ય થઈ ગયું, અલ્લાહ તઆલાએ એક કરોળિયો મોકલ્યો, જેણે ગુફાના દ્વારે જાળું બનાવી દીધું.

૯ – બકરીના નાનકડા બચ્ચા (લવારા)ના આંચળને હાથ અડાડયા તો એમાંથી દૂધ મળી આવ્યું, જે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતે પણ પીધું અને હઝરત અબૂબક્ર રદિ.ને પણ પીવડાવ્યુ. બકરીનું આ લવારું હજુ કોઈ બકરા સાથે જોડાયું પણ ન હતું.

૧૦ – ઉમ્મે મઅબદની બકરીના આંચળને હાથ લગાવ્યો તો દૂધ વગરની એ દુબળી બકરીના આંચળ પણ દૂધથી ભરાય ગયા.

૧૧ – હઝરત ઉમર બિન ખત્તાબ રદિ. માટે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દુઆ ફરમાવી કે અલ્લાહ તઆલા એમને કે અબૂ જહલ બિન હિશામને મુસલમાન બનાવીને ઈસ્લામને મજબૂત કરે, તો હઝરત ઉમર રદિ.ના હકમાં એ દુઆ કુબૂલ થઈ.

૧૨ – હઝરત અલી રદિ. માટે દુઆ ફરમાવી કે અલ્લાહ તઆલા એમના માટે ગરમી – શર્દી દૂર કરી દે, અને અલ્લાહ તઆલાએ એવું કરી દીધું.

૧૩ – હઝરત અલી રદિ.ને કયાંક દર્દની તકલીફ હતી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દુઆ ફરમાવી તો ફરીવાર એ તકલીફ આવી જ નહિ.

૧૪ – હઝરત અલી રદિ.ને 'આંખો આવી' હતી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે થૂંક એમની આંખોમાં લગાવી દીધું, તો તુરંત સારા થઈ ગયા, અને પછી કયારેય એ તકલીફ ઉદભવી નહિ.

૧૫ – એક મોઅજિઝહ આ છે કે એક અન્સારી સહાબી રદિ.નો પગ તૂટી ગયો હતો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હાથ ફેરવ્યો તો તુંરત સાજો થઈ ગયો.

૧૬ – એક મોઅજિઝહ આ છે કે હઝરત સલ્મહ રદિ.ને ગઝવએ ખૈબરમાં એક ઝટકો વાગ્યો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એના ઉપર ફૂંક મારી. હઝરત સલ્મહ રદિ. ફરમાવે છે કે આજ સુધી ત્યાં કોઈ દર્દ નથી થયું.

૧૭ – હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ. માટે દુઆ ફરમાવી કે હે


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્લાહ ! એમને દીનની સમજ અર્પણ ફરમાવો, અને તફસીરના જ્ઞાનથી નવાઝો. આ દુઆની બરકતથી એમના જ્ઞાનમાં એટલી વૃદ્ધિ થઈ કે 'જ્ઞાનનો દરિયો' (بحر) આપનું ઉપનામ પડી ગયું.

૧૮ – હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિ.ના ઊંટ માટે દુઆ કરી તો સૌથી પાછળ રહેનારું એમનું ઊંટ સૌથી આગળ ચાલતું થઈ ગયું.

(૧૯) એક મોઅજિઝહ આ છે કે, હઝરત જાબિર (રદી.)ની ખજૂરોમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હાથો વડે અલ્લાહ તઆલાએ એટલી બધી બરકત આપી કે એમના વાલિદે છોડેલું બધું કરજ ચૂકવાય ગયું અને ૧૩ વસક (૧ વસક = ૩.૧૮૪ કિ.ગ્રામ) ખજૂરો વધી પડી, ખજૂરો ઉતાર્યા પછી તેઓ લેણદારોને કહેતા હતા કે કરજના અવેજમાં બધી ખજૂરો લઈ લો, પણ લેણદારો માનતા ન હતા.

(૨૦) હઝરત અનસ (રદી.) માટે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લાંબી ઉમર – દીધાર્યુ અને બહોળા માલ, અવલાદની દુઆ ફરમાવી, જેના ફળ સ્વરૂપે હઝરત અનસ (રદી.)ને ૧૦૦ વરસની ઉમર મળી. એમની સીધી અવલાદની સંખ્યા ૧૨૦ હતી અને એમનું ઝાડ વરસમાં બે વાર ફળ આપતું હતું.

(૨૧) એક વાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મિમ્બર ઉપર બિરાજમાન હતા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ વરસાદ ન થવાની શિકાયત કરવામાં આવી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તરુંત દુઆ માટે હાથ ઊંચા કર્યા, આ વેળા આકાશે એક પણ વાદળ ન હતું, પણ દુઆની બરકતથી ઢાલ જેવડું એક વાદળ આકાશે આવ્યું, તે ફેલાયું અને વરસાદ શરૂ થયો. લગાતાર બીજા શુક્રવાર સુધી આ વરસાદ વરસ્તો રહયો, બીજા શુક્રવારે મિમ્બર ઉપર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ અતિવૃષ્ટિની શિકાયત કરીને અરજ કરવામાં આવી કે રસ્તાઓ બંધ થઈ ગયા છે, એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દુઆ ફરમાવી, તો તુરંત વાદળો વિખેરાય ગયાં, અને આકાશ સાફ થઈ ગયું.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૨૨) એક મોઅજિઝહ આ છે કે ઉતયબહ બિન અબૂલહબ માટે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બદદુઆ ફરમાવી કે 'અલ્લાહ તઆલા પોતાનો કોઈ કુતરો એની પાછળ લગાવી દે,' પરિણામે એક સફર દરમિયાન શામના 'ઝરકા' નામી સ્થળે એક સિંહે એને ફાડી ખાધો.

(૨૩) હિજરત વેળા સુરાકહ આપનો પીછો કરતાં નજીક આવી ગયો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એના માટે બદદુઆ ફરમાવી, જેનાથી એનો ઘોડો જમીનમાં ખૂંપી ગયો.

(૨૪) એક મોઅજિઝહ આ છે કે, ઝાડે આપના નબી હોવાની ગવાહી આપી.

એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એક અઅરાબી – ગામડિયાને ઈસ્લામ સ્વીકારની દાવત આપી, તો એણે પૂછયું કે તમારી વાતનો સાક્ષી અને પુરાવો શું ?

જવાબમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે 'આ ઝાડ'.

પછી એને બોલાવ્યું, તો ઝાડ જમીન ફાડતું પાસે આવ્યું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ ઉભું થઈ ગયું, આપે એનાથી ત્રણવાર ગવાહી માંગી, એણે ત્રણેવાર આપની વાતની સાક્ષી પૂરાવી, પછી પોતાની જગ્યાએ પાછું ચાલ્યું ગયું.

(૨૫) બનૂઆમિર કબીલાના એક આરબે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી ફરમાવ્યું કે તમે કંઈક અજીબો ગરીબ વાતો કરો છો. ઈચ્છા હોય તો તમારી સારવાર કરું. આ વ્યકિત સારવારમાં પ્રખ્યાત હતો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઉત્તર આપ્યો કે, તમારી ઈચ્છા હોય તો મારી સત્યતાની એક નિશાની હું તને દર્શાવું.

ત્યાં ખજૂરનું એક ઝાડ હતું, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એના એક ઝુમખાને બોલાવ્યો તો તે સજદહ કરતો અને માથું ઊંચકતો આપની સમીપે આવી પહોંચ્યો, પાછું એને કહયું કે તારી જગ્યાએ પાછો ચાલ્યો જા, તો તે તેના સ્થળે લાગી ગયો.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ જોઈ તે માણસે કહયું કે ખુદાના સમ ! હવે હું તમારી કોઈ વાતને જુઠાડીશ નહીં.

(૨૬) એકવાર બે વૃક્ષોને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આજ્ઞા આપી તો બન્ને ભેગા થઈ ગયા, પછી હુકમ આપ્યો તો બન્ને છુટા પડી ગયા.

(૨૭) એક વાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અનસ (રદિ.)ને ફરમાવયું કે, ત્યાં ઝાડ પાસે અમુક પથ્થરો છે એમને જઈને કહો કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો આદેશ છે કે ભેગા મળીને આડ સ્વરૂપે બની જાઓ, કુદરતી હાજત પૂરી કરવાની છે.

હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે મેં જઈને હુકમ સંભળાવી દીધો, તે ખુદાના સમ, જેણે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સત્ય સાથે મોકલ્યા છે, મારા જોતાં જ તે પથ્થરો નીચેની ભીનાશ સાથે ઉછળી ઉછળીને એક બીજાથી ચોટીને ઝાડ જેવા બની ગયા, હું જોઈ રહયો હતો કે પથ્થરો એક બીજાથી જોડાઈ રહયા છે, એટલે સુધી કે ઝાડો જેટલા ઊંચા થઈને દીવાર બની ગયા.

પછી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હાજતથી પરવાર્યા તો ફરમાવ્યું કે એમને કહી દો કે હુઝૂરે ફરમાવ્યું છે કે તમે પોતાની સ્થિતિ ઉપર આવી જાઓ, મેં એમને જઈને કહયું તો બધા પથ્થરો પાછા એમની સ્થિતિ પ્રમાણે થઈ ગયા.

(૨૮) એક મોઅજિઝહ આ છે કે, એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સુઈ ગયા ત્યારે એક ઝાડ જમીન ફાડીને આપની પાસે આવીને ઉભું થઈ ગયું, જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જાગ્યા તો આપથી એનું વર્ણન કરવામાં આવ્યું, તો ફરમાવ્યું કે એ ઝાડે એના પરવરદિગારથી મને સલામ કરવાની પરવાનગી માંગી હતી, જે એને આપવામાં આવી હતી.

(૨૯) એક મોઅજિઝહ આ છે કે, નુબુવ્વત મળ્યા પછી ઝાડો અને પથ્થરો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સલામ કરતા હતા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૩૦) મસ્જિદે નબવીમાં ખજૂરના એક થડને ટેકવીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ખુત્બો પઢતા હતા, મિમ્બર બન્યા પછી મિમ્બર પર ચડીને ખુત્બો આપવાનું શરૂ કર્યું તો એ થડ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વિયોગ–જુદાઈના ગમથી રડી પડયું.

(૩૧) એક મોઅહઝિજહ આ છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પવિત્ર હાથોમાં કાંકરીઓએ તસ્બીહ પઢી, આ કાંકરીઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અબુ બક્ર રદિ., હઝરત ઉમર રદિ. અને હઝરત ઉસ્માન રદિ.ના હાથમાં મૂકી તો એમના હાથોમાં પણ તસ્બીહ પઢી.

(૩૨) એક વાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સહાબા (રદિ.)ને ખાવાની દાવત આપી તો એ ખાણાએ પણ તસ્બીહ પઢી.

(૩૩) એક વાર બકરીના ગોશ્તમાં ઝેર મિલાવીને આપવામાં આવ્યું તો બકરીના આગલા પગોના ગોશ્તે આપને બતાવી દીધું કે મુજમાં ઝેર છે.

(૩૪) એક મોઅજિઝહ આ છે કે એક ઊંટે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ શિકાયત કરી કે એનાથી કામ વધારે લેવામાં આવે છે, અને ચારો – પાણી ઓછા આપવામાં આવે છે.

(૩૫) એક મોઅજિઝહ આ છે કે, એક હરણી એક વાર કોઈ શિકારીની જાળમાં ફસાય ગઈ, એણે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જોઈને આપને વિનંતી કરી કે મને છોડી દેવામાં આવે, હું મારા બાળકોને દૂધ પીવડાવીને આવી જઈશ, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને છોડી દીધી અને રાહ જોવા લાગ્યા, થોડી વારે તે પરત આવી ગઈ, પછી જયારે શિકારી આવ્યો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હરણીની સિફારિશ કરીને છોડાવી દીધી. લોકોએ આ સ્થળે મસ્જિદ પણ બનાવી છે.

(૩૬) એક મોઅજિઝહ આ પણ છે કે એક માણસના બે ઊંટ હતા પણ તે બન્નેને પકડી શકતો ન હતો, બન્ને ઊંટ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે આવીને બેસી ગયા, તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સલ્લમે એમને નકેલ નાખીને માલિકને હવાલે કરી દીધાં.

(૩૭) એક મોઅજિઝહ આ છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ૭ – સાત ઊંટોની કુરબાની કરવાનો ઈરાદો કર્યો તો દરેક ઊંટ પહેલાં કુરબાન થવા માટે આગળ આવવાનો પ્રયત્ન કરતું જોવા મળ્યું.

(૩૮) હઝરત કતાદહ (રદિ.)ની આંખ નીકળીને હાથમાં આવી ગઈ, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેને લઈને તેના સ્થળે મૂકી દીધી તો આ આંખ બીજી આંખ કરતાં પણ વધુ સારી થઈ ગઈ.

(૩૯) એક મોઅજિઝહ આ છે કે બદરના દિવસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મુશ્રિકોનું નામ લઈ એમના કતલ થવાની જગ્યાઓ બતાવી દીધી હતી, અને પછી એ પ્રમાણે જ થયું.

(૪૦) એક મોઅજિઝહ આ છે કે, ઉમ્મતનું એક લશ્કર, ગઝવહ માટે દરિયાની સફર કરશે, અને ઉમ્મે હરામ બિન્તે મિલ્હાન પણ એમાં ભાગ લેશે, આ બધું પહેલાંથી જ આપ સલ્લ્લાહુ અલયહિ વ સલ્લમે કહી દીધું હતું. પાછળથી આવું જ થયું.

(૪૧) એક મોઅજિઝહ આ પણ છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઉસ્માન રદિ.થી ફરમાવ્યું કે "તમને મોટી મુસીબત પહોંચવાની છે." પાછળથી આમ જ થયું અને તેઓ શહીદ થયા.

(૪૨) એક મોઅજિઝહ આ છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અન્સારી લોકોને ફરમાવ્યું હતું કે તમે મારા પછી અમુક અયોગ્ય અતિરેક જોશો, આ વેળા સબ્ર કરજો.

પાછળથી હઝરત મુઆવિયહ (રદિ.)ના સમયકાળમાં આવું થયું હતું.

(૪૩) એક વાર હઝરત હસન (રદિ.) વિશે ફરમાવ્યું કે મારો આ પુત્ર સય્યિદ છે, ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા એના દ્વારા મુસલમાનોના બે જૂથો વચ્ચે સુલહ કરાવશે અને પછી આવું જ બન્યું.

(૪૪) એક મોઅજિઝહ આ છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અસ્વદ અનસી નામના જૂઠા નબી વિશે જણાવી દીધું હતું કે ફલાણા દિવસે ફલાણો માણસ યમનના 'સન્આ' મુકામે એની હત્યા કરશે,



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને એ જ પ્રમાણે થયું.

(૪૫) શીમા અઝદિયહ વિશે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પહેલાંથી જ જણાવી દીધું હતું કે તે કાળી ઓઢણીમાં, સફેદ ખચ્ચર ઉપર સવાર કરીને રવાના કરવામાં આવી છે. પછી હઝરત અબુબકર (રદિ.)ના ખિલાફતકાળમાં હઝરત ખાલિદ બિન વલીદના લશ્કરમાં આવી જ પરિસ્થિતિમાં કેદ કરવામાં આવી.

(૪૬) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે ધરતીના પૂર્વ – પશ્ચિમના છેડા મારા માટે નિકટ – ભેગા કરી દેવામાં આવ્યા છે, અને મારી ઉમ્મતનું શાસન ત્યાં સુધી પહોંચીને રહેશે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું આ પવિત્ર ફરમાન સાચું પૂરવાર થયું અને પૂર્વના તુર્કીથી લઈને પશ્ચિમ છેડા સમાન સ્પેન અને બરબર પ્રદેશો સુધી ઈસ્લામી વિજયનો સિલસિલો ચાલ્યો, અને દક્ષિણ – ઉત્તરમાં ઈસ્લામી વિજયકૂચ થઈ શકી નહીં.

(૪૭) હજરત ષાબિત બિન કૈસ (રદિ.)ને ફરમાવ્યું કે તમને શ્રેષ્ઠ જીવન જીવવા મળશે, અને શહાદત સ્વરૂપે તમે કતલ થશો, બરાબર આ જ પ્રમાણે શ્રેષ્ઠ જીવન તેઓ જીવ્યા અને યમામહની લડાઈમાં શહીદ થયા.

(૪૮) એક મોઅજિઝહ આ પણ છે કે જયારે تبت يدا ابی لهب ની સૂરત નાઝિલ થઈ અને એમાં અબૂલહબની બુરાઈ કરવામાં આવી તો અબૂલહબની પત્ની આપની મજલિસમાં આવી, મજલિસમાં હઝરત અબૂબક્ર (રદિ.) પણ હતા, એમણે એને આવતી જોઈ તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! આ બદઝબાન સ્ત્રી છે, મને બીક છે કે એ તમને દુખ – યાતના આપશે, માટે તમે મજલિસ છોડી દયો, તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે તે મને જોઈ શકશે જ નહીં.

એટલામાં તે આવી પહોંચી અને બોલવા લાગી કે હે અબૂબક્ર ! તમારા માણસે એના કાવ્યોમાં મારી (هجو) નિંદા કરી છે.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત અબૂબક્ર (રદિ.)એ જવાબ આપ્યો કે તેઓ તો શાયર જ નથી.

આપ સાંભળી તેણીએ કહયું કે મારા મતે તમે સાચા છો, અને પાછી વળી ગઈ.

હઝરત અબુબક્ર (રદિ.) ફરમાવે છે કે હુજૂર ! એણે તમને જોયા નહી હોય, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે નહી, ફરિશ્તાઓએ એમની પાંખો વડે મને સંતાડી દીધો હતો.

(૪૯) એક મોઅજિઝહ આ છે કે મુરતદ થઈને (ઈસ્લામ છોડીને) મુશ્રિકોમાં ભળી જનાર એક માણસના મરવાના સમાચાર આવ્યા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે ધરતી એને સ્વીકારશે નહિ.

હઝરત અબૂ તલ્હા રદી. ફરમાવે છે કે હું એના મૃત્યુ સ્થાને ગયો અને જોયું તો એ મરેલો પડયો હતો. મેં લોકોને પૂછયું કે એના શા હાલ છે ? તો લોકોએ જણાવ્યું કે અમે તો એને જમીનમાં દાટયો હતો, પણ ધરતીએ એને સ્વીકાર્યો નથી.

(૫૦) એક મોઅજિઝહ આ છે કે એક માણસ ડાબા હાથથી ખાય રહયો હતો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને શીખ આપી કે જમણા હાથથી ખાઓ, એણે ઉત્તર વાળ્યો કે મારાથી જમણા હાથે ખવાતું નથી. એનું આ બહાનું સાંભળી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે 'તું જમણા હાથે ખાય શકીશ નહિ.' રિવાયત કરનાર સહાબી રદી. ફરમાવે છે કે ત્યાર પછી એનો જમણો હાથ મોઢા સુધી લાંબો થતો જ ન હતો.

(૫૧) એક મોઅજિઝહ આ છે કે અડયા કે પાડયા વગર ફકત આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઈશારો કરવાથી, કાબામાં મૂકવામાં આવેલ મૂર્તિઓ ટપો ટપ નીચે ઉંધા મોંઢે પડી ગઈ, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ ટાણે આ આયત પઢતા હતા,

جاء الحق و زهق الباطل إن الباطل كان زهوقا ( بنى اسرائيل)

(૫૨) માઝિન બિન ગઝૂબહ નામનો એક માણસ એક મૂર્તિની પૂજા


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરતો હતો, એને એની મૂર્તિમાંથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વતની ખુશખબરી, અનુસરણ માટે પ્રોત્સાહન અને મૂર્તિપૂજા છોડવાની તાકીદનો પયગામ સંભળાયો.

(૫૩) સવાદ બિન કારિબ નામના માણસને તાબે એક જિન્નાત હતો, આ જિન્નાત ત્રણ રાતો સુધી લગાતાર રાત્રે એની પાસે આવ્યો અને પગની ઠોકર વડે ઉંઘમાંથી ઉઠાડીને એને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વતની જાણકારી આપી અને આપના અનુસરણ માટે પ્રોત્સાહિત કર્યો.

(૫૪) એકવાર એક વાઘે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વતની ગવાહી આપી.

(૫૫) એક મોઅજિઝહ આ છે કે એક 'ઘો' એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નબી હોવાની ગવાહી આપી.

(૫૬) એક મોઅજિઝહ આ છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે 'ખન્દક' (ખાઈ) વેળા એક હઝારના લશ્કરને ફકત એક 'સાઅ' જવથી ખાણું ખવડાવ્યું. બધા લોકોએ પેટ ભરીને ખાધું અને ખાણું ઘટયું નહિ, બલકે કંઈક વધારે જ વધી રહયું.

(૫૭) બશીર બિન સઅદ (રદિ.)નાં પુત્રી એમના વાલિદ અને મામા અબ્દુલ્લાહ બિન રવાહા (રદિ.) માટે થોડી ખજૂરો લાવ્યાં હતાં, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એ ખજૂરો બધા લોકોમાં વહેંચી એટલી બધી બરકત થઈ.

(૫૮) એક મોઅજિઝહ આ છે કે એકવાર સફરમાં ભાથું ખૂટી જવાથી સહાબા રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ સવારીના જાનવરો ઝબહ કરવાની રજા માંગી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, સવારીઓ ઝબહ કરવાની જરૂરત નથી, અલબત્ત દરેક પાસે જેટલું ભાથું વધ્યું હોય તે લઈ આવો. દસ્તરખ્વાન પાથરવામાં આવ્યું, અને દરેકે એનું ભાથું લાવીને જમા કરાવી દીધું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બરકતની દુઆ ફરમાવી, પછી બધાએ ખાધું તો પેટ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભરીને ધરાયને ખાધું, ઉપરાંત દરેકે એનું ભાથું પણ ભરી લીધું.

(૫૯) એક મોઅજિઝહ આ છે કે હઝરત અબૂ હુરયરહ રદિ. થોડી ખજૂરો હાથમાં લઈને સેવામાં હાજર થયા અને અરજ કરી કે, યા રસૂલલ્લાહ! મારા માટે આ ખજૂરોમાં બરકતની દુઆ ફરમાવી દો, હઝરત અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બરકતની દુઆ ફરમાવી અને પછી ફરમાવ્યું કે જરૂરત મુજબ થેલીમાંથી કાઢતા રહેજો. પણ એને કદી ઊંધી વાળીને ખાલી ન કરજો. હઝ. અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે મેં એ થેલીમાંથી કેટલાયે 'વસક' ખજૂરો કાઢીને અલ્લાહના રસ્તામાં વહેંચી, ખાધી અને ખવડાવી. આ થેલી મારી કમરે લટકાવીને બાંધી રાખી હતી. પરંતુ હઝરત ઉસ્માન રદિ.ની શહાદતના હંગામા વેળા એ ખજૂરોની થેલી પડી ગઈ અને નષ્ટ થઈ ગઈ. (એક વસક એટલે ૧૯૫ કિ.).

(૬૦) એક મોઅજિઝહ આ છે કે એક વાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં 'ષરીદ' (રોટીના ટુકડા નાખીને બનાવવામાં આવતી એક વાનગી)નો એક પ્યાલો રજૂ કરવામાં આવ્યો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એક જ પ્યાલા ઉપર સઘળા સુફ્ફહ વાળાઓને ખાવા બોલાવી લીધા. હઝરત અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે હું માથું ઉચું કરતો, કે મને પણ જોઈને બોલાવવામાં આવે. છેલ્લે બધા જ ખાયને ઉભા થઈ ગયા, અને પ્યાલાના કિનારાઓ ઉપર કંઈક ખાવા વધી રહયું, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એ ભેગું ફરમાવ્યું તો એક કોળિયા જેટલું થયું, હવે મને બોલાવી ફરમાવ્યું કે 'લે તું પણ ખાય લે, બિસ્મિલ્લાહ' .

હઝ. અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે, જેના કબ્જામાં મારા પ્રાણ છે એ ખુદાની કસમ ! એને ખાતાં ખાતાં મારું પેટ ભરાય ગયું.

(૬૧) એક મોઅજિઝહ આ છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સુફ્ફહ વાળાઓને દૂધના એક પ્યાલાથી પેટ ભરીને પીવડાવ્યું અને બચ્યું તો એમાંથી હઝરત અબૂ હુરયરહ રદિ.એ અને આપ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પેટ ભરીને પીધું.

(૬૨) એક મોઅજિઝહ આ છે કે હઝરત ઝયનબ રદિ.ની શાદીના વલીમામાં હઝરત ઉમ્મે સુલૈમ રદિ. એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં એક પ્યાલો ષરીદ મોકલ્યું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મોટી સંખ્યામાં હાજર દરેકને એમાંથી ખવડાવ્યું, અને જયારે એ પ્યાલો ત્યાંથી હટાવવામાં આવ્યો તો સ્થિતિ એ હતી કે વિચારવું પડે કે બધા વચ્ચે ખાવા માટે મૂકવામાં આવ્યો ત્યારે એમાં ખાણું વધારે હતું કે ખાધા પછી એને હટાવવામાં આવ્યો ત્યારે.

(૬૩) એક મોઅજિઝહ આ છે કે એક ષરીદનો પ્યાલો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં રજૂ કરવામાં આવ્યો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને સામે મૂકી દીધો, લોકો આવતા રહયા અને બપોર સુધી એમાંથી ખાતા રહયા.

(૬૪) એક મોઅજિઝહ આ છે કે હઝરત અનસ રદિ. બગલમાં જવની અમુક રોટીઓ લઈને આવ્યા તો હઝરત અબૂ તલ્હા રદિ.ના ઘરમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ૮૦ માણસોને તે ખવડાવી, બધાએ પેટ ભરીને ખાધું અને રોટીઓ એવીને એવી જ રહી.

(૬૫) એક વાર હઝરત ઉમર રદિ.ને ફરમાવ્યું કે જાનવરો ઉપર સવાર લોકોને ભાથું આપો, હઝરત ઉમર રદિ. આપતા રહયા અને ખજૂરો એવી જ બાકી રહી, એમાંથી કંઈ ઓછી ન થઈ.

(૬૬) એક મોઅજિઝહ આ છે કે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિ. ફરમાવે છે કે એકવાર અસરની નમાઝનો સમય થઈ ગયો, અને અમારી પાસે થોડુંક જ પાણી વધ્યું હતું, આ પાણી એક વાસણમાં જમા કરવામાં આવ્યું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં રજૂ કરવામાં આવ્યું, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આપના પવિત્ર હાથ એમાં નાખીને આંગળીઓ પહોળી કરી દીધી અને ફરમાવ્યું કે, ચાલો બધા વુઝૂ કરો, અલ્લાહ તઆલા બરકત આપનાર છે.

હઝરત અનસ રદિ. ફરમાવે છે કે મેં જોયું કે આપ સલ્લલ્લાહુ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલયહિ વ સલ્લમની આંગળીઓમાંથી પાણીના ઝરણા ફૂટવા લાગ્યાં, ૧૪૦૦ માણસોએ વુઝૂ કર્યું અને પીધું.

(૬૭) એક મોઅજિઝહ હઝરત જાબિર રદિ. રિવાયત ફરમાવે છે કે, હુદયબિયહની લડાઈ વેળા લોકોને તરસ લાગી, લોકોએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં શિકાયત કરી, એક પ્યાલામાં થોડું પાણી હતું, તો આપે એમાં આંગળીઓ મૂકી દીધી. મેં જોયું કે ઝરણાની જેમ એમાંથી પાણી ફૂટવા માંડયું. આ વેળા અમે બધા ૧૫૦૦ માણસો હતા.

(૬૮) એક મોઅજિઝહ આ છે કે આપ સમક્ષ એક પ્યાલો રજૂ કરવામાં આવ્યો, એમાં થોડુંક પાણી હતું, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાની આંગળીઓ એમાં નાખવા માંગતા હતા, પણ પ્યાલું નાનું હતું, એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ચાર આંગળીઓ એમાં નાખી, અને પછી ફરમાવ્યું,

આવી જાઓ, બધા વુઝૂ કરી લો.

આ વેળા બધા મળીને સિત્તેર – એંસી માણસો હતા.

(૬૯) એક મોઅજિઝહ આ છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ લાકડાનું એક પ્યાલું લાવવામાં આવ્યું, એમાં થોડું પાણી હતું, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હાથ મુબારક એમાં મૂકયો તો આંગળીઓથી એટલું બધું પાણી ફૂટયું કે ત્રણસો માણસોની આખી જમાતે વુઝૂ કર્યું.

(૭૦) એક મોઅજિઝહ બે મશક (કુલ્લી : પાણી ભરવાની બતક) વાળી ઊંટણીનો છે, લોકોએ એ મશકોથી પાણી પીવા ઉપરાંત એમના વાસણો પણ ભરી લીધાં, છતાં પાણી ઓછું ન થયું.

(૭૧) એક મોઅજિઝહ આ છે કે ગઝવએ તબૂક વેળા એક સ્થળે ફક્ત એટલું પાણી હતું કે એક માણસ પણ ધરાય ન શકે, અને લોકો સઘળા તરસ્યા હતા, લોકોએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ જરૂરત રજૂ કરી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ભાથામાંથી તીર કાઢીને પાણીમાં ખોસવાનો આદેશ આપ્યો.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એની બરકતથી એટલું બધું પાણી ફૂટયું કે ત્રીસ હઝાર માણસોની આખી ફોજને કાફી થઈ પડયું.

(૭૨) એક કબીલાના લોકોએ એમના કુવાનું પાણી ખારું અને ઓછું હોવાથી પાણીની તંગીની શિકાયત કરી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સહાબા સાથે ત્યાં પધાર્યા, અને કુવા ઉપર ઉભા રહીને પવિત્ર થૂંક એમાં નાખીને પરત આવી ગયા. એની બરકતથી કુવામાં મોટી માત્રામાં મીઠા પાણીના ઝરણા ફૂટી નીકળ્યા.

(૭૩) એક મોઅજિઝહ આ છે કે અબૂ જહલ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના એકલા હોવાની ફિરાકમાં હતો, એક વાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એકલા જોઈ ગયો તો જલ્દીથી એક મોટો પથ્થર ઉપાડી લાવ્યો અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર નાખવા આગળ વધ્યો તો અલ્લાહ તઆલાએ એ પથ્થર એના હાથોમાં જ એવો ચોંટાડી દીધો કે એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર નાખી શકયો નહી.

(૭૪) એક મોઅજિઝહ આ છે કે ગઝવએ તાઈફ વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કયાંક જઈ રહયા હતા, રાતની વેળા હતી અને આપ ઊંટણી ઉપર સવાર હતા. રાતનું અંધારું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઊંઘમાં હતા, તાઈફ નિકટ પહોંચ્યા અને બોરડીનું ઝાડ સામે આવી ગયું તો એ સ્વયં બે ભાગમાં ચીરાય ગયું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એની વચ્ચેથી નીકળી ગયા. પછી તે ઝાડ ચીરાયેલું એની સ્થિતિ ઉપર જ મોજૂદ રહયું.

(૭૫) એક ખાતૂન એમના પુત્ર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં લઈને આવ્યાં, પુત્રને કંઈ શિકાયત હતી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એના માથા ઉપર હાથ મુબારક ફેરવ્યો તો એના માથાના વાળ સાજા થઈ ગયા અને તકલીફ પણ દૂર થઈ ગઈ. યમામહના લોકોએ આ વાત સાંભળી તો ત્યાંની એક સ્ત્રી એના પુત્રને લઈને 'મુસયલમહ' પાસે આવી. મુસયલમહે એના માથા ઉપર હાથ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફેરવ્યો તો બાળકના માથાના સઘળા વાળ ઉડી ગયા અને ટાલિયાપણું એની આખી પેઢીમાં પેસી ગયું.

(૭૬) ગઝવએ બદરમાં હઝરત ઉક્કાશહ બિન મિહસન રદિ.ની તલવાર તૂટી ગઈ, એમણે અરજ કરી કે યા રસૂલલ્લાહ ! સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ, મારી તલવાર તૂટી ગઈ છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લાકડીની એક ડાળી એમને અર્પણ ફરમાવી અને ફરમાવ્યું કે એને હલાવો, એમણે હલાવી તો એ તલવાર બની ગઈ, તેઓ આ તલવાર લઈને આગળ વધ્યા અને કાફિરોથી લડવા માંડયા. આ તલવાર આ લડાઈ પછી પણ હમેંશા એમની પાસે જ રહી.

(૭૭) એક મોઅજિઝહ આ છે કે હાતિબ બિન અબી બલ્તઅહ (રદિ.)એ એક સ્ત્રી મારફત મક્કા વાળાઓને એક પત્ર રવાના કર્યો, અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓ વડે આ વાત આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જણાવી દીધી, આપ સલ્લલ્લાહુ અલયહિ સલ્લમે હઝરત અલી રદિ. અને હઝરત ઝુબૈર રદિ.ને મોકલ્યા, તેઓએ રસ્તામાં એ સ્ત્રીને પકડી લીધી અને તેણીના વાળોની ચોટલીમાંથી એ પત્ર કાઢી લાવ્યા.

(૭૮) એક મોઅજિઝહ આ છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મધ્યમ કદના હતા, પણ લાંબા કદ વાળા માણસો સાથે ચાલતા તો બધાથી ઊંચા દેખાતા હતા.

(૭૯) એક વાર આપ સલ્લલાહુ અલયહિ વ સલ્લમ અને અન્યોને ખાવામાં ઝેર આપવામાં આવ્યું, આ ઝેરની અસરથી ખાનારા અન્ય માણસો તો મરી ગયા પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ત્યાર પછી ચાર વરસ દુનિયામાં રહયા.

(૮૦) એક મોઅજિઝહ આ છે કે મુસલમાનોના લશ્કરમાં એક અત્યંત હિમ્મતવાન માણસ હતો, એકલા અટૂલા અને દૂર હોય એવા માણસ ઉપર પણ તલવાર લઈને તૂટી પડતો. સહાબા રદિ.એ એને જોઈએ કહયું કે ફલાણા જેવી શૂરવીરતા કોઈ બતાવી નથી. આપ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, એ તો જહન્નમી છે. પાછળથી જોવામાં આવ્યું કે એણે આત્મહત્યા કરી લીધી.

(૮૧) એક મોઅજિઝહ આ છે કે ખન્દક (ખાઈ) ખોદતી વેળા એક મોટો કડક પથ્થર આવી ગયો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પાવડો માર્યો તો એ પથ્થર રેતીનો ઢગલો બની ગયો.

(૮૨) એક મોઅજિઝહ આ છે કે હિજાઝના યહૂદી વેપારી અબૂ રાફેઅને કતલ કરનારા સહાબી ઉપરથી પડી ગયા, જેનાથી એમનો પગ તૂટી ગયો હતો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એ પગ ઉપર હાથ ફેરવ્યો તો પગ એવો સાજો થઈ ગયો કે જાણે એમાં કદી કોઈ તકલીફ ઉદભવી જ ન હોય.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આવા સ્પષ્ટ મોઅજિઝહ અને નુબુવ્વતની જાહેર દલીલો એટલી બધી છે કે ગણી પણ ન શકાય.

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ شَرَّفَ وَ كَرَّمَ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

## પ્રકરણ - ૧૦

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પવિત્ર બીવીઓનું વર્ણન

### ૧, હઝરત ખદીજા રદિ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સહુપ્રથમ હઝરત ખદીજા બિન્તે ખુવયલિદ બિન અસદ બિન અબ્દુલઉઝઝા બિન કુસય બિન કિલાબ...થી વિવાહ કર્યા, તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વિવાહમાં હતા, એ દરમિયાન આપને નુબુવ્વત મળી અને તેઓ મુસલમાન બની ગયાં.

આ પૂર્વે એમના બે વિવાહ થઈ ચૂકયા હતા, પ્રથમ વિવાહ કુંવારા હતા ત્યારે અતીક બિન આઈઝ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમથી થયા હતા, એનાથી એક પુત્રી હતી, આ પતિના અવસાન પછી અબૂહાલહ નબ્બાશ બિન ઝુરારહથી વિવાહ થયા, અમુકના મતે હિન્દ બિન ઝુરારહ તમીમીથી આપના બીજા વિવાહ થયા હતા. એનાથી એક પુત્ર અને એક પુત્રી હતાં. આ બીજા પતિના અવસાન પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી આપના વિવાહ થયા અને છેલ્લે સુધી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વિવાહમાં રહયા, આપના વિવાહમાં જ વફાત થઈ, વફાતની તારીખ પહેલાં આવી ગઈ છે. હઝ. ખદીજા રદિ. હયાત હતાં ત્યાં સુધી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બીજા નિકાહ ફરમાવ્યા નહીં.

હઝરત આઈશહ રદિ. રિવાયત ફરમાવે છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જયારે પણ હઝરત ખદીજા રદિ.નો ઉલ્લેખ કરતા તો એમના વખાણ ફરમાવતા, અને મગફિરતની દુઆ કરવામાં મોડું ન કરતા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એક વાર એમનું વર્ણન શરૂ કર્યું તો મેં જોશમાં કહી દીધું કે અલ્લાહ તઆલાએ એ ડોશીનો અવેજ તમને આપી દીધો છે.

હઝરત આઈશહ રદિ. ફરમાવે છે કે મેં જોયું કે મારી આ વાત સાંભળીને હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઘણો જ ગુસ્સો આવ્યો, મને ઘણો અફસોસ થયો અને મેં દુઆ કરી કે એ પાક પરવરદિગાર, જો તું તારા રસૂલના આક્રોશને ઠંડો કરી દે તો હું જીવતાં જીવ હઝરત ખદીજા રદિ. વિશે કોઈ અયોગ્ય શબ્દ ઉચ્ચારીશ નહી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

તેં કેમ કરીને આવી વાત ઉચ્ચારી ?

ખુદાના સમ ! તેણી એવા સમયે મુસલમાન બની હતી, જયારે લોકો મને નકારી રહયા હતા.

એણે એવા ટાણે મને સ્થાન આપ્યું જયારે લોકોએ મને છોડી દીધો હતો.

એવા અવસરે મારું સમર્થન કર્યું જયારે લોકો મને જુઠાડી રહયા હતા.

મારી એમનાથી અવલાદ પણ છે, જેનાથી તમે વંચિત છો.

હઝ. આઈશહ રદિ. ફરમાવે છે કે એક મહીના સુધી સવાર–સાંજ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારી સમક્ષ એમનો ઉલ્લેખ કરતા રહયા.

રિવાયતમાં આવે છે કે સ્ત્રીઓમાં હઝરત ખદીજા રદિ. સહુ પ્રથમ ઈમાન લાવ્યાં. (પહેલાં આનું વર્ણન આવી ચૂકયું છે.)

### ૨, હઝરત સવદહ રદિ.

હઝરત ખદીજા રદિ.ની વફાત પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત સવદહ બિન્તે ઝમ્અહ બિન કૈસ, બિન અબ્દે શમ્સ બિન અબ્દે વદ બિન નસ્ર બિન માલિક બિન હિસ્લ બિન આમિર બિન લુઅયથી મક્કા શરીફમાં હિજરત પૂર્વે નિકાહ ફરમાવ્યા. આ પહેલાં તેઓ સુહૈલ બિન અમ્રના ભાઈ સકરાન બિન અમ્રના નિકાહમાં હતાં.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નિકાહમાં જયારે ઘણાં વૃદ્ધ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

થઈ ગયાં તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને તલાક આપવા ચાહી, એમણે પોતાની વારી હઝરત આઈશહ રદિ.ને આપી દીધી અને અરજ કરી કે મને પુરૂષની ઈચ્છા નથી, મારી તમન્ના છે કે કયામતના દિવસે તમારી બીવીઓમાં મારી ગણના થાય. એટલે પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તલાકનો ઈરાદો મોકૂફ રાખ્યો. એમના સિવાય બધી બીવીઓની રાત્રિની વારી નક્કી ફરમાવતા હતા અને એમની વારી હઝરત આઈશહ રદિ. માટે રાખતા.

### ૩, હઝરત આઈશહ રદિ.

હિજરતથી બે વરસ પૂર્વે, અમુકના મતે ત્રણ વરસ પૂર્વે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત આઈશહ બિન્તે અબૂબક્ર સિદ્દીક બિન અબ્દુલ્લાહ બિન અબૂકુહાફહ ઉસ્માન બિન આમિર બિન અમ્ર બિન કઅબ બિન સઅદ બિન તય્મ બિન મુર્રહ બિન કઅબ બિન લુઅય બિન ગાલિબ તયમી સાથે મક્કા મુકર્રમહમાં નિકાહ ફરમાવ્યા.

આ વેળા એમની વય છ કે સાત વરસની હતી. પછી નવ વરસની ઉમરે મદીના તય્યિબહમાં, હિજરત પછી સાતમા માસના આરંભે, અને એક કથન મુજબ અઢારમાં મહીનામાં રુખસતી થઈ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત વેળા એમની ઉમર અઢાર વરસની હતી.

મદીના તય્યિબહમાં હિજરી સન ૫૭ કે ૫૮ માં વફાત થઈ, અને જન્નતુલ બકીઅમાં દફન થયાં. હઝરત અબૂ હુરયરહ રદિ.એ એમની જનાઝહની નમાઝ પઢાવી હતી.

એમના સિવાય બીજી કોઈ કુંવારી સ્ત્રીથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે નિકાહ નથી ફરમાવ્યા. ઉમ્મે અબ્દુલ્લાહ એમની કુન્નિયત હતી. એક રિવાયતમાં છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી એમને 'હમલ' રહયું હતું, પણ એ સાબિત નથી.

### ૪, હઝરત હફસહ રદિ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત હફસહ બિન્તે ઉમર, બિન ખત્તાબ, બિન નુફૈલ, બિન અબ્દુર્રઝઝાક, બિન રિયાહ, બિન


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અબ્દુલ્લાહ, બિન કુર્ત, બિન રઝાહ, બિન અદી, બિન કઅબ, બિન લુઅયથી નિકાહ ફરમાવ્યા.

તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પહેલાં એક બદરી સહાબી ખુનૈસ બિન હુઝાફહ સહમી (રદિ.)ના નિકાહમાં હતાં, જેમનો પછી મદીનામાં ઈન્તેકાલ થયો હતો.

રિવાયત છે કે એમને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તલાક આપી તો હઝરત જિબ્રઈલ અલૈ.એ આવીને અલ્લાહ તઆલાનો પયગામ પહોંચાડયો કે હફસહની તલાકથી રુજૂઅ કરી લ્યો, તેઓ ઘણાં રોઝા રાખનાર અને વધારે નમાઝો પઢનાર છે. રિવાયતમાં આવે છે કે હઝરત ઉમર રદિ.ને જયારે આ તલાકની જાણ થઈ તો માથા ઉપર માટી નાખીને કહેવા લાગ્યા કે,

આ તલાક પછી ઉમર અને એની બેટી અલ્લાહ તઆલા પાસે કોઈ ગણતરીમાં નથી.

ત્યાર પછી બીજા દિવસે હઝરત જિબ્રઈલ અલૈ. પધાર્યા અને હઝરત ઉમર રદિ. ઉપર મહેરબાની રૂપે અલ્લાહ તઆલા તરફથી હઝરત હફસહની તલાકથી રૂજૂઅ કરવાનો હુકમ પહોંચાડયો. આફ્રિકાની ફતેહના વરસે (હિજરી સન ૪૫)માં એમની વફાત થઈ.

*( આફ્રિકા ઉપર બે વાર ફતેહ થઈ છે. પ્રથમ હઝરત ઉસ્માન રદિ.ના ખિલાફતકાળમાં હિજરી સન ૨૭માં, અને બીજીવાર હઝરત મુઆવિયહ રદિ.ના ખિલાફતકાળમાં હિજરી સન ૪૫માં. આ વરસે જ હઝરત હફસહ રદિ.ની વફાત થઈ છે. હાફિઝ ઈબ્ને હજર રહ.એ 'અલ ઈસાબહ'માં પણ આ વરસ જ સહીહ ઠેરવ્યું છે.)*

## ૫, હઝરત ઉમ્મે હબીબહ રદિ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઉમ્મે હબીબહ, રમલહ બિન્તે અબી સુફિયાન સખ્ર, બિન હર્બ, બિન ઉમય્યહ, બિન અબ્દેશમ્સ, બિન અબ્દેમનાફથી નિકાહ ફરમાવ્યા. આ પહેલાં તેઓ ઉબૈદુલ્લાહ બિન જહશ રદિ.ના નિકાહમાં હતાં અને એમની સાથે હબ્શહ હિજરત પણ કરી


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતી, પણ હબ્શહ પહોંચીને ઉબૈદુલ્લાહે ઈસાઈ ધર્મ અપનાવી લીધો અને હઝ. ઉમ્મે હબીબહ રદિ.માં અલ્લાહ તઆલાએ ઈસ્લામ પાકો કરી દીધો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી નિકાહ થયા ત્યારે તેઓ હબ્શહમાં જ હતાં, હબ્શહના બાદશાહ નજાશીએ ચાર સો અશરફી મહેર પોતે અર્પણ કરી. અત્રેથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને લેવા માટે અમ્ર બિન ઉમય્યહ ઝમ્રી રદિ.ને મોકલ્યા. એમના નિકાહના વલી હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિ. ને નક્કી કરવામાં આવ્યા હતા. અમુક સીરતકારોનું કથન છે કે હઝરત ખાલિદ બિન સઈદ બિન આસ રદિ. એમના નિકાહના વલી હતા.

હિજરી સન ૪૪ માં એમની વફાત થઈ છે.

## ૬, હઝરત ઉમ્મે સલ્મહ રદિ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઉમ્મે સલ્મહ હિન્દ, બિન્તે અબી ઉમય્યહ, બિન મુગીરહ, બિન અબ્દુલ્લાહ, બિન ઉમર, બિન મખ્ઝૂમ, બિન યકઝહ, બિન મુર્રહ, બિન કઅબ, બિન લુઅય,થી નિકાહ ફરમાવ્યા.

તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી પહેલાં અબૂ સલ્મહ બિન અબ્દુલ અસદ બિન હિલાલ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમના નિકાહમાં હતાં. આ શોહરથી એમને એક પુત્ર અને એક પુત્રી ઉમર અને ઝયનબ પેદા થયાં. આ બન્ને હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પરવરિશમાં હતા. આ ઉમર રદિ. જંગે જમલમાં હઝરત અલી રદિ. તરફે હતા. હઝરત અલી રદિ.એ એમને બહરૈનના ગર્વનર પણ બનાવ્યા હતા. મદીના શરીફમાં એમની અવલાદનો સિલસિલો પણ બાકી રહયો હતો.

હઝરત ઉમ્મે સલ્મહ રદિ. હિજરી સન ૬૨ માં વફાત પામ્યાં અને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યાં. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બીવીઓમાં સૌથી છેલ્લે આપની વફાત થઈ છે. અમુક સીરતકારોના મતે હઝરત મયમૂનહ રદિ. સૌથી છેલ્લે વફાત પામ્યાં છે.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

## ૭, હઝરત ઝયનબ બિન્તે જહશ રદિ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઝયનબ બિન્તે જહશ, બિન રિયાબ, બિન યઅમર, બિન સબિરહ, બિન મુર્રહ, બિન કબીર, બિન ગનમ, બિન દૂદાન, બિન અસદ, બિન ખુઝયમહ, બિન મુદરિકહ, બિન ઈલ્યાસ, બિન મુઝર.. થી નિકાહ ફરમાવ્યા. તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફોઈ ઉમયમહ બિન્તે અબ્દુલ્મુત્તલિબના પુત્રી હતાં.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી પહેલાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આઝાદ કરેલા ગુલામ હઝરત ઝૈદ બિન હારિષહ રદિ.ના નિકાહમાં હતાં. શોહરે એમને તલાક આપી તો અલ્લાહ તઆલાએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી એમના નિકાહ આસમાનથી નાઝિલ ફરમાવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતે એમનાથી નિકાહ નથી ફરમાવ્યા.

સહીહ રિવાયતોમાં આવે છે કે તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની અન્ય બીવીઓથી કહેતાં રહેતાં કે તમારા નિકાહ તો તમારા પિતાઓએ કર્યા છે, અને મારા નિકાહ અલ્લાહ તઆલાએ સાતેવ આસમાનોથી ઉપર કર્યા છે.

હિજરી સન ૨૦ માં મદીના શરીફમાં એમની વફાત થઈ, અને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યાં.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી આપની બીવીઓમાંથી આપ રદિ. સૌથી પહેલાં વફાત પામ્યાં છે.

સૌથી પહેલાં જનાઝહ ઉપર આપને જ લઈ જવામાં આવ્યાં.

## ૮. હઝરત જુવયરિયહ રદિ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત જુવયરિયહ, બિન્તે હારિષ, બિન અબી ઝિરાર, બિન હબીબ, બિન આઈઝ, બિન માલિક, બિન મુસ્તલિક, ખુઝાઈયહ રદિ.થી નિકાહ ફરમાવ્યા. તેઓ ગઝવહ બની મુસ્તલકમાં કેદી તરીકે ગનીમતના માલ સ્વરૂપે હઝરત ષાબિત બિન કૈસ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બિન શમ્માસ રદિ.ના ભાગે આવ્યાં હતાં. હઝરત ષાબિત રદિ.એ એમની સાથે 'મુકાતબત' (નક્કી સમય મર્યાદામાં પૈસા ચુકવીને આઝાદ થઈ જવા)નો કરાર કર્યો.

કરાર પછી હઝરત જુવયરિયહ રદિ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે ચૂકવણી માટે મદદ માગવા આવ્યાં, તેઓ સુંદર પણ હતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, આ સહાયથી વધુ સારી બાબત દર્શાવું ? અને તે આ છે કે હું તારા વતી સઘળો માલ ચૂકતે કરી દઉં અને તમારી સાથે નિકાહ કરી લઉં ?

એમણે આ બાબત સ્વીકારી લીધી. એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે માલ ચૂકવ્યા પછી એમની સાથે નિકાહ કરી લીધા.

હિજરી સન : ૬ માં આ નિકાહ થયા.

રબીઉલ અવ્વલ ૫૬ હિ.માં આપ રદિ.ની વફાત થઈ.

## ૯, હઝરત સફિય્યહ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત સફિય્યહ રદિ., બિન્તે હુયય્ય, બિન અખ્તબ, બિન અબી યહયા, બિન કઅબ, બિન ખઝરજ, નઝીરિય્યહથી નિકાહ ફરમાવ્યા. તેઓ હઝરત મૂસા અલૈ.ના ભાઈ હઝરત હારૂન અલૈ.ની અવલાદમાંથી હતાં. હિજરી સન ૭ માં ખૈબરથી કેદી બનાવવામાં આવ્યાં હતાં. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાના વિશેષાધિકારથી એમને પોતાના માટે અલગ કરી લીધાં અને એમને આઝાદ કરવાને એમનું મહેર નક્કી કરીને એમનાથી નિકાહ ફરમાવ્યા.

તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પહેલાં કિનાનહ બિન અબીલ હુકૈકના નિકાહમાં હતાં. અને તે આ જ લડાઈમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હાથે માર્યો ગયો હતો.

હિજરી સન ૩૦ અથવા ૫૦ માં એમની વફાત થઈ.

અમુક સીરતકારોના કથન મુજબ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બીવીઓમાં સૌથી છેલ્લે એમની વફાત થઈ છે.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

**૧૦. હઝરત મયમૂનહ રદિ.**

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત મયમૂનહ, બિન્તે હારિષ, બિન હઝન, બિન બુજૈર, બિન હુઝમ, બિન રુઅબહ, બિન અબ્દે મનાફ, બિન હિલાલ, બિન આમિર, બિન સઅસઅહથી નિકાહ ફરમાવ્યા.

તેઓ હઝરત ખાલિદ બિન વલીદ રદિ. અને હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.ના માસી હતાં.

'સરિફ' મુકામે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમની સાથે નિકાહ ફરમાવ્યા, અહિંયાથી જ રૂખસતી થઈ અને અહિંયા જ વફાત પામીને અત્રે જ દફન થયાં. પહેલાં આ બાબતનું વર્ણન આવી ચૂકયું છે.

ઉમ્મહાતુલ મુઅમિનીનમાં સૌથી છેલ્લે આપ રદિ. સાથે નિકાહ થયા. અને સૌથી છેલ્લે આપ રદિ.ની વફાત થઈ છે. અલ્લામહ મુન્ઝિરી રહ.એ આ વાત વર્ણવી છે. આપ રદિ. પહેલાં અબૂ સબ્રહ આમીરીના નિકાહમાં હતાં.

હિજરી સન ૬૩ માં આપ રદિ.ની વફાત થઈ.

હઝરત ખદીજા રદિ. સિવાય ઉપરોકત સઘળી બીવીઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમન વફાત વેળા જીવંત હતી.

**૧૧. હઝરત ઝયનબ બિન્તે ખુઝયમહ રદિ.**

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઝયનબ રદિ., બિન્તે ખુઝયમહ, બિન હારિષ, બિન અબ્દુલ્લાહ, બિન અમ્ર, બિન અબ્દે મનાફ, બિન હિલાલથી નિકાહ ફરમાવ્યા. તેઓ ગરીબોને ખાણું ઘણું ખવડાવતા હતા, એટલે એમનું નામ 'ઉમ્મુલ મસાકીન' (મિસ્કીનોની માં) પડી ગયું હતું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પૂર્વે અબ્દુલ્લાહ બિન જહશ રદિ.ના નિકાહમાં હતાં અમુકના કથન મુજબ તુફૈલ બિન હારિષ રદિ.ના નિકાહમાં હતાં.

હિજરી સન ૩ માં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમનાથી


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નિકાહ ફરમાવ્યા અને થોડો જ સમય એટલે કે બે ત્રણ મહીના આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે રહયાં અને એમની વફાત થઈ.

### ૧૨. ફાતિમહ બિન્તે ઝહાક રદિ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ફાતિમહ બિન્તે ઝહાક રદિ.થી નિકાહ ફરમાવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનાં પુત્રી હઝરત ઝયનબ રદિ.ની વફાત પછીના સમયગાળામાં આ નિકાહ ફરમાવ્યા.

પછી જયારે કુર્આનમાં હુઝૂ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નિકાહમાં રહેવા અથવા સ્વતંત્ર રહેવા (દુનિયા)ની છૂટ આપતી આયત નાઝિલ થઈ તો એમણે દુનિયા (છૂટા થવા)ને પ્રાથમિકતા આપી. પરિણામે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને અલગ કરી દીધાં.

એમની સ્થિતિ ત્યાર પછી એવી થઈ ગઈ હતી કે તેઓ જાનવરોની લીડ ભેગી કરતાં રહેતાં અને કહેતાં કે હું કેવી બદબખ્ત (અભાગી) છું, મેં દુનિયાને પ્રાથમિકતા આપી.

### આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અમુક બીજા નિકાહ

૧૩. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત દિહયા કલ્બી રદિ.ના બહેન ઈસાફ રદિ.થી નિકાહ ફરમાવ્યા હતા.

૧૪. ખવલહ બિન્તે હુઝૈલ રદિ.થી નિકાહ ફરમાવ્યા.

૧૫. અમુકના મત મુજબ ખવલહ બિન્તે હકીમથી નિકાહ ફરમાવ્યા. એમણે પોતાની જાતને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં હિબા – ભેટ આપી દીધી હતી.

૧૬. અમુકના મત મુજબ પોતાની જાત આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હિબા – ભેટ ધરી દેનાર ઉમ્મે શરીક રદિ. હતાં.

શકય છે કે બન્ને (નં : ૧૫ – ૧૬) સ્ત્રીઓએ પોતાની જાત આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હિબા – ભેટ ધરી દીધી હોય.

૧૭. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અસ્મા બિન્તે કઅબ જુવયનિય્યહ રદિ.થી નિકાહ ફરમાવ્યા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૮. અમરહ બિન્તે ઝૈદ રદિ.થી નિકાહ ફરમાવ્યા. તેઓ બનુ કિલાબ કબીલાના સ્ત્રી હતાં. પછી એમનો સંબંધ બનૂ વહીદથી જોડાયો.

નં : ૧૭ – ૧૮ ને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કોઈ સંબંધ બંધાય એ પહેલાં જ તલાક આપી દીધી હતી.

૧૯. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કબીલા ગિફારની એક ખાતૂનથી નિકાહ ફરમાવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને જોયાં તો કોઢની સફેદી જોઈ. પછી એમને ફરમાવી દીધું કે, જાઓ તમારા પિતાના ઘરે ચાલ્યા જાઓ. એટલે કે તલાક આપી દીધી.

૨૦. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એક તમીમી ખાતૂનથી નિકાહ ફરમાવ્યા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જયારે એમની પાસે પહોંચ્યા તો તે ખાતૂન બોલ્યાં કે, અઉઝુબિલ્લાહિ મિન્ક. ( હું તો તમારાથી અલ્લાહની પનાહ ચાહું છું.) આ સાંભળી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, જેણે અલ્લાહની પનાહ માંગી, અલ્લાહ તઆલાએ એનાથી મના ફરમાવી દીધું. જાઓ તમારા પિતાના ઘરે ચાલ્યા જાઓ.

કહે છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની અમુક પત્નિઓએ આ ખાતૂનને આમ કરવાનું શીખવાડયું હતું કે આમ કહેવાથી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના દિલમાં તને સ્થાન મળશે.

૨૧. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આલિયહ બિન્તે ઝબ્યાન રદિ.થી નિકાહ ફરમાવ્યા. પછી જયારે તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં લાવવામાં આવ્યાં તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને તલાક આપી દીધી.

૨૨. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બિન્તે સલ્ત રદિ.થી નિકાહ ફરમાવ્યા. પરંતુ તેઓ એકાંતવાસ પહેલાં જ વફાત પામી ગયાં.

૨૩. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મુલયકહ લયષિયહ રદિ.થી નિકાહ ફરમાવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમની પાસે તશ્રીફ લઈ ગયા અને ફરમાવ્યું કે તમારું સર્વસ્વ મને અર્પણ કરી


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દયો. તેમણે ઉત્તર વાર્યો કે શું કોઈ મલિકહ (રાણી) એના પ્રાણ કોઈ બજારુ માણસને આપી શકે છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એની આ વાત સાંભળીને તલાક આપી દીધી.

૨૪. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મુર્રહ કબીલાની એક સ્ત્રીથી નિકાહ માટે સંદેશો કહેવડાવ્યો, એમના વાલિદે જવાબમાં કહેવડાવ્યું કે એને તો કોઢ છે. હકીકતમાં એ સ્ત્રીને કોઢ ન હતો. પછી એના વાલિદે ઘરે જઈને જોયું તો એને કોઢ લાગુ પડી ગયો હતો.

૨૫. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એક ખાતૂન સાથે નિકાહ માટેનો સંદેશો એના બાપને મોકલાવ્યો. એના બાપે એના વખાણ કરતાં કહયું કે, તેણીની એક અજીબ વાત દર્શાવું ! તે કદી બીમાર નથી પડી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાના નજીક એમાં કોઈ ભલાઈ નથી. અને પછી એની સાથે નિકાહનો ઈરાદો મોકૂફ કરી દીધો. અમુક સીરતકારોનું કહેવું છે કે તેણી સાથે નિકાહ થઈ ગયા હતા, પણ જયારે એના બાપે ઉપરોકત વાત દર્શાવી તો એને તલાક આપી દીધી અને એકાંતનો અવસર આવ્યો જ નહિં.

સીરતકાર અબૂ સઅદે 'શરફૂન્નુબુવ્વત'માં વર્ણવ્યું છે કે,

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની કુલ ૨૧ બીવીઓ હતી. છ ને તલાક આપી છે. પાંચ બીવીઓ આપની હયાતીમાં જ ઈન્તેકાલ ફરમાવી ગઈ. દસની હયાતીમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈન્તેકાલ થયો. એક બીવી સાથે એકાંત ભોગવવાનો અવસર સાંપડયો નહી અને નવ બીવીઓ માટે રાતવાસાનો ક્રમ નક્કી ફરમાવ્યો હતો.

### નબવી મહેર

આપની બીવીઓમાં દરેકની મહેર ૫૦૦ દિરહમ હતી. આ વિષયે આ જ સૌથી સહીહ કથન છે. અલબત્ત હઝરત સફિય્યહ રદિ.ની મહેર એમની આઝાદી નક્કી કરવામાં આવી હતી. બીજી કોઈ વસ્તુ એમની મહેરમાં ન હતી. અને હઝરત ઉમ્મે હબીબહ રદિ.ની મહેર નજ્જાશીએ અદા કરી હતી.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૧૧

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની અવલાદ

નબુવ્વત પૂર્વે હઝરત ખદીજા રદિ.ની કુખે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના એક બાળક 'અબ્દે મનાફ'નો જન્મ થયો હતો. (હદીસના વિદ્વાનોના મતે આ હદીસ સહી નથી.) અને નુબુવ્વત પછી એક બાળક 'કાસિમ' પેદા થયા, જેમના નામ ઉપરથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની કુન્નિયત 'અબુલકાસિમ' પડી હતી. અને બીજા પુત્ર અબ્દુલ્લાહ પેદા થયા, એમનું જ બીજું નામ તય્યિબ હતું. એમને જ તાહિર કહેતા હતા. અમુકના મત મુજબ તય્યિબ અને તાહિર અલગ છે.

અને પુત્રીઓ : ઝયનબ, રૂકય્યા, ઉમ્મે કુલ્સૂમ અને ફાતિમહ.

મુહમ્મદ બિન ઈસ્હાક રહ.ની રિવાયત છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બધી જ અવલાદ નુબુવ્વત પૂર્વેની છે. અને પુત્રો બધા જ 'દુગ્ધાશી' એટલે કે દૂધપીવાની ઉમરે જ વફાત પામ્યા. સીરતકારોનું એક કથન એવું છે કે કાસિમ બે વરસની ઉમરે વફાત પામ્યા, એમના વિશે જ અમુકનું કહેવું છે કે સીધી સવારી પર સવાર થઈ શકે એટલી ઉમરે આપની વફાત થઈ. અલબત્ત પુત્રીઓએ ઈસ્લામનો ઝમાનો જોયો અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર ઈમાન પણ લાવી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું અનુસરણ પણ કર્યું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે હિજરત પણ ફરમાવી. અમુકનું કહેવું છે કે અબ્દુલ્લાહ સિવાયની બધી અવલાદ નુબુવ્વત પૂર્વેની છે.

સૌથી મોટા પુત્ર કાસિમ, પછી તય્યિબ અને ત્યાર બાદ તાહિર.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પુત્રીઓમાં સૌથી મોટાં ઝયનબ, પછી રૂકય્યા. અમુકના કથન મુજબ રૂકય્યા મોટાં પછી ઝયનબ. ત્યાર બાદ ફાતિમહ અને પછી ઉમ્મે કુલ્થૂમ. એક કથન આ પણ છે કે ફાતિમહ સહુથી નાનાં છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આ સઘળી અવલાદ હઝરત ખદીજા રદિ.ની કુખે મક્કા મુકર્રમામાં પેદા થઈ.

મદીના તય્યિબહમાં એક સાહબઝાદા, ઈબ્રાહીમ, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ગુલામડી, મારિયહ કિબ્તીયહ રદિ.ના કુખે પેદા થયા અને મદીનામાં જ વફાત પામ્યા. સત્તર દિવસ એમની ઉમર હતી. એક કથન મુજબ સાત માસની વયે વફાત પામ્યા. એક કથન ૧૮ માસની વય હોવાનું પણ છે.

હઝરત ફાતિમહ રદિ. સિવાય સઘળી અવલાદ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હયાતીમાં જ અવસાન પામી. અને હઝરત ફાતિમહ રદિ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતના છ માસ પછી વફાત પામ્યાં.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૧૨

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બેટીઓના નિકાહનું વર્ણન

## (૧) હઝરત ઝયનબ રદિ.

હઝરત ઝયનબ રદિ.ના નિકાહ 'અબુલ આસ બિન રબીઅ બિન અબ્દુલ ઉઝઝા બિન અબ્દે શમ્સ' સાથે થયા. તેઓ એમના માસીભાઈ હતા. એમની વાલિદહ હઝરત ખદીજા રદિ.ના બહેન હાલહ બિન્તે ખુવયલિદ હતાં. હઝરત ખદીજા રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમનાથી શાદીની સલાહ આપી હતી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત ખદીજા રદિ.ની વાત અવગણતા ન હતા. આ નિકાહ 'વહી' ઉતરવા પહેલાં થયા હતા.

અબૂલ આસ માલ, વેપાર અને અમાનતમાં મક્કાના વિશેષ લોકોમાં ગણાતા હતા. જ્યારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કુરેશ સામે અલ્લાહનો હુકમ એટલે કે ઈસ્લામ રજૂ કર્યો તો લોકો અબુલ આસ પાસે આવ્યા અને કહયું કે તમારી બીવીને છોડી દયો, પછી તમે જે સ્ત્રી સાથે ઈચ્છો એની સાથે તમારા નિકાહ કરાવી દઈશું. અબુલ આસે ઉત્તર આપ્યો કે,

હું મારી બીવીને છોડીશ નહિ અને મને એના અવેજમાં કુરેશની સારામાં સારી પણ કોઈ સ્ત્રી સ્વીકાર્ય નથી.

હઝરત આઈશહ રદિ. રિવાયત ફરમાવે છે કે હઝરત ઝયનબ રદિ. જયારે ઈસ્લામ લઈ લાવ્યાં તો ઈસ્લામના કારણે એમના અને અબુલઆસ વચ્ચે છુટાછેડા થઈ ચૂકયા હતા, પણ મક્કા મુકર્રમહમાં ઈસ્લામનું


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પ્રભુત્વ ન હોવાથી બન્નેને છુટા કરી શકાતા ન હતા. પછી જ્યારે મુસલમાનોએ અબુલ આસ રદિ.ને કેદ પકડયા તો એમણે ઝયનબ રદિ.ને સંદેશો મોકલાવ્યો કે તમે તમારા વાલિદ પાસેથી મારા માટે 'અમાન' (રક્ષણ) માંગી લ્યો.

હઝરત ઝયનબ રદિ. નીકળ્યાં અને પોતાની ઓરડીમાંથી માથું ઉચું કરીને બોલ્યાં કે લોકો, હું હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પુત્રી છું, મેં અબુલ આસને અમાન આપી છે.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ વેળા લોકોને નમાઝ પઢાવી રહયા હતા. નમાઝથી પરવાર્યા તો ફરમાવ્યું કે, હે લોકો ! તમે આ 'અમાન' આપવાને સાંભળી લીધું. તમારા સાંભળવા પહેલાં મને પણ આ વિશે જાણકારી ન હતી. યાદ રાખો, સહુથી નાનો માણસ પણ અમાન આપી દે તો એને અનુસરવું મુસલમાનની શાન છે.

ફત્હે મક્કા પૂર્વે શામની સફરેથી પરત ફરતી વેળા અબુલ આસ રદિ.ને પકડવામાં આવ્યા ત્યારની આ ઘટના છે.

અમ્ર બિન શુઅયબ એમના વાલિદના મારફત એમના દાદાની હદીસ વર્ણવે છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઝયનબ રદિ.ને ફરીવાર હઝરત અબુલઆસ રદિ.ના હાથોમાં સોંપ્યા, નવી મહેર નક્કી ફરમાવી અને ફરીવાર નિકાહ પણ પઢાવ્યા. આ ઘટના ફત્હે મક્કા પૂર્વે એમના મુસલમાન થવા પછીની છે.

હઝરત ઝયનબ રદિ.ને હઝરત અબુલ આસ રદિ.થી એક પુત્ર અલી પેદા થયા, જે બાળપણમાં જ અવસાન પામ્યા.

એક પુત્રી ઉમામહ રદિ. પણ પેદા થઈ, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ નવાસી 'ઉમામહ'ને જ નમાઝ દરમિયાન ખભે ઉચકી હતી. તેમણે લાંબી જીંદગી મેળવી અને હઝરત અલી રદિ.એ હઝરત ફાતિમહના અવસાન પછી એમની સાથે નિકાહ ફરમાવ્યા હતા. તેઓ હઝરત અલી રદિ.ના નિકાહમાં હતાં એ દરમિયાન જ હઝરત અલી રદિ. ઝખ્મી થયા અને વફાત પામ્યા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પછી હઝ. મુગીરહ બિન નવફલ બિન હારિષ બિન અબ્દુલમુત્તલિબ રદિ. એ એમની સાથે નિકાહ ફરમાવ્યા અને એમના નિકાહમાં જ એમની વફાત થઈ.

## ૨. હઝરત ફાતિમહ રદિ.

હઝરત ફાતિમહ રદિ. સાથે હઝરત અલી રદિ.એ ઈસ્લામ પછી નિકાહ ફરમાવ્યા. એમનાથી ત્રણ પુત્રો : હસન રદિ., હુસૈન રદિ. મુહસ્સિન રદિ. પેદા થયા. મુહસ્સિન રદિ. બાળપણમાં જ વફાત પામ્યા અને ત્રણ પુત્રીઓ : રુકય્યા રદિ., ઝયનબ રદિ., ઉમ્મે કુલ્ષૂમ રદિ. પેદા થઈ.

રૂકય્યા રદિ. બાલિગ થતાં પૂર્વે વફાત પામી ગયાં. ઝયનબ રદિ. સાથે અબ્દુલ્લાહ બિન જઅફર બિન અબૂ તાલિબ રદિ.એ નિકાહ ફરમાવ્યા. એમનાથી અલી બિન અબ્દુલ્લાહ બિન જઅફર રદિ.નો જન્મ થયો. હઝરત ઝયનબના નિકાહ દરમિયાન જ અબ્દુલ્લાહ રદિ.ની વફાત થઈ.

હઝરત ઉમ્મે કુલ્ષૂમ રદિ. સાથે હઝરત ઉમર રદિ.એ નિકાહ ફરમાવ્યા. એમનાથી ઝૈદ બિન ઉમર રદિ. પેદા થયા.

હઝરત ઉમર રદિ.ની વફાત પછી હઝરત અવ્ન બિન જઅફર રદિ. સાથે નિકાહ થયા, એમનાથી કોઈ અવલાદ ન થઈ.

હઝરત અવ્ન રદિ.ની વફાત પછી હઝરત મુહમ્મદ બિન જઅફર રદિ. સાથે નિકાહ થયા, એમના થકી એક પુત્રીનો જન્મ થયો.

હઝરત મુહમ્મદ બિન જઅફર રદિ.ના નિકાહ પછી હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર રદિ. સાથે નિકાહ થયા. એમનાથી કોઈ અવલાદ થઈ નહિ. અને હઝરત અબ્દુલ્લાહ રદિ.ના નિકાહમાં જ એમની વફાત થઈ.

અમુક સીરતકારોના મત મુજબ હઝરત અબ્દુલ્લાહ રદિ.ની વફાત હઝરત ઉમ્મે કુલ્ષૂમ રદિ. પહેલાં થઈ છે.

## ૩. હઝરત રુકય્યા રદિ.

હઝરત રુકય્યા રદિ. સાથે હઝરત ઉસ્માન બિન અફફાન રદિ.એ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નિકાહ ફરમાવ્યા. એમના થકી અબ્દુલ્લાહ રદિ.નો જન્મ થયો. એટલે જ એમની કુન્નિયત 'અબૂ અબ્દુલ્લાહ' હતી. પાછળથી એમની કુન્નિયત 'અબૂ અમ્ર' થઈ ગઈ. અને બન્ને કુન્નિયત હઝરત ઉસ્માન રદિ. માટે બોલાતી હતી.

હઝરત ઉસ્માન રદિ. સાથે નિકાહ પૂર્વે હઝરત રુકય્યા રદિ. ઉત્બહ બિન અબૂ લહબના નિકાહમાં હતાં. હજુ રુખ્સતી થઈ ન હતી કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને નુબુવ્વત મળી. પછી જ્યારે સૂરતે 'તબ્બત' ઉતરી (જેમાં અબૂ લહબ અને એની પત્નિની ટીકા કરવામાં આવી હતી) અને હઝરત રુકય્યા રદિ. પણ ઈમાન લઈ આવ્યાં તો ઉત્બહની મા ઉમ્મે જમીલ બિન્તે હર્બ બિન ઉમય્યહ 'હમ્માલતુ લ હતબ'એ ઉત્બહને કહયું કે બેટા ! રુકય્યા તો અન્ય ધર્મમાં ચાલી ગઈ છે, તું એને તલાક આપી દે. એટલે ઉત્બહે તલાક આપી દીધી. ત્યાર પછી હઝરત ઉસ્માન રદિ.એ એમની સાથે નિકાહ ફરમાવ્યા. અમુકનું કહેવું છે કે હઝરત ઉસ્માન રદિ.ના નિકાહ ઈસ્લામ પૂર્વે જ થઈ ચૂકયા હતા અને હઝરત ઉસ્માન રદિ.એ હબ્શહ હિજરત ફરમાવી તો તેઓ પણ સાથે હતાં.

જે દિવસે હઝરત ઝૈદ બિન હારિષહ 'બદ્ર'ની લડાઈમાં મુસલમાનોની ફતેહની ખુશખબરી લઈને મદીના પહોંચ્યા ત્યારે હઝરત રુકય્યા રદિ.ની વફાત થઈ ચૂકી હતી, અને હઝરત ઉસ્માન રદિ. કબ્રમાં હઝરત રુકય્યા રદિ.ને દફન કરી રહયા હતા. એમની સેવા–ચાકરીના કારણે તેઓ બદ્રની લડાઈમાં પણ હાજર રહી શકયા ન હતા. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લડાઈ પછી ગનીમતમાં એમનો પણ ભાગ રાખ્યો હતો.

રિવાયત છે કે પછી જયારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ એમની પુત્રીની વફાત વિશે લોકોએ તઅઝિયત ફરમાવી તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

الحمدلله، دفن البنات من المكرمات

(આ રિવાયત ઝઈફ છે. એનો મતલબ આ છે કે પુત્રીઓને દફન કરવું


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સારું કામ છે. બીજી એક રિવાયતમાં છે કે સ્ત્રી માટે જીવનમાં શ્રેષ્ઠ સ્થળ એનો શોહર છે, અને મૃત્યુ પછી કબર.)

## ૪. હઝરત ઉમ્મે કુલ્સૂમ રદિ.

હઝરત રુકય્યા રદિ.ની વફાત પછી હઝરત ઉસ્માન રદિ.ના નિકાહ હઝરત ઉમ્મે કુલ્સૂમ રદિ. સાથે થયા. હઝરત ઉમ્મે કુલ્સૂમ રદિ. આ પહેલાં, હઝરત રુકય્યા રદિ.ના શોહર ઉત્બહના ભાઈ ઉતયબહ બિન અબૂ લહબના નિકાહમાં હતાં. જયારે સૂરએ 'તબ્બત' નાઝિલ થઈ તો અબૂ લહબે એના બન્ને પુત્રોને કહયું કે તમે બન્નેએ મુહમ્મદની પુત્રીઓને તલાક ન આપી તો મારું મસ્તક તમારાથી જુદું સમજો, એટલે બન્નેએ તલાક આપી દીધી. હજુ સુધી બન્ને બહેનોની 'વિદાય' થઈ ન હતી.

હઝરત ઉમ્મે કુલ્સૂમ રદિ.ને તલાક આપ્યા પછી ઉતયબહ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે આવ્યો અને કહયું કે, મેં તમારા દીનનો ઈન્કાર કર્યો છે, અને તમારી પુત્રીને તલાક આપી દીધી છે અને પછી આપ સલ્લલ્લાહુ સલ્લમ ઉપર હુમલો કરીને કુર્તો (પહેરણ) ફાડી નાખ્યો.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

હું અલ્લાહ તઆલાથી દુઆ કરું છું કે, તે એના કોઈ કુતરાને તારી પાછળ લગાવી દે.

ત્યાર પછી એક વાર તે કુરેશની એક જમાત સાથે વેપાર અર્થે શામ ગયો હતો. રાત્રે એમનો કાફલો 'ઝરકાઅ' નામી સ્થળે રોકાયો તો એક સિંહ ત્યાં આવી પહોંચ્યો. ઉતયબહે એને જોયો તો બોલી ઉઠયો કે, મારી મા મરે, ખુદાના સમ ! આ સિંહ મુહમ્મદની બદ્દુઆની અસરથી નક્કી મને ખાય જશે. 'ઈબ્ને અબી કબ્શહ' મારો હત્યારો છે. તે મક્કામાં છે અને હું શામમાં છું છતાંયે ! (બનૂ ખુઝાઅહ કબીલાના અબૂ કબ્શહ નામી માણસે પહેલાં મૂર્તિપૂજાનો વિરોધ કર્યો હતો, પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પણ મૂર્તિપૂજા વિરુદ્ધ અવાજ ઉઠાવી તો કાફિરો મશ્કરીમાં આપને 'ઈબ્ને અબી કબ્શહ' કહેતા હતા.)


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અબૂ લહબે કહયું કે હે કુરેશના લોકો ! આજની રાત અમને મદદ કરજો. મને મુહમ્મદની બદુઆની બીક છે.

બધા લોકોએ પોતાનો સામાન ભેગો કર્યો અને ઉતયબહ માટે બધાની વચ્ચે બિસ્તર બિછાવ્યો અને બધા લોકો આસપાસ સૂઈ ગયા.

કહે છે કે સિંહ તે વેળા તો પાછો વળી ગયો. અને ઉતયબહને વચ્ચે સૂવડાવીને બધા સૂઈ ગયા ત્યારે પાછો આવ્યો અને દરેકને કૂદીને સુંઘવા માંડયો, છેલ્લે ઉતયબહને પારખીને એનું માથું ફાડી નાંખ્યું.

હઝરત ઉસ્માન રદિ.ની હઝરત ઉમ્મે કુલ્થૂમ રદિ.થી કોઈ અવલાદ થઈ નહીં, અમુકનું કહેવું છે કે અવલાદ થઈ પણ જીવંત ન રહી, આ જ પ્રમાણે એમનાં બહેન હઝરત રુકય્યા રદિ.થી પણ અવલાદ અવલાદ થઈ નહીં.

હઝરત ઉમ્મે કુલ્થૂમ રદિ.ની વફાત શાબાન, હિજરી સન ૯, હઝરત ઉસ્માન રદિ.ના નિકાહમાં થઈ, અને આ વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઉસ્માન રદિ.ને સંબોધીને ફરમાવ્યું કે,

હે ઉસ્માન ! જો અમારી ત્રીજી બેટી હોત તો તમારાથી એના નિકાહ કરાવી આપત.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત ઉમ્મે કુલ્થૂમ રદિ.ની કબર પાસે બેસી ગયા. હઝરત અનસ રદિ.થી મુહમ્મદ બિન અબ્દુર્રહમાન બિન ઝુરારહ રિવાયત ફરમાવે છે કે, મેં જોયું કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બન્ને આંખોમાંથી આંસુ વહી રહયા હતા. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

તમારા માંહે કોઈ એવો માણસ છે જે આજે રાતે પત્નિ પાસે ન ગયો હોય. હઝરત અબૂ તલ્હા રદિ.એ અરજ કરી કે, હુઝૂર હું છું. તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને ફરમાવ્યું કે, કબરમાં ઉતરો અને એમને 'લહદ'માં મૂકી દો.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૧૩

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાકા અને ફોઈઓ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અગિયાર કાકા હતા, જે બધા અબ્દુલમુત્તલિબના પુત્રો હતા.

(૧) હારિષ. એમના નામ ઉપરથી અબ્દુલ મુત્તલિબને 'અબૂલ હારિષ' કહેવામાં આવતા હતા, કારણ કે તેઓ સૌથી મોટા હતા. એમના પુત્રો અને પૌત્રોના એક સમુહને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સહાબી હોવાની સઆદત મળી છે. જેમ કે,

૧– અબૂ સુફયાન બિન હારિષ, જેઓ ફત્હે મક્કા વેળા મુસલમાન થયા. ગઝવએ હુનૈનમાં શરીક થયા. એમના વિશે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું હતું કે, અબૂ સુફયાન જન્નતના યુવાનોના સરદાર છે. એમણે કોઈ અવલાદ છોડી નથી. ૨– અબ્દે શમ્સ, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમનું નામ 'અબ્દુલ્લાહ' કરી દીધું હતું. શામમાં એમની અવલાદ રહેતી હતી.

(૨) કુષમ. બાળપણમાં વફાત થઈ ગઈ.

(૩) ઝુબેર. કુરેશના વડીલોમાં ગણાતા હતા.

એમના જ પુત્ર અબ્દુલ્લાહ રદિ. છે. જેઓ ગઝવએ હુનૈનમાં શરીક હતા. અને આ દિવસે લડાઈના મેદાનમાં અડગ રહયા હતા. હિજરી સન ૧૩ માં અજનાદૈનની લડાઈમાં શહીદ થયા. રિવાયત છે કે એમની આસપાસ સાત માણસો મર્યા પડયા હતા, જેમને હઝરત અબ્દુલ્લાહ રદિ.એ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કતલ કર્યા હતા.

એમનાં પુત્રી ઝુબાઅહ બિન્તે ઝુબેર રદિ. સહાબિયહ છે. બીજા પુત્રી હઝરત ઉમ્મુલ હકમ રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી હદીસ પણ રિવાયત ફરમાવી છે.

(૪) હમ્ઝહ રદિ. અલ્લાહ અને અલ્લાહના રસૂલના વાઘ. અબૂ ઉમારહ એમની કુન્નિયત હતી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના 'દૂધભાઈ' પણ થતા હતા. ઈસ્લામના આરંભે જ મુસલમાન થઈ ગયા હતા. ગઝવએ બદરમાં શરીક થયા અને ગઝવએ ઉદહમાં શહીદ થયા. એમને ફકત એક પુત્રી અવલાદમાં હતી.

(૫) અબૂલ ફઝલ અબ્બાસ રદિ. આપ રદિ. મુસલમાન થયા અને શ્રેષ્ઠ મુસલમાન બનીને રહયા. મદીના શરીફ હિજરત ફરમાવી. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી ઉમરમાં ત્રણ વરસ મોટા હતા.

એમના અનેક પુત્રો હતા. મોટા પુત્રનું નામ અલ ફઝલ હતું, જેનાથી તેઓ અબૂલ ફઝલ કહેવાતા હતા. અબ્દુલ્લાહ, ઉબૈદુલ્લાહ, કુષમ પણ એમના પુત્રો હતા, અને બધા જ સહાબી હતા.

હાજીઓને પાણી પીવડાવવા અને ઝમઝમની સેવાઓ એમની પાસે હતી. ફત્હે મક્કા વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને આ સેવાઓ સોંપી હતી. હિજરી સન ૩૪, હઝરત ઉસ્માન રદિ.ની ખિલાફતમાં વફાત થઈ. છેલ્લી ઉમરમાં આંખોની દષ્ટિ જતી રહી હતી.

(૬) અબૂ તાલિબ. એમનું અસલ નામ અબ્દે મનાફ છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પિતા અબ્દુલ્લાહ અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનાં ફોય આતિકહ બધા એક 'મા'ના પુત્રો હતા. જેમનું નામ ફાતિમહ બિન્તે અમ્ર બિન આઈઝ બિન ઉમર બિન મખ્ઝૂમ છે.

એમની અવલાદમાં 'તાલિબ' કુફ્રની હાલતમાં મર્યા. 'અકીલ' રદિ. 'જઅફર' રદિ. 'અલી' રદિ. અને 'ઉમ્મે હાનિ' રદિ.ને ઈસ્લામનું સદભાગ્ય પ્રાપ્ત થયું. ઉમ્મે હાનિ રદિ.નું નામ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફાખિતહ છે. કોઈકે હિન્દ પણ દર્શાવ્યું છે. ઉપરાંત અબૂતાલિબની અવલાદમાં જુમાનહને પણ વર્ણવવામાં આવે છે.

(૭) અબૂ લહબ. એનું નામ અબ્દુલ ઉઝ્ઝા છે. મુખડું અતિ સુંદર હોવાથી પિતાએ જ 'અબૂલહબ' (અંગારા વાળો) નામ પાડયું હતું.

એની અવલાદમાં ઉત્બહ, મુઅત્તબ અને દુર્રહ, ત્રણ સહાબી થયા. હુનૈનની લડાઈમાં ઉત્બહ અને મુઅત્તબ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે અડગ રહયા હતા. અન્ય એક પુત્ર ઉતયબહને કુફ્રની હાલતમાં શામ દેશના ઝરકાઅ સ્થળે એક વાઘે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બદદુઆથી ફાડી ખાધો.

(૮) અબ્દુલ કઅબહ.

(૯) હિજ્લ. મુળ નામ મુગીરહ.

(૧૦) ઝિરાર. એમના અને હઝરત અબ્બાસ રદિ.નાં 'મા' એક હતા.

(૧૧) ગયદાક. કુરેશમાં તેઓ સૌથી વધુ સખી અને લોકોને ખાવું ખવડાવનાર હતા.

ઈબ્ને માજહ રહ.એ એમની સનદથી અલી બિન સાલિહથી રિવાયત નકલ કરી છે કે અબ્દુમુત્તલિબના ૧૦ પુત્રો હતા. અને દરેક પુત્ર એક 'જઝઅહ' (બકરીનું આઠ – નવ માસનું બચ્ચું) ખાતો હતો.

## આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ફોઈઓ

૧) હઝરત સફિય્યા બિન્તે અબ્દુલ મુત્તલિબ રદિ.

મુસલમાન થયાં અને હિજરત પણ કરી.

આપ હઝરત ઝુબેર ઈબ્ને અવ્વામ રદિ.ના વાલિદહ છે. હઝરત ઉમર રદિ.ના ખિલાફતકાળમાં મદીનામાં વફાત પામ્યાં.

આપનાં અને હઝરત હમ્ઝહના વાલિદહ એક હતાં.

૨) આતિકહ. અમુકના મતે એમણે ઈસ્લામ સ્વીકાર કર્યો છે. એમના જ ખ્વાબનો કિસ્સો (બદરમાં મુસલમાનોની જીત અને કાફિરોની હાર



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બાબત) ઘણો મશ્હૂર છે. અબૂ ઉમય્યહ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમના નિકાહમાં હતાં. એમના પુત્ર અબ્દુલ્લાહ મુસલમાન થયા અને સહાબી બન્યા. ઝુહય્ર અને કરીબહ કુબ્રા પણ એમના પુત્રો છે.

૩) અરવા. ઉમય્ર બિન વહબ બિન અબ્દુદાર બિન કુસય્યના નિકાહમાં હતાં. એમના પુત્ર તુલય્બ બિન ઉમૈર છે. પ્રથમ હિજરત કરનારાઓમાં એમની ગણના થાય છે. બદરની લડાઈમાં શરીક હતા. અને અજનાદૈન, હિ.૧૩માં શહીદ થયા. એમની કોઈ અવલાદ નથી.

૪) ઉમયમહ બિન્તે અબ્દુલ મુત્તલિબ. જહશ બિન રિયાબના નિકાહમાં હતાં. એમનાથી એક પુત્ર અબ્દુલ્લાહનો જન્મ થયો, જે બદરમાં શહીદ થયા.

શાયર અબૂ અહમદ અઅ્મા રદિ. જેમનું અસલ નામ અબ્દ છે, તે અને હઝરત ઉમ્મે હબીબહ રદિ. હઝરત હમ્નહ રદિ. અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બીવી હઝરત ઝયનબ રદિ. બધાં આપની અવલાદ અને સહાબી છે. ઉપરાંત એક પુત્ર ઉબૈદુલ્લાહ બિન જહશે ઈસ્લામ સ્વીકાર કર્યો પછી ઈસાઈ થઈ ગયો અને હબ્શહમાં કાફિર જ મર્યો.

૫) બર્રહ. અબ્દુલ અસદ બિન હિલાલ બિન અબ્દુલ્લાહ બિન મખ્ઝૂમના નિકાહમાં હતાં. એમનાથી અબૂ સલ્મહ પેદા થયા. જેમનું નામ અબ્દુલ્લાહ હતું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બીવી હઝરત ઉમ્મે સલ્મહ રદિ.ના પહેલા શોહર હતા.

અબ્દુલ અસદ પછી એમનાથી અબૂ રુહ્મ બિન અબ્દુલ ઉઝ્ઝા બિન અબૂ કૈસે નિકાહ કર્યા. એમનાથી અબૂ સબરહ બિન અબૂ રુહ્મ રદિ.નો જન્મ થયો.

૬) ઉમ્મે હકીમ. એમનું નામ 'બયઝાઅ' હતું. કુરૈઝ બિન રબીઅહ બિન હબીબ બિન અબ્દે શમ્સ બિન અબ્દે મનાફના નિકાહમાં હતાં. એમનાથી અરવા બિન્તે કુરૈઝ પેદા થયાં. જેઓ હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિ.ના વાલિદહ હતાં.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૧૪

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આઝાદ કરેલા ગુલામો અને બાંદીઓ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કુલ ૩૧ ગુલામો આઝાદ કર્યા.

(૧) ઝેદ બિન હારિષહ બિન શરાહીલ કલ્બી રદિ. આપ હઝ. ખદીજા રદિ.ના ગુલામ હતા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે નિકાહ પછી હઝરત ખદીજા રદિ. પાસેથી ભેટ રૂપે સ્વીકાર્યા હતા. અને પછી આઝાદ કરી દીધા હતા.

(૨) એમના પુત્ર હઝરત ઉસામહ બિન ઝેદ રદિ. લોકો એમને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વહાલા ગણતા હતા.

(૩) ષવબાન બિન બુજદુદ. એમનું મુળ વતન યમન હતું.

(૪) અબૂ કબ્શહ, મક્કહ મુકર્રમહમાં પેદા થયા હતા. અમુકનું કહેવું છે કે 'દવ્સ' કબીલામાં પેદા થયા હતા. એમનું નામ સુલૈમ હતું એમ લોકો કહે છે. ગઝવએ બદરમાં ભાગ લીધો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને ખરીદીને આઝાદ કરી દીધા હતા. હઝરત ઉમર રદિ.ની ખિલાફતના પહેલા જ દિવસે એમની વફાત થઈ.

(૫) ઉનય્સહ, 'સરાત' એમનું જન્મસ્થળ છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને ખરીદીને આઝાદ કર્યા હતા.

(૬) શુકરાન. સાલેહ એમનું નામ હતું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને આપના વાલિદ સાહેબને વારસા સ્વરૂપે મળ્યા હતા એમ કહેવાય છે. અમુકનું કથન છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અબ્દુર્રહમાન બિન અવ્ફ રદિ.થી ખરીદીને આઝાદ કર્યા હતા.

(૭) રબાહ અસ્વદ નૂબી. અબ્દે કૈસના પ્રતિનિધિ મંડળ પાસેથી ખરીદીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને આઝાદ કર્યા હતા.



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૮) યસાર નૂબી. કોઈ ગઝવહમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ભાગે આવ્યા હતા. એમને જ ઉરયનહ કબીલા વાળાઓએ શહીદ કર્યા હતા. હાથ–પગ કાપીને એમની આંખોમાં કાંટા ભોંકયા હતા. અને મદીના શરીફ એમની મય્યિત લાવવામાં આવી હતી. અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની દૂધ આપતી ઊંટણીઓ ભગાડી ગયા.

(૯) અબૂ રાફેઅ. મુળ નામ અસ્લમ અને અમુકના મતે ઈબ્રાહીમ. હઝ. અબ્બાસ રદિ.ના ગુલામ હતા અને એમણે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ભેટમાં આપ્યા હતા. પછી જયારે એમણે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અબ્બાસ રદિ.ના ઈસ્લામની ખુશખબરી સંભળાવી તો એમને આઝાદ કરી દીધા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જ આઝાદ કરેલ એક બાંદી સલ્મા સાથે એમના નિકાહ કરાવી દીધા. એમનાથી એક પુત્ર અબ્દુલ્લાહ પેદા થયા જેઓ હઝ. અલી રદિ.ના પૂરા ખિલાફતકાળમાં એમના કાતિબ (રાઈટર – લહિયા) હતા.

(૧૦) અબૂ મુવયહિબહ. મુઝયનહ કબીલામાં તેઓ પેદા થયા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને ખરીદીને આઝાદ કર્યા હતા.

(૧૧) ફુઝાલહ. આપ પાછળથી શામ ચાલ્યા ગયા હતા અને ત્યાં જ એમનો ઈન્તેકાલ થયો.

(૧૧) રાફેઅ. એમને એમના માલિક સઈદ બિન આસ દ્વારા આઝાદ કરી દેવામાં આવ્યા હતા છતાં પુત્રોએ પિતાનો માલ ગણીને વારસામાં ગણી લીધા. પાછળથી અમુક વારસદારોએ એમનો ભાગ આઝાદ કર્યો અને અમુકે નહીં. તેઓએ (રાફેઅ) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે મદદ માંગી તો બધા વારસદારોએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ભેટ આપી દીધા. આ આધારે જ તેઓ પોતાને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દ્વારા આઝાદ કરેલ ગણાવતા હતા.

(૧૩) મિદઅમ અસ્વદ, રિફાઅહ બિન ઝૈદ જુઝામીએ આપની સેવામાં ભેટ સ્વરૂપે મોકલ્યા હતા. વાદીયે કુરામાં એક તીર લાગવાથી કતલ થયા. એમના વિશે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતું કે, ગનીમતના માલમાંથી વગર રજાએ લઈ લીધેલ ચાદર એમના ઉપર આગ બનીને ભડકી રહી છે.

(૧૪) કિરકિરહ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સામાનના રક્ષક હતા. 'નૂબહ'ના રહેવાસી હતા. હવઝહ બિન અલી હનફીએ આપની સેવામાં ભેટ સ્વરૂપે મોકલ્યા હતા અને પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને આઝાદ કર્યા હતા.

(૧૫) ઝૈદ, હિલાલ બિન યસાફ બિન ઝૈદના દાદા.

(૧૬) તહમાન. (૧૭) ઉબૈદ.

(૧૮) મઅબૂર. કિબ્તી હતા અને મકૂકિસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં ભેટ મોકલ્યા હતા.

(૧૯) વાકિદ. (૨૦) અબૂવાકિદ. (૨૧) હિશામ.

(૨૨) અબૂ ઝુમયરહ. ગનીમતમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ભાગે આવ્યા હતા, અને પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને આઝાદ કરી દીધા.

(૨૩) અબૂ અસીબ. એમનું અસલ નામ 'અહમર' છે.

(૨૪) અબૂ ઉબૈદ.

(૨૫) સફીના. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બીવી ઉમ્મે સલ્મહના ગુલામ હતા. એમણે એ શરતે આઝાદ કર્યા હતા કે આખી જીંદગી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવા કરવી. જવાબમાં એમણે કહયું કે તમે આ શરત ન કરત તો પણ હું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને છોડવાનો ન હતો. પહેલાં એમનું નામ 'રબાહ' અથવા 'મહરાન' હતું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બદલીને 'સફીના' રાખ્યું હતું. કેમ કે એકવાર સફરમાં તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સંગાથે હતા. સફરના થાકયા બધા લોકો પોતાનો સામાન ઢાલ, તલવાર, વગેરે એમના ખભે નાંખી દેતા. તેઓ બધું ખભે ઉઠાવીને ચાલતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમની પાસેથી પસાર થયા અને આ દશ્ય જોયું તો ફરમાવ્યું કે તમે તો 'સફીનહ'


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(નાવડી) છો. શ્યામવર્ણના હતા અને અઅરાબમાં જન્મ થયો હતો.

(૨૬) હુનૈન.

(૨૭) અબૂ હિન્દ. એમના વિશે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સ્ત્રીઓ અને એમના વાલીઓને અપીલ કરી હતી કે એમનાથી નિકાહ કરો. હુદૈબિયહથી પાછા ફરતી વેળા એમને ખરીદીને આઝાદ કર્યા હતા.

(૨૮) અન્જશહ. આપ ઊંટોના ગીત (દોહા) ગાતા હતા. એમને એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું હતું કે, જલદી ન ચાલો. જરા ધીરે ચાલો. 'કવારીર' (સ્ત્રીઓ – બાળકો) ઉપર રહેમ કરો.

(૨૯) અનસહ. અરબી જાણનાર હબશી હતા. ગઝવએ બદરમાં શરીક થયા હતા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને મદીનામાં આઝાદ કર્યા.

(૩૦) અબૂલુબાબહ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની એક ફોઈના ગુલામ હતા. એમણે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં હદિયો કરી દીધા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આઝાદ કરી દીધા.

(૩૧) રુવયફિઅ. 'હવાઝિન'થી એમને કેદ કરવામામાં આવ્યા હતા અને પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને આઝાદ કરી દીધા.આ મશ્હૂર લોકો હતા.

આ સિવાય અમુકનું કહેવું છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ૪૦ પુરૂષોને આઝાદ કર્યા છે.

સાત બાંદીઓને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આઝાદ કરી છે.

(૧) સલ્મા. એમની કુન્નિયત ઉમ્મે રાફેઅ હતી.

(૨) બરકહ– ઉમ્મે અયમન. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને વારસામાં મળી હતી. એમણે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની દેખરેખ રાખી હતી. ઉસામહ બિન ઝૈદ રદિ.નાં વાલિદહ છે.

(૩) મારિયહ કિબ્તીયહ. (૪) રયહાનહ.

(૫) મયમૂનહ બિન્તે સઅદ. (૬) ખઝિરહ. (૭) રઝવા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૧૫

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખાદિમો

આઝાદ વ્યકિતઓ, જેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખાદિમો હતા, ૧૧ છે.

(૧) હઝરત અનસ બિન માલિક બિન નઝર અન્સારી રદિ.

(૨) (૩) હિન્દ રદિ. અને અસ્માઅ રદિ. બન્ને હારિષહની અવલાદ અને 'અસ્લમી' છે.

(૪) રબીઆ બિન કઅબ અસ્લમી રદિ.

(૫) અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જૂતાબરદાર હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મજલિસથી ઉઠતા ત્યારે જૂતા પહેરાવતા અને મજલિસમાં મોજૂદ હોતા ત્યારે પોતાની પાસે સાચવીને રાખતા હતા.

(૬) ઉકબહ બિન આમિર જુહની રદિ. સફરમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખચ્ચર લઈને ચાલતા હતા.

(૭) બિલાલ બિન રબાહ રદિ., મુઅઝ્ઝિન હતા.

(૮) સઅદ રદિ. હઝરત અબૂબક્ર સિદ્દીક રદિ.એ આઝાદ કરેલ ગુલામ.

(૯) ઝૂમિખ્મર રદિ. નજ્જાશીના ભત્રીજા હતા. અમુકના મતે ભાણેજ હતા. અમુકે એમનું નામ ઝૂમિખ્બર પણ દર્શાવ્યું છે.

(૧૦) બુકૈર બિન શદાખ લયષી રદિ. અમુકના મતે એમનું નામ 'બક્ર' છે.

(૧૧) અબૂઝર ગિફારી રદિ.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૧૬

## લડાઈઓમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પેહરેદારો અને રક્ષકો

(૧) હઝરત સઅદ બિન મુઆઝ રદિ. બદરની લડાઈમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના રક્ષક હતા. અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક છાપરા નીચે આરામ ફરમાવતા હતા.

(૨) હઝ.ઝકવાન બિન અબ્દેકૈસ રદિ.

(૩) હઝરત મુહમ્મદ બિન મસ્લમહ અન્સારી રદિ. ગઝવએ ઉહદમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના રક્ષક હતા.

(૪) હઝરત ઝુબૈર બિન અવ્વામ રદિ. ખંદકની લડાઈ વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના રક્ષક હતા.

(૫) હઝરત અબ્બાદ બિન બિશ્ર રદિ.

(૬) હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિ.

(૭) હઝરત અબૂ અય્યૂબ અન્સારી રદિ. ખૈબરની લડાઈ વેળા તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પેહરેદાર હતા. આ રાત્રે હઝરત સફિય્યહ રદિ.ની રુખ્સતી થઈ હતી.

(૮) હઝરત બિલાલ રદિ. વાદીયે કુરામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પેહરેદાર હતા.

પછી જયારે આ આયત ઉતરી :

يا أيها الرَّسُولُ بَلِّغْ مَا أُنزِلَ إِلَيكَ مِن ربِّكَ وإِنْ لَمْ تَفعَلْ فَمَا بَلَّغْتَ رِسَالَتَهُ ، واللّٰهُ يَعْصِمَكَ مِنَ النَّاسِ (مائده)

*હે રસૂલ, તમારા પરવરદિગાર તરફથી જે (પયગામ) તમારા ઉપર ઉતારવામાં આવ્યો છે, તે લોકો સુધી પહોંચાડી દયો. જો તમે આ ન કર્યું તો તમે પરવરદિગારનો સંદેશ પહોંચાડેલો કહેવાશે નહીં. અને અલ્લાહ તઆલા લોકોથી તમને સુરક્ષિત રાખશે.*

તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પેહરેદારો નક્કી કરવાનું છોડી દીધું.



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૧૭

## આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સફીરો – એલચીઓ કુલ ૧૧ છે.

### (૧) હઝરત અમ્ર બિન ઉમય્યહ ઝમ્રી.

એમને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે નજાશી પાસે મોકલ્યા હતા. નજાશીનું નામ અસ્મહા હતું. જેનો અર્થ 'ભેટ' થાય છે. એમણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો પત્ર લીધો, આંખો પર મૂકયો, અને ગાદી પરથી નીચે ઉતરીને જમીન પર બેસીને ઈસ્લામ સ્વીકાર કર્યો અને સારી રીતે મુસલમાન રહયા. એમનો ઈન્તેકાલ થયો ત્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જનાઝહની નમાઝ પઢી. રિવાયત છે કે, એની કબ્ર ઉપર સદા એક નૂર ઝગમગતું રહેતું હતું.

### (૨) હઝરત દિહયા બિન ખલીફા કલ્બી રદિ.

એમને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે રોમના બાદશાહ કેસર પાસે મોકલ્યા હતા. એનું નામ હિરકલ હતું. એણે હઝરત દિહયા રદિ.થી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વિશે પૂછપરછ કરી, અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વતની સચ્ચાઈ જાણીને ઈસ્લામ સ્વીકાર કરવાનો ઈરાદો કર્યો પણ લોકો (દરબારીઓ)એ એને સમર્થન આપ્યું નહીં, એને લોકો તરફથી બગાવત કરવા અને સત્તા છીનવાય જવાનો ખોફ લાગ્યો એટલે મુસલમાન થયો નહીં.

### ૩. હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફહ સહમી. રદિ.

એમને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફારસ (ઈરાન) ના બાદશાહ કિસ્રા પાસે મોકલ્યા. એણે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફરમાનને ફાડી નાંખ્યું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દુઆ કરી કે જેવી રીતે એણે મારા પત્રને ફાડી નાંખ્યો છે, અલ્લાહ તઆલા એની અને એની કોમની સત્તાના ટુકડે ટુકડા કરી નાંખે. પરિણામે અલ્લાહ તઆલાએ એમની સત્તાને ટુકડે ટુકડા કરીને ધરતી ઉપરથી નેસ્ત નાબૂદ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરી નાંખી.

## ૪. હઝરત હાતિબ ઇબ્ને અબી બલ્તઅહ લખ્મી રદિ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને ઈસ્કન્દરિયહ અને મિસરના બાદશાહ મુકવકિસ પાસે મોકલ્યા હતા. એણે યોગ્ય આવકાર આપ્યો અને મુસલમાન થવાની નિકટ હતો, પણ મુસલમાન થયો નહીં. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ભેટ – સોગાદો મોકલાવી, જેમાં આ વસ્તુઓ હતી :

હઝરત મારિયહ કિબ્તી (બાંદી) એમનાં બહેન સીરીન. દુલદુલ નામનું એક સફેદ ખચ્ચર અને અમુક નેઝાઓ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સીરીન તો હઝરત હસ્સાન બિન ષાબિત રદિ.ને આપી દીધી અને મારિયહ રદિ.ને પોતાની પાસે રાખ્યાં, એમનાથી આપના પુત્ર ઈબ્રાહીમ રદિ. પેદા થયા.

## ૫. હઝરત અમ્ર બિન આસ રદિ.

એમને 'ઉમાન'ના બે રાજાઓ, જયફર અને અબ્દ પાસે મોકલવામાં આવ્યા હતા. આ બન્ને કબીલા અઝદના હતા અને જુલન્દીના પુત્રો હતો. બન્ને મુસલમાન થયા, અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું સમર્થન કર્યું. બન્નેએ હઝરત અમ્ર બિન આસ રદિ.ને એમના દેશમાં ઝકાત વસૂલ કરવા અને ઈસ્લામ પ્રમાણેની વ્યવસ્થા ચલાવવા માટે સ્વીકારી લીધા. એટલે હઝરત અમ્ર બિન આસ રદિ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત સુધી ત્યાં જ રહયા.

## ૬. હઝરત સલીત બિન અમ્ર આમિરી રદિ.

એમને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હવઝહ બિન અલી હનફી પાસે 'યમામહ' મોકલ્યા હતા. એણે સલીત રદિ.નું સન્માન કર્યું અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં જવાબ લખ્યો કે તમે જે બાબતોની દાવત આપી છે, તે કેટલી શ્રેષ્ઠ અને સુંદર છે. હું મારી કોમનો શાયર અને ખતીબ (વક્તા) છું. માટે મને અમુક અધિકારો આપવામાં આવે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એનો સ્વીકાર


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કર્યો નહીં, પરિણામે તે મુસલમાન ન થયો. ફત્હે મક્કાના દિવસે એનું મરણ થયું.

## ૭. હઝરત શુજાઅ બિન વહબ અસદી રદિ.

એમને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે શામના 'મલિકુ બલકાઅ' હારિષ બિન અબી શિમ્ર ગસ્સાની પાસે મોકલ્યા હતા. શુજાઅ રદિ. ફરમાવે છે કે તે દમિશ્કના 'ગૂતહ' નામી સ્થળે હતો. જયારે હું એમની પાસે પહોંચ્યો તો એણે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો પત્ર વાંચ્યો, પછી એક તરફ મૂકી દીધો અને બોલ્યો કે હું પોતે એમની પાસે જઈશ. તેણે આવવાનો ઈરાદો પણ કર્યો, પણ કેસરે એને આમ કરવાથી રોકી દીધો.

## ૮. હઝરત મુહાજિર બિન અબી ઉમય્યહ મખ્ઝૂમી રદિ.

એમને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે યમનના એક બાદશાહ હારિષ હિમ્યરી પાસે મોકલ્યા હતા.

## ૯. હઝરત અલાઅ બિન હઝરમી રદિ.

એમને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બહરૈનના બાદશાહ મુન્ઝિર બિન સાવા અબ્દી પાસે મોકલ્યા હતા. એને લખેલ પત્રમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને ઈસ્લામની દાવત આપી હતી, જેનો તેણે સ્વીકાર કર્યો અને મુસલમાન થઈને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની દાવતનું સમર્થન કર્યું.

## ૧૦. હઝરત અબૂ મૂસા અશ્અરી રદિ.

એમને યમન મોકલવામાં આવ્યા હતા.

## ૧૧. મુઆઝ રદિ.

એમને હઝરત અબૂ મૂસા અશ્અરી રદિ. સાથે યમન મોકલવામાં આવ્યા હતા. આ બન્ને ભેગા મળીને યમનમાં ઈસ્લામની દાવત આપતા રહયા અને રાજા– પ્રજા, સઘળા યમનવાળાઓએ શોખથી ઈસ્લામ સ્વીકાર કર્યો.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૧૮

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના લહિયાઓ

***(વહી, પત્રો, ફરમાનો વગેરે લખનાર સહાબા)***

(૧) અબૂબક્ર સિદ્દીક રદિ.
(૨) ઉમર બિન ખત્તાબ રદિ.
(૩) ઉસ્માન બિન અફ્ફાન રદિ.
(૪) અલી બિન અબી તાલિબ રદિ.
(૫) આમિર બિન ફુહયરહ રદિ.
(૬) અબ્દુલ્લાહ બિન અરકમ રદિ.
(૭) ઉબય બિન કઅબ રદિ.
(૮) ષાબિત બિન કૈસ શમ્માસ રદિ.
(૯) ઝૈદ બિન ષાબિત રદિ.
(૧૦) શુરહબિલ બિન હસનહ રદિ.
(૧૧) ખાલિદ બિન સઈદ બિન આસ રદિ.
(૧૨) મુઆવિયહ બિન અબૂ સુફયાન રદિ.
(૧૩) હન્ઝલહ બિન રબીઅ ઉસૈદી રદિ.

આ બધામાં હઝરત મુઆવિયહ રદિ. અને હઝરત ઝેદ બિન ષાબિત રદિ.ને આ સેવા વધુ પડતી સોંપવામાં આવતી હતી, અને તેઓ આ બાબતે વિશેષતા પણ ધરાવતા હતા.

# પ્રકરણ - ૧૯

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના રફીકો અને વિષેશ સંબંધીઓ

કુલ બાર છે.

| | | |
|---|---|---|
| અબૂબક્ર રદિ. | ઉમર રદિ. | અલી રદિ. |
| હમ્ઝહ રદિ. | જઅફર રદિ. | અબૂઝર રદિ. |
| મિકદાદ રદિ. | સલમાન રદિ. | ઈબ્ને મસ્ઉદ રદિ. |
| હુઝયફહ રદિ. | બિલાલ રદિ. | અમ્માર બિન યાસિર રદિ. |

શત્રુ સાથે લડાઈમાં હઝ.અલી રદિ. હઝ. ઝુબૈર રદિ., હઝ. મુહમ્મદ બિન મસ્લમહ રદિ. હઝ. આસિમ બિન અબૂ અકલહ રદિ. અને હઝ. મિકદાદ રદિ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આગળ આગળ રહીને લડતા હતા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૨૦

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઘોડાઓ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે દસ ઘોડાઓ હતા.

(૧) સકબ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સૌપ્રથમ આ જ ઘોડાના માલિક બન્યા હતા. સૌપ્રથમ કોઈ લડાઈમાં આ જ ઘોડા ઉપર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સવારી કરી હતી. બનૂફઝારહના એક એઅરાબી પાસેથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ ઘોડો ખરીદયો હતો. ઉહદની લડાઈમાં પણ આ ઘોડો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હતો. એઅરાબી પાસે આ ઘોડાનું નામ 'ઝરિસ' (માથાભારે—અઘરો) હતું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એનું નામ બદલીને 'સકબ' (ગતિવાન) રાખ્યું. કપાળ અને ત્રણ પગ સફેદ હતા. જમણા પગ અને બાકી શરીરનો રંગ એક સરખો હતો. એકવાર એના ઉપર સવાર થઈને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દોડમાં શરીક થયા તો આ ઘોડો બધાથી આગળ નીકળી ગયો. એનાથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘણા જ ખુશ થયા.

(૨) મુરતજિઝ. આ ઘોડો બનૂ મુર્રહના એક એઅરાબી પાસેથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ખરીદયો હતો, પણ તે પાછળથી ફરી ગયો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ જોઈને ફરમાવ્યું કે, કોઈ ગવાહી આપનાર છે ? તો હઝરત ખુઝયમહ બિન ષાબિત રદિ. એ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તરફે ગવાહી આપી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને પૂછયું કે જે મામલામાં તમે હાજર ન હતા, એની ગવાહી કેવી રીતે આપો છો ? હઝરત ખુઝયમહ રદિ.એ અરજ કરી કે અમે આસમાનની ખબરોમાં તમારા પ્રતિ તસ્દીક (સમર્થન) વ્યકત


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરીએ છીએ તો પછી ધરતીની એક સામાન્ય ઘટના બાબતે તમને કેમ સાચા ન માનીએ ! આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને 'ઝૂશ્શહાદતૈન' (બે ગવાહીઓવાળા)નો લકબ આપ્યો.

(૩) લિઝાર. મિસરના બાદશાહ મુકવકિસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આ ઘોડો ભેટ ધર્યો હતો. હઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આ ઘોડો ઘણો જ પસંદ હતો અને વધુ પડતા ગઝવાઓમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એના ઉપર સવાર થઈને શરીક થતા હતા.

(૪) લુહૈફ. આ ઘોડો રબીઆ બિન બરાએ આપની સેવામાં રજૂ કર્યો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એના અવેજમાં બની કિલાબના ઊંટોમાંથી અમુક ઊંટણીઓ એને આપી હતી.

(૫) ઝરિબ. ફરવહ બિન અમ્ર જુઝામીએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આ ઘોડો પેશ કર્યો હતો.

(૬) વર્દ. તમીમ દારી રદિ.એ આપને ભેટ આપ્યો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઉમર રદિ.ને આ ઘોડો આપી દીધો અને તેઓ એના ઉપર સવાર થયા.

(૭) સરિમ. (૮) મુલાવિહ.

(૯) સબ્હહ. એકવાર દોડ – હરિફાઈમાં આ ઘોડો આગળ નીકળ્યો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તસ્બીહ પઢી, એટલે એનું નામ સબ્હહ રાખવામાં આવ્યું.

(૧૦) બહર. આ ઘોડો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે યમનના વેપારીઓ પાસેથી ખરીદયો હતો. ત્રણવાર એના ઉપર સવાર થઈને ઘોડદોડમાં શરીક થયા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એના કપાળ ઉપર હાથ ફેરવીને ફરમાવ્યું કે, તું તો બિલ્કુલ દરિયાની જેમ ચાલે છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે દુલદુલ નામે એક કાબરચીતરું ખચ્ચર પણ હતું. મદીના શરીફ અને બહારની સફરોમાં એના


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપર સવારી ફરમાવતા હતા. મિસરના રાજા મુકવકિસે આપને ભેટ આપ્યું હતું. મુસલમાનો દ્વારા સૌ પ્રથમ આ ખચ્ચર ઉપર જ સવારી કરવામાં આવી હતી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત પછી લાંબો સમય જીવિત રહયું. અત્યંત વૃદ્ધ થઈ જવાથી એના દાંત પણ પડી ગયા હતા. એટલે જવ દળીને એને ખવડાવવામાં આવતા હતા. હઝરત મુઆવિયહ રદિ.ના સમયકાળ સુધી જીવંત હતું. યંબૂઅ નામી સ્થળે આ ખચ્ચર મર્યું.

દુલદુલ ઉપરાંત બીજાં બે ખચ્ચરો પણ હતાં. એકનું નામ 'ફિઝઝહ' હતું અને હઝરત અબૂબક્ર રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હદિયો કર્યું હતું.

બીજું 'અયલિય્યહ' હતું. જે અયલહના રાજાએ આપને મોકલ્યું હતું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એક ગડેધું યઅફૂર અને ઉફૈર નામનું હતું. હજ્જતુલ વદાઅ વેળા એ મૃત્યું પામ્યું.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૨૧

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જાનવરો

**ઊંટણીઓ :**

સીરતની કિતાબોમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ગાય – ભેંસ પાળી હોય એવો કોઈ ઉલ્લેખ નથી. અલબત્ત વીસ દુધાળી ઊંટણીઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હતી. આ ઊંટણીઓ જંગલમાં રાખવામાં આવતી હતી અને રાત્રે એમનું દૂધ દોહીને બે મશકોમાં ભરીને લાવવામાં આવતું હતું. અમુક ઊંટણીઓ ઘણું દૂધ આપતી હતી. જેમ કે, અલહન્નાઅ. અસ્સમરાઅ. અલઉરય્યિસ. અસ્સઅદિય્યહ. અલબુગૂમ. અલયુસયરહ. અલરય્યાઅ.

બુરદહ : આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની એક ઊંટણીનું નામ 'બુરદહ' હતું. ઝહહાક બિન સુફયાને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આપી હતી. અને સૌથી વધુ દૂધ આપતી હતી. આ એક ઊંટણી બે ઉચ્ચપ્રકારની ઊંટણીઓ જેટલું દૂધ આપતી હતી.

મહરિય્યહ : એક ઊંટણીનું નામ મહરિય્યહ હતું. હઝરત સઅદ બિન ઉબાદહ રદિ.એ બનુઉકેલના ઊંટોમાંથી પસંદ કરીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં ભેટ આપી હતી.

કસ્વાઅ (કપાયેલા કાનવાળી) : આ જ તે ઊંટણી છે, જે હઝરત અબૂબક્ર રદિ.એ બનૂકુશૈરથી ૮૦૦ દિરહમમાં ખરીદી હતી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એના ઉપર સવાર થઈને જ હિજરત કરી હતી. ત્યારે એની ઉમર ચાર વરસ હતી. વહી ઉતરતી ત્યારે આ ઊંટણી સિવાય બીજી કોઈ પણ ઊંટણી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભાર વેઠી શકતી ન હતી. એને અઝબાઅ અને જદઆઅ પણ કહેતા હતા. અમુક રિવાયતોથી માલૂમ પડે છે કે આ ત્રણ અલગ અલગ ઊંટણીઓના નામો છે.

આ કસ્વાઅ ઊંટણી દોડમાં પણ બધાથી આગળ રહેતી હતી. પણ એકવાર પાછળ રહી ગઈ તો એના પાછળ પડી જવાથી મુસલમાનોને ઘણો આઘાત લાગ્યો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મુસલમાનોને સમજાવ્યા કે આ અલ્લાહ તઆલાનો ફેસલો છે, જે વસ્તુને તે બુલંદ કરે છે એને પરાસ્ત પણ કરે છે.

અમુકનું મંતવ્ય છે કે પાછળ રહી જનાર ઊંટણી 'અઝબાઅ' હતી. અને એ કસ્વાઅથી અલગ છે. અબૂઉબૈદ કહે છે કે એના કાનમાં કોઈ ખામી ન હતી. બલકે આ એનું નામ છે. જયારે અમુકનું કહેવું છે કે એના કાનમાં જન્મથી જ કાણું હતું, એટલા માટે એનું આવું નામ રાખવામાં આવ્યું.

### બકરીઓ :

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે ૧૦૭ બકરીઓ હતી. જેમાંથી સાત દૂધ આપતી હતી. એમના નામ આ પ્રમાણે છે. અજવહ. ઝમઝમ. સુક્યા. બરકહ. વરશહ. અત્લાલ. અત્રાફ. હઝ. ઉમ્મે અયમન રદિ. આ બકરીઓ ચરાવતાં હતાં. એક બકરી ગયષહ નામની પણ હતી. જેનું દૂધ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે અલગ રાખવામાં આવતું હતું.

### મરઘો

ઇતિહાસકાર અબૂસઅદનું વર્ણન છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એક સફેદ મરઘો પણ હતો.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૨૨

# આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હથિયારો

નેઝાઓ : આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે ચાર નેઝાઓ હતા. એમાંથી ત્રણ બનૂકયનૂકાઅના હથિયારોમાંથી લીધા હતા. એકનું નામ 'મુન્ષની' હતું. આ ચાર ઉપરાંત એક નાનકડો નેઝો સામાન્ય પણે આપ સદા પોતાના હાથમાં રાખતા હતા. ઈદની નમાઝો વેળા એને સામે ઘોંચી દેવામાં આવતો હતો, જેથી નમાઝમાં 'સુતરહ' સ્વરૂપે કામ આવી શકે.

***લાકડી, લાઠી, અને છડી.***

એક હાથ જેટલી લાંબી એક લાકડી પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે રહેતી હતી. એનું માથું ઉપરથી થોડું વાંકુ હતું. કંઈ ઉચકવું હોય તો એને ઉપયોગમાં લેતા હતા. હજ્જતુલ વદાઅ વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એના વડે જ હજરે અસ્વદનું 'ઈસ્તેલામ' ફરમાવ્યું હતું. ઉપરાંત એક છડી (નાનકડી લાકડી) 'ઉરજૂન' નામની હતી. અને એક લાઠી 'મમ્શૂક' નામની હતી.

***કમાન, તરકશ (ભાથું) અને ઢાલ***

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે ચાર કમાનો – તીરકામઠાં હતાં. એકનું નામ 'રવહાઅ' હતું. અને તે શવહતના લાકડાની હતી. બીજીનું નામ 'બયઝાઅ' હતું. એ પણ શવહતના લાકડાની હતી. ત્રીજીનું નામ 'સફરાઅ' હતું, જે 'નબ્અ'ના લાકડાની હતી. ચોથીનું નામ 'કતૂમ' હતું, ઉહુદની લડાઈમાં આ કમાન તૂટી ગઈ હતી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એક તરકશ – તીરોનું


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભાથું પણ હતું, જેનું નામ 'કાફૂર' હતું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એક ઢાલ પણ હતી. જેના ઉપર ગરૂડની તસવીર હતી. આ ઢાલ જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હદિયો આપવામાં આવી તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એના ઉપર હાથ મૂકી દીધો. એની બરકત અને અલ્લાહ તઆલાની કુદરતથી એ તસવીર ભુંસાઈ ગઈ.

### તલવારો

(૧) ઝુલફિકાર. બદરના દિવસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ તલવાર લીધી હતી. આ તલવાર વિશે જ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ખ્વાબ જોયું હતું કે એની ધાર ખંડિત થઈ ગઈ છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એની તાબીર આ આપી હતી કે લડાઈમાં નુકસાન થશે. અને પછી ઉહુદમાં આ તાબીર સાચી પડી હતી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે આવતાં પહેલાં આ તલવાર મુનબ્બિહ બિન હજ્જાજ સહમી પાસે હતી.

ત્રણ તલવારો બનૂકયનિકાઅના હથિયારોમાંથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લીધી હતી.

(૨) જેમાંથી એકનું નામ કલ્ઈ હતું.

(૩) બીજી એકનું નામ બત્તાર હતું.

(૪) એકનું નામ અલહતફ હતું.

(૫) અન્ય એકનું નામ અલમિખ્દમ હતું.

(૬) એક તલવાર અલ રસૂબ નામની હતી.

(૭) એક તલવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને વાલિદ સાહેબના વારસામાંથી મળી હતી.

(૮) એક તલવાર હઝરત સઅદ બિન ઉબાદહ રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં હદિયો આપી હતી. એને અલગઝબ કહેતા હતા.

(૯) એક તલવાર અલકઝીબ નામની આપ સલ્લલ્લાહુ અલયહિ વ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સલ્લમ પાસે હતી, આ પ્રથમ તલવાર છે જેને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ગળામાં લટકાવી હતી.

(હઝરત અનસ બિન માલિક રદિ. ફરમાવે છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તલવારની મ્યાનનો અણીદાર છેડો ચાંદીનો હતો અને હાથાનું માથું પણ ચાંદીનું હતું અને એમાં ચાંદીની કડીઓ લટકતી હતી.

### બખ્તર

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે બે બખ્તરો હતા. બન્ને બનૂ કયનૂકાઅના હથિયારોમાંથી મળ્યા હતા. એકનું નામ સઅદિય્યહ અને બીજાનું નામ અલફિઝઝહ હતું.

મુહમ્મદ બિન મસ્લમહ ફરમાવે છે કે, મેં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઉહુદના દિવસે બે બખ્તરો પહેરેલા જોયા. એકનું નામ ઝાતુલફુઝૂલ અને બીજાનું નામ ફિઝઝહ હતું. હુનૈનની લડાઈ વેળા પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બે બખ્તરો પહેર્યા હતા. એકનું નામ સઅદિય્યહ અને બીજીનું નામ ઝાતુલ ફુઝૂલ હતું.

કહે છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હઝરત દાવૂદ અલૈ.નું એ બખ્તર પણ હતું, જે જાલૂતના કતલ વેળા એમના શરીર પર હતું.

### ટોપ (માથાનું બખ્તર) અને પટ્ટો

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે અસ્સબૂગ નામનું એક માથાનું બખ્તર પણ હતું. ઉપરાંત કમરે બાંધવાનો એક પટ્ટો પણ હતો. જેમાં ચાંદીની ત્રણ કડીઓ લટકતી હતી.

### ઝંડો

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝંડાનો રંગ કાળો અને નામ ઉકાબ હતું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ચિન્હ સફેદ હતું અને વધુ પડતું ઉમ્મહાતુલ મુઅમિનીન રદિ.ની ઓઢણીનું જ બનાવવામાં આવતું હતું.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૨૩

## નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનાં કપડાંઓ અને ઘરેલુ સામાન

### લિબાસ અને કપડાં

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વફાત વેળા નીચે પ્રમાણે કપડાં છોડયાં હતાં.

(૧) હિબરહના બનેલા બે કપડાં.
(૨) ઉમાનની બનેલી ઈજાર.
(૩) સુહારના બનેલા બે કપડાં.
(૪) સુહારની બનેલી એક કમીસ
(૫) સુહૂલની બનેલી એક કમીસ.
(૬) યમનનો બનેલો જભ્ભો.
(૭) ધારીવાળી એક ચાદર.
(૮) એક સફેદ ચાદર.
(૯) ત્રણ કે ચાર નાની માથે ચોંટી જાય એવી ટોપીઓ.
(૧૦) પાંચ વેંત લાંબી લુંગી.
(૧૧) એક ઓઢવાની ચાદર, વર્સ નામના કલરથી રંગાયેલી.

### ભાથું, થેલો, બિસ્તર વગેરે.

એક ભાથું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હતું અને ચામડાનો એક થેલો પણ હતો. જેમાં આયનો, હાથીદાંતની કાંસકી, સુરમાદાની, કાતર, મિસ્વાક રાખતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું બિસ્તર ચામડાનું હતું જેમાં ખજૂરના પાદડાં ભરેલા હતા.

### પ્યાલાઓ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એક પ્યાલો હતો. જેમાં ચાંદી કે લોઢાની ત્રણ પતરીઓ લાગેલી હતી. કિનારે એક કાણું હતું,


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જેનાથી એને લટકાવતા હતા. આ પ્યાલામાં અડધા 'મુદ' થી વધારે અને પૂરા 'મુદ'થી ઓછું પાણી સમાતું હતું. 'મુદ' તે સમયનું એક માપ છે. આજના પ્રમાણે એક મુદનું વજન ૭૯૬.૬૮ ગ્રામ થાય છે.

એક બીજો પ્યાલો રય્યાન નામનો હતો.

પથ્થરનો એક પ્યાલો મિખ્જબ નામનો પણ હતો.

એક બીજા પ્યાલો પિત્તળનો પણ હતો, જેમાં મહેંદી અને ખિઝાબ ઘોળવામાં આવતો હતો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જયારે માથામાં ગરમીનો અસર અનુભવતા તો આ મહેંદી અને ખિઝાબ માથા પર લગાવવામાં આવતો હતો.

એક કાચનો પ્યાલો પણ હતો.

ઉપરાંત એક તાંબાનું વાસણ હતું જે ગુસલ વેળા ઉપયોગમાં લેવાતું હતું. એક નાનું પ્યાલું પણ હતું.

એક 'સાઅ' પણ હતો. જેના વડે માપીને ફિતરહ આપતા હતા.

એક વાસણ 'મુદ'નું પણ હતું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એક તખ્ત પણ હતો.

## અંગૂઠી

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે ચાંદીની એક વીંટી હતી. જેનો નગીનો પણ ચાંદીનો હતો. એના ઉપર محمد رسول الله કોતરેલું હતું. અમુકનું કથન છે કે વીંટી તો લોઢાની હતી, પણ એના ઉપર ચાંદીનું પડ ચડાવેલું હતું.

## મોજા

હબશાના રાજા નજાશીએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે બે સાદા મોજાઓ મોકલાવ્યા હતા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એને પણ વાપરતા હતા.

## ચાદર

હુઝૂર અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એક કાળી ચાદર


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતી. જે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કોઈને આપી દીધી હતી. હઝરત ઉમ્મે સલ્મહ રદિ. એ પૂછયું કે યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! આપની પેલી ચાદરનું શું થયું ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અરજ કરી કે એ તો મેં આપી દીધી. હઝરત ઉમ્મે સલ્મહ રદિ.એ અરજ કરી કે મારા મા – બાપ આપ ઉપર કુરબાન... એ કાળી ચાદરમાં આપના પવિત્ર શરીરની સફેદી જેટલી સુંદર વસ્તુ મારી નજરોએ નિહાળી નથી.

## અમામહ – પાઘડી

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે 'સહાબ' નામનો એક અમામહ હતો. સામાન્ય પણે એને માથા પર બાંધી રાખતા હતા. પાછળથી હઝરત અલી રદિ.ને અર્પણ કરી દીધો હતો અને હઝરત અલી પણ ઘણી વાર એને માથે બાંધીને આવતા અને બોલતા કે અલી તમારી પાસે 'સહાબ' બાંધીને આવ્યો છે.

## જુમ્અહનો વિશેષ લિબાસ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે દૈનિક પહેરવાના લિબાસ ઉપરાંત બે કપડાં હતા, જે વિશેષ રૂપે જૂમ્અહના દિવસે જ વાપરતા હતા.

## રૂમાલ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એક રૂમાલ પણ હતો. વુઝૂ પછી એના વડે વુઝૂના અવયવો લૂછતા હતા. ઘણીવાર ચાદરના કિનારાથી પણ લૂછી લેતા હતા.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકરણ - ૨૪

# હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત

ઉમ્ર મુબારક : ત્રેસઠ વરસની ઉમરે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત થઈ. ઉમ્ર મુબારક વિશે બે કથનો બીજાં પણ છે. એક પાંસઠ વરસ અને બીજું સાંઈઠ વરસનું. પરંતુ ૬૩ વરસની રિવાયત જ સહી છે.

## વફાતનો સમય

૧૨, રબીઉલ અવ્વલ, સોમવારના દિવસે ચાશતના સમયે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત થઈ. અમુક રિવાયતોથી વફાતની તારીખ ૨, રબીઉલ અવ્વલ માલૂમ પડે છે.

હઝરત ઈબ્ને અબ્બાસ રદિ. ફરમાવે છે કે, તમારા નબીએ અકરમ સોમવારના દિવસે પેદા થયા. સોમવારના દિવસે જ મક્કાથી હિજરત કરી, સોમવારના દિવસે જ મદીના શરીફમાં પ્રવેશ્યા અને સોમવારના દિવસ જ વફાત પામ્યા.

## દફનની રાત :

બુધવારની રાતે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને દફનાવવામાં આવ્યા. એક રિવાયત મંગળવારની રાત્રિની પણ છે.

## મૃત્યુની બીમારી

૧૨ દિવસ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બીમાર રહયા. અમુક ૧૪ દિવસ કહે છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તાવ આવતો હતો. રિવાયતોમાં આવે છે કે إذا جاء نصر الله و الفتح ઉતરવાના પછીથી જ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બીમારી શરૂ થઈ ગઈ હતી, કારણ કે આ સૂરત વફાતની જાણ કરવાના અર્થમાં જ હતી.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

## છેલ્લો ખુત્બો

જુમેરાતના દિવસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માથા મુબારક ઉપર તેલવાળો અમામહ બાંધીને હુજરા શરીફમાંથી મસ્જિદમાં પધાર્યા તો મુબારક ચહેરો પીળો પડી રહયો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મિમ્બર ઉપર બેસીને હઝરત બિલાલ રદિ.ને બોલાવ્યા અને ફરમાવ્યું કે, એલાન કરી દો કે તમારા નબીની નસીહત સાંભળવા ભેગા થઈ જાઓ, કારણ કે આ છેલ્લી નસીહત છે. આ સાંભળતાં જ અબાલ – વૃદ્ધ, સઘળા, જે સ્થિતિમાં હતા, મસ્જિદમાં ભેગા થઈ ગયા. લોકોને ન તો બારણા બંધ કરવાનું ભાન હતું, ન માલ – મતાની ફિકર. બધું ખુલ્લું મુકીને મસ્જિદમાં દોડી આવ્યા. એટલે સુધી કે પરદહનીશન, લાજવંતી કુંવારિકાઓ પણ પોતાના મહબૂબ નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની છેલ્લી નસીહત સાંભળવા ઘરોમાંથી બહાર દોડી આવી.

આવનારાઓથી મસ્જિદ ભરાય ગઈ. જગા ઓછી થઈ પડી, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વારંવાર ફરમાવવું પડયું કે પાછળથી આવનારાઓ માટે કંઈક જગ્યા કરો. પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉભા થયા અને ઘણો જ ઉમદા, અર્થસભર ખુત્બો આપ્યો. અને પછી હજુરા શરીફમાં પરત સિધાવી ગયા. ત્યાર પછી દિવસે દિવસે બીમારી વધતી રહી, અને પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કોઈ ખુત્બો આપ્યો નથી.

## જીવનની છેલ્લી ક્ષણો

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતનો સમય નજીક હતો, ત્યારે પાસે પાણીથી ભરેલો એક પ્યાલો હતો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વારંવાર એમાં હાથ નાખતા અને ચહેરા ઉપર ફેરવતા. અને આ દુઆ દોહરાવતા : أللهم أعني علىٰ سكرات الموت હે અલ્લાહ ! મોતની સખ્તી ઉપર મારી મદદ ફરમાવ.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

### વફાત :

જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત થઈ તો લોકો હુજરા શરીફમાં ભેગા થઈ ગયા. પવિત્ર શરીરને એક સુંદર ચાદરથી ઢાંકી દેવામાં આવ્યું. ફરિશ્તાઓએ શરીર ઢાંકી દીધું હતું, એમ પણ રિવાયતોમાં આવે છે.

### અત્યંત ગમગીની

અમુક સહાબાએ ઘણા જ ગમ – સદમાની અસરમાં આવીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતનો ઈન્કાર કરી દીધો. હઝરત ઉમર રદિ. પણ એમાંના એક હતા. હઝરત ઉસ્માન રદિ. વગેરે ઘણા સહાબાનું બોલવાનું પણ સદમાના કારણે બંધ થઈ ગયું. બીજા દિવસ સુધી એમની ઝબાનથી કોઈ શબ્દ નીકળ્યો નહીં. અમુક લોકો તો સદમાના લઈને બેસી જ ગયા. ઉઠવાની શકિત પણ એમનામાં ન રહી. હઝરત અલી રદિ.નો આ જ હાલ હતો.

આ ઘટના વેળા હઝરત અબ્બાસ રદિ. અને હઝરત અબૂબક્ર રદિ.થી વધારે દઢતા કોઈની ન હતી.

### ગુસ્લ

જયારે સહાબએ કિરામ રદિ.નો ગમ કંઈક ઓછો થયો અને ગુસલ વિશે વાત ચીત કરવા લાગ્યા તો હુજરા શરીફના દરવાજેથી અવાજ સંભળાયો કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તો પાક સાફ જ છે. એમને ગુસલ ન આપશો. ત્યાર પછી બીજી અવાજ સંભળાયી કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ગુસલ આપો. પહેલી અવાજ શયતાનની હતી, હું ખિઝર છું. ત્યાર પછી હઝરત ખિઝરે સહાબએ કિરામથી તઅઝિયત ફરમાવી અને કહયું કે,

અલ્લાહ તઆલા પાસે જ દરેક મુસીબતમાં તસલ્લી છે અને દરેક જનારનો બદલો છે અને દરેક જતી રહેનાર વસ્તુનો અજર છે. માટે અલ્લાહ તઆલા ઉપર જ ભરોસો કરો, એની ઝાતથી જ ઉમીદ રાખો. ખરી મુસીબતમાં તો એ માણસ છે જે સવાબથી મહરૂમ કરી દેવામાં આવે.



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

## ગુસલ કેવી રીતે આપવામાં આવ્યું ?

સહાબા રદિ.નો મત આ બાબતે અલગ અલગ હતો કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પહેરેલાં કપડાંઓમાં જ ગુસલ આપવામાં આવે કે અન્ય મય્યિતોની જેમ કપડાં કાઢીને ગુસલ આપવામાં આવે ?

બધા આ અસમંજસમાં હતા, એ દરમિયાન દરેક ઉપર અલ્લાહ તઆલા તરફથી ઘેન – ઊંઘનો અસર છવાય ગયો, દરેક માણસ નિંદરના નશામાં ચાલ્યો ગયો, અને પછી અવાજ આવી કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને કપડાંઓ સાથે જ ગુસલ આપવામાં આવે. અવાજ સાંભળતા જ બધા ચોંકીને જાગૃત થઈ ગયા અને પછી કમીસ પહેરેલી સ્થિતિમાં જ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ગુસલ આપવામાં આવ્યું.

ગુસલ આપતી વેળા કોઈ અવયવને સહાબા ફેરવવા ચાહતા તો તે અવયવ પોતે જ ફરી જતો. હવાની લહેરખી જેવી પાતળી અવાજ કાનમાં સંભળાતી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે નરમાશથી કામ કરો, ગુસલ આપનારા એકલા તમે જ નથી, અન્યો પણ છે.

## ગુસલ આપનાર સહાબાએ કિરામ રદિ.

● હઝ. અલી બિન અબી તાલિબ રદિ. ● હઝ. અબ્બાસ રદિ. ● હઝ. ફઝલ બિન અબ્બાસ રદિ. ● કુષમ બિન અબ્બાસ રદિ. ● ઉસામહ બિન ઝેદ રદિ. અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ગુલામ ● હઝ. શુકરાન રદિ.● હઝ. ઓસ બિન ખવલી અન્સારી રદિ. પણ આ વેળા ઉપસ્થિત હતા.

હઝરત અલી રદિ.એ પેટ ઉપર હાથ ફેરવ્યો, પણ પેટમાંથી કંઈ નીકળ્યું નહીં. એટલે તેઓ બોલ્યા કે આપ તો જીવતં અને મૃત, દરેક સ્થિતિમાં પાક – સાફ જ રહયા.

## તકફીન (કફન પહેરાવવું)

ત્રણ સફેદ ચાદરોમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને કફન


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પહેરાવવામાં આવ્યું. યમનના એક શહેર સુહૂલની બનેલી આ ચાદરો હતી. કફનમાં કમીસ – અમામહ ન હતાં. ફકત સિલાઈ વગરની ત્રણ ચાદરો જ હતી. મુશ્કની ખુશ્બૂ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે વાપરવામાં આવી હતી. હઝરત અલી રદિ. એ એમાંથી થોડી બચાવી લીધી હતી, એમ કહીને કે મારા મરવા પછી એને વાપરવામાં આવે.

## જનાઝહની નમાઝ

આપની જનાઝહની નમાઝ મુસલમાનોએ અલગ અલગ પઢી. કોઈએ ઈમામત કરાવી નથી. અમુકે એનું કારણ એ દર્શાવ્યું છે કે આમ કરવાથી દરેકને આગવી નમાઝે જનાઝહની સઆદત મળે, કોઈની તાબેદારી – ઈમામતમાં પઢવી ન પડે. અમુકનું કહેવું છે આમ કરવા પાછળ નમાઝનો સમય લાંબો કરવાનો આશય હતો, જેથી બહારથી આવનારા લોકો નમાઝ અને દફન ક્રિયામાં શરીક થઈ શકે.

## તદફીન (દફન ક્રિયા)

કબર શરીફમાં નીચે લાલ કામળી પાથરવામાં આવી. આ કામળી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વધુ પડતી ઓઢતા હતા. શુકરાન રદિ.એ આ ચાદર પાથરી. કબરમાં હઝ. અબ્બાસ રદિ. હઝ. અલી રદિ. હઝ. ફઝલ રદિ. કુષમ રદિ. અને શુકરાન રદિ. ઉતર્યા. એક રિવાયતમાં છે કે હઝ. અબ્દુર્રહમાન બિન અવફ રદિ. પણ કબરમાં ઉતર્યા.

અમુક રિવાયતોમાં છે કે સહાબએ કિરામ રદિ. વચ્ચે દફન કરવાની જગ્યા વિશે અલગ અલગ મંતવ્યો હતાં. અમુકનું કહેવું હતું કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમના નમાઝ પઢવાના સ્થળે દફન કરવામાં આવે. અમુક જન્નતુલ બકીઅમાં દફન કરવાનું કહેતા હતા. હઝ. અબૂબક્ર સિદીક રદિ.એ ફરમાવ્યું કે મેં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ફરમાવતાં સાંભળ્યા છે કે દરેક નબીને તેની વફાતના સ્થળે જ દફન કરવામાં આવ્યા છે. માટે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતના સ્થળે જ આપને દફન કરવામાં આવે.



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

## કબર શરીફ

આ નિર્ણય પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો બિસ્તર એ સ્થળેથી હટાવીને ત્યાં કબર ખોદવામાં આવી. અને કબર ઉપર નવ (૯) કાચી ઈંટો ઢાંકવામાં આવી.

કબર લહદ (બગલી) બનાવવામાં આવે કે નહીં, એ બાબતે પણ મતભેદ હતો, એટલે ફેસલો કરવામાં આવ્યો કે,

મદીના શરીફમાં બે માણસો કબર ખોદે છે.

(૧) હઝ. અબૂ તલ્હા રદિ. તેઓ લહદ (બગલી) કબર બનાવે છે.

(૨) હઝરત અબૂ ઉબૈદહ રદિ., તેઓ લહદ બનાવતા નથી.

આ બેમાંથી જે પહેલા આવે તે એમની રીત પ્રમાણેની કબર બનાવશે.

થોડી વારે હઝ. અબૂ તલ્હા રદિ. આવી ગયા, એટલે કબર શરીફમાં લહદ બનાવવામાં આવી.

કબરની જગ્યાએ હઝરત આઈશહ રદિ.નો હુજરહ (રૂમ) હતો.

## સાહિબૈન રદિ.નો સંગાથ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી આ હુજરહમાં હઝરત અબૂબક્ર રદિ. અને હઝરત ઉમર રદિ.ને પણ દફન કરવામાં આવ્યા.

---

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી કિતાબનો અનુવાદ અત્રે પૂરો થાય છે. દુઆ કરીએ કે અલ્લાહ તઆલા આપણ સૌને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મુહબ્બત, ઈતાઅત, અને અને સુન્નતે નબવી પેરવી અતા ફરમાવે. એમાં જ આપણી દુનિયા – આખિરતની ભલાઈ છે.

بہ مصطفٰی برساں خویش را کہ دیں ہمہ اوست
اگر باو نرسیدی تمام بو لہبی است


Copyright © http://www.muftiahmedkhanpuri.com/